દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 307 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 December 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર ૨૬ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં ‘ફસાવતું’ કૌભાંડ

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) કેનેડાની અમુક કોલેજો દ્વારા ભારતીયોને, ખાસ કરીને ગુજરાતી વિદ્યાર્થીઓને ‘ફસાવવા’ના અને કેનેડામાંથી અમેરિકામાં ઘુસાડવાના કહેવાતા કૌભાંડની તપાસ કરી રહ્યું છે.

કેનેડાની કોલેજોમાં એડમિશનની ‘લાલચ’ આપતા ગુજરાતમાં અંદાજે ૧,૭૦૦ એજન્ટ સહિત દેશમાં આશરે ૩,૫૦૦ એજન્ટ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે અમદાવાદ પોલીસના પ્રથમદર્શી અહેવાલ (એફઆઈઆર)ને ધ્યાનમાં લઈને સંબંધિત તપાસ હાથ ધરી છે.

ઈડી દ્વારા ચાલુ મહિને આ પ્રકરણમાં ગાંધીનગર, વડોદરા, મુંબઈ અને નાગપુરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અગાઉ, ગુજરાતના કેટલાક લોકો કેનેડામાંથી ગેરકાયદે અમેરિકામાં ઘૂસતા મૃત્યુ પામ્યાં હોવાની ઘટના પણ નોંધાઈ છે.

કેનેડા અને અમેરિકાની સરહદની નજીક આવેલી કેનેડાની અમુક કોલેજ વિદ્યાર્થીઓને અમેરિકામાં ગેરકાયદે ઘુસાડવાની પ્રવૃત્તિ કરતી હોવાનું કહેવાય છે. ગુજરાતમાંથી દર વરસે સેંકડો વિદ્યાર્થી કેનેડા ભણવા જાય છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) માનવ તસ્કરી મારફતે કેનેડાની સરહદેથી ગુજરાતી સહિત ભારતીયોને અમેરિકા મોકલવા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કેટલીક કેનેડિયન કૉલેજો અને કેટલીક ભારતીય સંસ્થાઓની સંડોવણીની તપાસ કરી રહી છે. ઈડીએ મંગળવારે આ જાણકારી આપી હતી.

ઈડીની આ તપાસ ગુજરાતના કલોલ તાલુકાના ડિંગુચા ગામના એક જ પરિવારના ચાર સભ્યોનાં મોત સાથે જોડાયેલી છે. આ ગુજરાતી પરિવાર ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ગેરકાયદેસર રીતે કેનેડાથી અમેરિકા સરહદ પાર કરવાનો પ્રયાસ કરતાં સમયે વધુ ઠંડીના કારણે મોતને ભેટ્યો હતો.

મીડિયા અહેવાલો અનુસાર, ઈડીએ મુખ્ય આરોપી ભાવેશ અશોકભાઈ પટેલ અને કેટલાક અન્ય વિરુદ્ધ અમદાવાદ પોલીસની એફઆઈઆરની નોંધ લઈને મની લોન્ડરિંગ ઍક્ટની ફોજદારી કલમો હેઠળ ફરિયાદ નોંધી હતી. ઈડીના કહેવા પ્રમાણે ભાવેશ પટેલ અને અન્યો પર આરોપ છે કે તેમણે માનવ તસ્કરીનો ગુનો કરીને લોકો (ગુજરાતીઓ)ને ગેરકાયદેસર રસ્તાઓના માધ્યમથી કેનેડા મારફતે અમેરિકા મોકલવાનું એક સુઆયોજિત કાવતરું રચ્યું હતું.

તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે તેણે આ કેસમાં ૧૦ અને ૧૯ ડિસેમ્બરના રોજ મુંબઈ, નાગપુર, ગાંધીનગર અને વડોદરામાં આઠ સ્થળોએ નવેસરથી શોધખોળ હાથ ધરી હતી. ઈડીએ જણાવ્યું હતું કે તપાસમાં બહાર આવ્યું છે કે બે સંસ્થાઓ જેમાંથી એક મુંબઈ અને બીજી નાગપુરમાં આવેલી છે. તેણે કમિશનના આધાર પર વિદેશોમાં સ્થિત યુનિવર્સિટીઓમાં ભારતીયોના પ્રવેશ માટે એક ‘‘કરાર’’ કર્યો હતો. ઇડીએ કહ્યું હતું કે તાજેતરની તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને એક સંસ્થા દ્વારા અને ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને બીજી સંસ્થા દ્વારા દર વર્ષે ભારતની બહાર સ્થિત વિવિધ કોલેજોમાં મોકલવામાં આવી રહ્યા છે. એવું જાણવા મળ્યું છે કે ગુજરાતમાં લગભગ ૧,૭૦૦ એજન્ટો/ભાગીદારો છે અને સમગ્ર ભારતમાં અન્ય સંસ્થાઓના લગભગ ૩,૫૦૦ એજન્ટો/ભાગીદારો છે જેમાંથી લગભગ ૮૦૦ એક્ટિવ છે. સાથે એ પણ જાણવા મળ્યું છે કે કેનેડા સ્થિત લગભગ ૧૧૨ કોલેજોએ એક સંસ્થા સાથે અને ૧૫૦ થી વધુ કોલેજોએ બીજી સંસ્થા સાથે કરાર કર્યા છે. તાત્કાલિક કેસમાં તેમની સંડોવણીની તપાસ કરવામાં આવી રહી છે.

ઇડીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, ‘‘આને ધ્યાનમાં રાખીને કેનેડા સ્થિત કોલેજો દ્વારા મેળવેલી ફી વ્યક્તિઓના ખાતામાં પરત કરવામાં આવી હતી.‘‘ નિર્દોષ ભારતીયોને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવા માટે ‘‘લાલચ‘‘ આપવામાં આવી હતી અને વ્યક્તિ દીઠ ૫૫ થી ૬૦ લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. આ વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં ગુજરાતી પરિવારના મોતના કેસમાં સુનાવણી શરૂ થઈ હતી. માનવ તસ્કરીના આ કેસના એક સાક્ષીએ કોર્ટને જણાવ્યું કે તે માનવ તસ્કરી મારફતે ૫૦૦થી વધુ ભારતીય પ્રવાસીઓને અમેરિકા લાવ્યો હતો.

## મધ્ય પ્રદેશમાં બે નદી જોડવાના પ્રકલ્પનું મોદી દ્વારા લોકાર્પણ





**નદીઓ જોડવાની યોજના :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન મોહન યાદવ સાથે મધ્ય પ્રદેશના ખજુરાહો ખાતે કેન-બેતવા રિવર લિન્કીંગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતી નિમિત્તે અંજલી આપી હતી.

ખજૂરાહો (મ.પ્ર): મધ્ય પ્રદેશમાં બે નદી (કેન-બેતવા)ને જોડવાના પ્રકલ્પનું લોકાર્પણ કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે દેશના જળસ્રોતોના વિકાસમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા યોગદાનની કૉંગ્રેસે અવગણના કરી હતી.

ખજૂરાહો ખાતે એક કાર્યક્રમને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે ૨૧મી સદીમાં પાણીના પૂરતા સ્રોતો ધરાવતા અને તેનું યોગ્ય વ્યવસ્થાપન કરતા દેશ જ પ્રગતિ કરી શકશે.

ગૃહ પ્રધાન અમિત શાહે આંબેડકર અંગે કરેલા નિવેદન બાદ વિપક્ષે એ મામલે કરેલા રાષ્ટ્રવ્યાપી વિરોધ વચ્ચે મોદીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

દેશના પાણીના સ્રોતોને વધુ સક્ષમ કરવામાં તેમ જ તેનું વ્યવસ્થાપન કરવામાં તેમ જ બંધ બાધવામાં આંબેડકરની દૂરંદેશીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનું મોદીએ કહ્યું હતું. મહત્ત્વના રિવર વેલી પ્રોજેક્ટ અને સેન્ટ્રલ વૉટર કમિશનની રચના કરવામાં પણ આંબેડકરે મહત્ત્વની ભૂમકા ભજવી હોવાનું તેમણે કહ્યું હતું.

પાણીના સંગ્રહની દેશની વધતી જરૂરીયાત પર કૉંગ્રેસે ક્યારેય ધ્યાન આપ્યું નહોતું એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે આંબેડકરને ક્યારેય વૉટર કન્ઝર્વનિસ્ટ તરીકે નહોતા જોયા.

૨૧મી સદીનો સૌથી મોટો પડકાર જળસુરક્ષા છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ૨૧મી સદીમાં પાણીના પૂરતા સ્રોતો ધરાવતા અને તેનું યોગ્ય વ્યવસ્થાપન કરતા દેશ જ પ્રગતિ કરી શકશે.

આ પ્રસંગે મોદીએ ખંડવા જિલ્લાના ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન અને બે નદી જોડવાના પ્રોજેક્ટના ભાગરૂપ દાઉધાન સિંચાઈ યોજનાનું શિલારોપણ પણ કર્યું હતું. કેન્દ્રના જળસંસાધન ખાતાના પ્રધાન સી. આર. પાટીલ અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે કેન તેમ જ બેતવા નદીના પાણીના જુદા જુદા બે કળશ મોદીને સોંપ્યા હતા અને ત્યાર બાદ મોદીએ આ બંને કળશનું પાણી પ્રોજેક્ટના મૉડેલ પર રેડ્યું હતું.

કૉંગ્રેસ અને સુચારુ વહીવટને એકમેક સાથે કોઈ લેવાદેવા ન હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે અગાઉની કૉંગ્રેસ સરકારોએ શિલારોપણ વિધિ કર્યા બાદ પણ પ્રોજેક્ટને ૩૫થી ૪૦ વર્ષ રખડાવ્યા હતા.

કેન-બેતવા નદીને જોડતો આ પ્રોજેક્ટ બુંદેલખંડ વિસ્તારમાં સમૃદ્ધિ અને ખુશીના નવા દ્વાર ખોલશે, એમ તેમણે કહ્યું હતું.

અંદાજે રૂ. ૪૪,૬૦૫ કરોડનો ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટને કારણે મધ્ય પ્રદેશના ૧૦ જિલ્લાના ૪૪ લાખ લોકો અને ઉત્તર પ્રદેશના ૨૩ લાખ એમ કુલ ૬૭ લાખ લોકોને પીવાનું પાણી મળશે.

આ પ્રોજેક્ટને કારણે ૨,૦૦૦ ગામડાંનાં ૭.૧૮ લાખ કૃષિ પરિવારોને લાભ થશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૩ મૅગાવૉટ હાઈડ્રોપાવર અને ૨૭ મૅગાવૉટ સૌરઊર્જાનું ઉત્પાદન કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

દિવંગત ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મ શતાબ્દી નિમિત્તે તેમની યાદમાં મોદીએ સ્ટેમ્પ અને સિક્કા પણ બહાર પાડ્યા હતા.

દેશની સિંચાઈની જરૂરીયાતો તેમ જ પાણીની સમસ્યા અને પૂરની પરિસ્થિતિનો ઉકેલ લાવવા વાજપેયી સરકારે નદીઓને જોડવાની યોજનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મોદીએ રૂ. ૪૩૭ કરોડને ખર્ચે તૈયાર થનારા ૧,૧૫૩ અટલ ગ્રામ સેવા સદનની યોજનાનું પણ ભૂમિપૂજન કર્યું હતું. (એજન્સી)

## અઝરબૈજાનનું વિમાન તૂટી પડ્યુંઃ ૪૨નાં મોત



વિમાન દુર્ઘટના : બુધવારે અઝરબૈજાનથી રશિયા જતું અઝરબૈજાન એરલાઈન્સનું વિમાન એમ્બ્રેયર ૧૯૦ ખઝાકસ્તાનના અકતૌ હવાઈમથકની નજીકના મેદાન પર તૂટી પડ્યું હતું. તસવીરમાં વિમાનના અવશેષો દેખાય છે. (પીટીઆઈ)

નવી દિલ્હીઃ અઝરબૈજાન ઍરલાઈન્સનું વિમાન કઝાખસ્તાનના અખતાઉ શહેર પર તૂટી પડ્યું હોવાની ઘટનામાં ઓછામાં ઓછા ૪૨ જણનું મોત થયું હોવાનું કઝાખસ્તાનની ઈમરજન્સી મિનિસ્ટ્રીએ કહ્યું હતું. અત્યાર સુધીમાં ચાર મૃતદેહ કબજે કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

દુર્ઘટનાના સમયે વિમાનમાં પાંચ ક્રૂ મેમ્બર સહિત ૬૭ જણ હોવાનું મિનિસ્ટ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

એમ્બ્રાર ૧૯૦ ઍરક્રાફટે અઝરબૈજાન શહેરથી ત્રણ કિ.મી.ને અંતરે તાકીદનું ઉતરાણ કર્યું હોવાનું ઍરલાઈન્સે અગાઉ જણાવ્યું હતું.

વિમાન અગાઉથી નિર્ધારિત કર્યા મુજબ અઝરબૈજાનની રાજધાની બાકુથી રશિયાના નોર્થ કૉકાસસના ગ્રૉન્ઝી શહેર જવાનું હતું.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં વિમાને ઝડપથી ઉતરાણ કર્યું હતું અને જમીન સાથે ટકરાયા બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું.

અન્ય એક વીડિયોફૂટેજમાં વિમાનની સીડી તેની પાંખ અને વિમાનથી છૂટી પડી ગઈ હતી અને જમીન પર પડેલી જોવા મળી હતી.


અન્ય એક વીડિયોમાં વિમાનનો રંગ અને રજિસ્ટ્રેશન નંબર પણ જોવા મળ્યો હતો. વિમાનનું જીપીએસ જામ થઈ ગયું હોવાને કારણે વિમાનમાંથી યોગ્ય ડેટા ટ્રાન્સિમીટ કરી શકાતો નહોતો. ભૂતકાળમાં રશિયા પર મોટા પ્રમાણમાં જીપીએસ ટ્રાન્સમિશન જામ કરવાનો આરોપ મુકાયો હતો. (એજન્સી)

## જલંધર-જમ્મુ નેશનલ હાઈવે પર ભયાનક અકસ્માતઃ ૨૦ ઈજાગ્રસ્ત

હોશિયારપુરઃ પંજાબમાં જલંધર જમ્મુ નેશનલ હાઈવે પર કુરાલા ગામ નજીક ખેતરમાં એક ખાનગી બસ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૨૦ મુસાફરો ઘાયલ થયા હતા, એવું પોલીસે જણાવ્યું હતું. ટાંડા પોલીસ સ્ટેશનના પ્રભારી ગુરવિંદરજીત સિંહે જણાવ્યું હતું કે નવ ઘાયલ મુસાફરોને દસૂયાની સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૧ને સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ ચાર મુસાફરોને અહીંની દસૂયા સિવિલ હૉસ્પિટલમાંથી હોશિયારપુરની સરકારી હૉસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ઘાયલોને ટાંડાની સીએચસી ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે બસ પઠાણકોટથી જલંધર જઈ રહી હતી. એસએચઓ સિંહે કહ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કુરાલા ગામ પાસે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો.

## ઉત્તર ભારતમાં શીત લહેર ■ લદાખમાં માઈનસ ૨૦.૩ ડિગ્રી







**શીત લહેર :** ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાની હર્સિલ ખીણમાં નવી હિમવર્ષા થતાં પદયાત્રીઓને બરફથી ઢંકાયેલા રોડ પર ચાલવું પડ્યું હતું. હિમવર્ષાને લીધે આ જ ખીણમાં એક બાઈક બરફથી ઢંકાઈ ગઈ હતી. (પીટીઆઈ)

શ્રીનગર/ચંડીગઢ/જયપુર : જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ તેમ જ ઉત્તરાખંડમાં હિમવર્ષા ચાલુ રહેતા ઉત્તર ભારતમાં ઠંડી વધી હતી. પંજાબ, હરિયાણા,રાજસ્થાન, ગુજરાત સહિતનાં અનેક રાજ્યોમાં તાપમાન ઘણું ઘટી ગયું હતું. લદાખના ન્યોમામાં ઠંડી માઇનસ (-)૨૦.૩ અંશ સેલ્સિયસ નોંધાઇ હતી. હિમાચલ પ્રદેશમાં તો અનેક જિલ્લામાં હિમવર્ષા થતાં ત્રણ નેશનલ હાઈવે સહિત કુલ ૨૨૬ રોડ બંધ થઈ ગયા હતા.

કાશ્મીર ખીણમાં કાતિલ ઠંડી પડતાં મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન ઘટ્યું હતું અને આને પગલે અનેક જળાશયો અને પાણી પુરવઠાની લાઈન થીજી ગઈ હતી. શ્રીનગરમાં મંગળવારે રાત્રે માઈનસ ૭.૩ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું જતું રહ્યું હતું, જે સોમવારની રાતના માઈનસ ૬.૬ ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ ઓછું હતું. હવામાન ખાતાએ એવી આગાહી કરી છે કે આગામી બે દિવસમાં કાશ્મીરમાં ન્યૂનતમ ઉષ્ણતામાન વધુ બે-ત્રણ ડિગ્રી ઘટી શકે,

ગુલમર્ગના અપવાદ સિવાય કાશ્મીર ખીણના બીજા બધા હવામાન સ્ટેશનમાં તાપમાન નીચે ગયું હતું.

કાશ્મીર હાલમાં ૪૦ દિવસના સૌથી આકરી ઠંડીના સમયગાળા નામે ‘ચિલ્લાં-કાલન’ની પકડમાં છે જેની શરૂઆત ૨૧ ડિસેમ્બરથી થઈ. કાશ્મીરની ખીણનું મહત્તમ અને લઘુતમ ઉષ્ણતામાન સામાન્ય કરતાં નીચે જતું રહ્યું છે. પારો નીચે જવાથી પાણી પુરવઠાની લાઈન પણ થીજી ગઈ છે અને દાલ લેક સહિત જળાશયોની સપાટીને બરફના પાતળા પડે ઢાંકી દીધી છે. શ્રીનગર ઉત્તર કાશ્મીરના સહેલાણીના રિસોર્ટ નગર તરીકે જાણીતા ગુલમર્ગ કરતાં પણ વધારે ઠંડું હતું. ગુલમર્ગમાં સોમવારની રાત્રે તાપમાન માઈનસ ૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, પરંતુ મંગળવારની રાત્રે તે વધીને માઈનસ ૬.૬ ડિગ્રી સેલ્સિયસ થયું હતું. વાર્ષિક અમરનાથયાત્રાનો બેઝ કેમ્પ જ્યાં છે એ દક્ષિણ કાશ્મીરના પહલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હિમાચલ પ્રદેશના જોતમાં લઘુતમ તાપમાન નીચે ગયું હતું જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ સેન્ટિમીટર બરફ પડ્યો હતો. ત્યાર બાદ ખડરાલામાં પાંચ સેન્ટિમીટર, પુહમાં બે સેન્ટિમીટર, સંગલામાં ૧.૨ સેન્ટિમીટર અને કેલાંગમાં એક સેન્ટિમીટર હિમપાત થયો હતો. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા પ્રમાણે શિમલા જિલ્લામાં ૧૨૩ રોડ, લાહૌલમાં ૩૬ અને સ્પિતીમાં ૨૫ રોડ બંધ થયા છે. દરમિયાન પંજાબ અને હરિયાણા પણ ઠંડીથી ઠુઠવાતા હતા. ફરિદકોટમાં લઘુતમ તાપમાન ૪.૨ ડિગ્રી સેલ્સિયસ હતું જે રાજ્યનું સૌથી નીચું હતું. પંજાબના અમૃતસરમાં લઘુતમ તાપમાન ૫.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. ચંડીગઢમાં લઘુતમ તાપમાન ૭.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

દરમિયાન રાજસ્થાનના અનેક વિસ્તારોમાં કાતિલ ઠંડી હતી અને ગાઢ ધુમ્મસ ફેલાયું હતું. ૨૬ ડિસેમ્બરથી નવા તૈયાર થનારા વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે ઉદયપુર, અજમેર, કોટા, જયપુર, ભરતપુર અને બિકાનેર ડિવિઝનમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી છે. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુઓ સંઘ-ભાજપના ખૂંટે બંધાયેલાં ઢોર નથી

**ભારતમાં** મુસ્લિમોનાં ધર્મસ્થાનો પરના દાવા વધતા જાય છે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે આપેલા નિવેદનના કારણે બબાલ થઈ ગઈ છે. મોહન ભાગવતે હિંદુઓને સલાહ આપી છે કે, દેશમાં દરેક મસ્જિદ નીચે મંદિરો શોધવાની જરૂર નથી અને હિંદુઓએ આ મુદ્દાને હવે બાજુ પર મૂકવાની જરૂર છે. મોહન ભાગવતે કટાક્ષ પણ કર્યો કે, રામ મંદિરના નિર્માણ પછી કેટલાક લોકોને લાગે છે કે નવી જગ્યાએ મંદિર તોડીને મસ્જિદ બનાવાઈ હતી એવા અયોધ્યાની બાબરી મસ્જિદ-રામ જન્મભૂમિ વિવાદ જેવા સમાન મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકે છે, પણ આ અસ્વીકાર્ય છે. કોઈને આ રીતે ધાર્મિક મુદ્દા ભડકાવીને નેતા બનવાની મંજૂરી ના આપી શકાય.

ભાગવતના નિવેદન સામે હોબાળો મચી ગયો છે. એક તરફ સાધુ-સંતો મેદાનમાં આવી ગયા છે અને ભાગવતના નિવેદનની આકરી ઝાટકણી કાઢી રહ્યા છે તો બીજી તરફ સોશિયલ મીડિયા પર પણ લોકો ભાગવતની ટીકા કરી રહ્યા છે. સાધુ-સંતોના સંગઠન અખિલ ભારતીય સંત સમિતિ (એબીએસએસ)એ મોહન ભાગવતને સલાહ આપી છે કે, મંદિર-મસ્જિદ ધાર્મિક મુદ્દો છે અને આવા મુદ્દા પર ધર્માચાર્યોનો નિર્ણય જ અંતિમ રહેશે તેથી તમે મહેરબાની કરીને દૂર રહો.

તુલસી પીઠના વડા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે તો ભાગવતની વાતનું કોઈ મહત્ત્વ જ નથી એવું આડકતરી રીતે કહી દીધું છે. મહારાજનું કહેવું છે કે, ભાગવતનું નિવેદન વ્યક્તિગત હોઈ શકે છે અને હિંદુઓએ તેમની વાતને સ્વીકારવી ફરજિયાત નથી કેમ કે ભાગવત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંચાલક છે, હિન્દુ ધર્મના નહીં. મહારાજે તો ત્યાં લગી કહી દીધું છે કે, મોહન ભાગવત મુસ્લિમોનું તુષ્ટીકરણ કરી રહ્યા છે અને પોતે, મોહન ભાગવતના નિવેદનથી સહમત નથી કેમ કે તેમને હિન્દુ ધર્મ અંગે બહુ ખબર નથી. રામભદ્રાચાર્ય મહારાજે તો એમ પણ કહ્યું છે કે, અમે મોહન ભાગવતના અનુશાસક છીએ, તેઓ અમારા અનુશાસક નથી.

જ્યોતિષપીઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વારનંદે પણ મોહન ભાગવતની ટીકા કરીને કહ્યું છે કે, ભાગવત તેમની અનુકૂળતા મુજબ રાજકારણને અનુસરે છે અને કંઈ પણ બોલ્યા કરે છે. ભાજપને જ્યારે વોટની જરૂર હતી ત્યારે તેઓ માત્ર મંદિરોની વાત કરતા હતા અને હવે કહી રહ્યા છે કે દરેક મસ્જિદની નીચે મંદિરની શોધ ના કરવી જોઈએ. સત્તા મેળવવાની હતી ત્યારે તેઓ મંદિર-મંદિર કરતા હતા. હવે સત્તા મળી ગઈ તો મંદિર નહીં શોધવાની સલાહ આપી રહ્યા છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ તો આક્રમણખોરો દ્વારા નષ્ટ કરાયેલાં મંદિરોની યાદી તૈયાર કરાવવાની અને આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયા (એએસઆઈ) દ્વારા આ માળખાંના સર્વે કરાવીને હિંદુઓનું ગૌરવ પાછું અપાવવાની અપીલ કરી છે. તેમના કહેવા પ્રમાણે, હિન્દુઓએ અનેક અત્યાચાર સહન કર્યા છે અને જો હિન્દુઓ તેમનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા માગતા હોય તો તેમાં કશું ખોટું નથી. મુસ્લિમ આક્રમણખોરો દ્વારા હિન્દુઓનાં ધર્મસ્થળોને તોડવામાં આવ્યાં હતાં અને હવે આક્રમણકારીઓએ નાશ કરેલાં મંદિરોની યાદી બનાવીને હિન્દુ ગૌરવને પાછું લાવવા માટે આ મંદિરોનું પુનઃ નિર્માણ કરાવવું જોઈએ.

હિંદુવાદીઓનું કહેવું છે કે, ભાગવત સૂફિયાણી સલાહ આપી રહ્યા છે ને બીજી તરફ ૫૬ નવાં સ્થળો એટલે કે મસ્જિદો ઊભી છે ત્યાં મંદિરો હતાં તેના પુરાવા મળી આવ્યા છે. આ પુરાવા દર્શાવે છે કે મંદિર-મસ્જિદ વિવાદમાં હિંદુઓને ન્યાય અપાવવો જરૂરી છે. સોશિયલ મીડિયા પર પણ મોહન ભાગવતના નિવેદનની ટીકા થઈ રહી છે. લોકો લખી રહ્યા છે કે, પહેલાં સંઘ પરિવારના લોકો જાગો હિન્દુ જાગોની હાકલ કરતા હતા. હવે હિન્દુ જાગી ગયા છે તો કહે છે કે સૂઈ જાવ. લોકો સંઘ પર બેવડાં ધોરણોનો આક્ષેપ પણ કરી રહ્યા છે.

સંઘ બેવડાં ધોરણો ધરાવે છે એ સાવ સાચી વાત છે અને હિંદુઓનાં નહીં, પણ ભાજપનાં હિતો સાચવવા માટે જ બધું કરે છે એ પણ એટલી જ સાચી વાત છે. સંઘને હિંદુઓની નહીં, પણ નરેન્દ્ર મોદીની વધારે ચિંતા હોય એવું લાગે છે. ભાગવતે હિંદુઓને સૂફિયાણી સલાહ આપવા માટે પસંદ કરેલો સમય જોતાં તો એવું જ લાગે છે. નરેન્દ્ર મોદી કુવૈતના પ્રવાસે ગયા એ વખતે જ ભાગવતે હિંદુઓને આ સૂફિયાણી સલાહ આપી એ યોગાનુયોગ નથી જ. ભારતમાં મુસ્લિમો સહિતની લઘુમતીઓને દબાવાય છે એવા આક્ષેપો મુસ્લિમ રાષ્ટ્રો દ્વારા કરાય છે. હિંદુવાદી સંગઠનો મુસ્લિમોને દબાવવા મથે છે એવી વાતો અમેરિકા સહિતના દેશોમાં વગદાર અને કહેવાતા સેક્યુલરો કરે છે. આ વાત ખોટી છે અને હિંદુવાદી સંગઠનો મુસ્લિમો તરફ અસહિષ્ણુ નથી એ વાત સાબિત કરવાની મથામણના ભાગરૂપે આ નિવેદન કરાયું એ સૌથી સ્પષ્ટ છે.

ભાજપ અને સંઘનાં બેવડાં ધોરણોનો બીજો પુરાવો નરેન્દ્ર મોદીને મુસ્લિમ રાષ્ટ્રો તરફથી મળી રહેલા નાગરિક સન્માનો છે. બીજી તરફ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારો સામે ચુપકીદી છે. હમણાં કુવૈતે મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન આપ્યું તેમાં તો મોદીએ બહુ મોટી સિદ્ધિ મેળવી હોય એ રીતે ભાજપે તેનો પ્રચાર કર્યો. મોદીને અત્યાર સુધી કયા કયા ૮ મુસ્લિમ દેશોનાં સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યાં છે તેના ફોટા સાથેની પોસ્ટ મૂકીને સોશિયલ મીડિયા પર વાહવાહી કરી દેવાઈ.

કુવૈત સહિતના મુસ્લિમ દેશો હળાહળ કોમવાદી છે અને ધર્માંધતાને પોષનારા છે. એ દેશોમાં હિંદુઓની વાત છોડો, પણ બહારના મુસ્લિમો પણ નાગરિક નથી બની શકતા. જાહેરમાં બીજો ધર્મ પાળવાની છૂટ નથી. એવા દેશોનું સર્વોચ્ચ નાગરિક સન્માન મળે તેમાં કઈ સિદ્ધિ? તેની વાહવાહી કરવાના બદલે બાંગ્લાદેશમાં ને મણિપુરમાં હિંદુઓની કત્લેઆમ થઈ રહી છે તેની વાત કરો ને.

ભાગવતની એ વાત સૌથી હાસ્યાસ્પદ છે કે, રામ મંદિરના નિર્માણ પછી કેટલાક લોકોને લાગે છે કે તેઓ નવી જગ્યાએ સમાન મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકે છે અને આ વાત અસ્વીકાર્ય છે. કેમ ભાઈ? મંદિર-મસ્જિદના વિવાદ ઊભા કરીને નેતા બનવાનો ઠેકો તમે જ લીધો છે? તમે કહો એ જ મુદ્દે હિંદુઓ આંદોલનો કરે ને તમે ના પાડો એટલે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જાય? હિંદુઓ તમારા ખૂંટે બંધાયેલાં ઢોર નથી કે તમે કહો એટલે ચારો-પાણી કરવા જતા રહે ને તમે બાંધો એટલે ખૂંટે બંધાઈ જાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, ગુરુવાર, તા. ૨૬-૧૨-૨૦૨૪, સફલા એકાદશી (તલ)

- ભારતીય દિનાંક ૫, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો,માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ સાંજે ક. ૧૮-૦૯ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૭-૩૬, રાત્રે ક. ૨૧-૫૧
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૨ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - એકાદશી. સફલા એકાદશી (તલ) લવણદાન ક.૨૨.૨૦ સુધી. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાયુદેવતાનું પૂજન, રાહુદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સત્યનારાયણ દેવતાનું પૂજન કથા-વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી દત્તાત્રેય મંદિર દર્શન, પૂજા, ગુરુગ્રહ દેવતાનું પૂજન, રાહુદેવતાનું પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, વિદ્યારંભ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી, વાહન, માલ લેવો, દુકાન-વેપાર, પશુ લે-વેંચ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી. નવી તિજોરીની સ્થાપના, હજામત.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ કર્મઠ સ્વભાવ, બુધ-ગુરુ પ્રતિયુતિ સામાન્ય તર્કશક્તિ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, બુધ-ગુરુ પ્રતિયુતિ (તા. ૨૭)
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મહોબ્બત ખુદા હૈ...! મોમીનનો અર્થઃ સૌ સાથે પ્રેમ-મહોબ્બત

**ઈસ્લામ** દિન સાથે દુન્યવી જીવનમાં માર્ગદર્શન આપતો વિશ્વના મહાન ધર્મો પૈકીનો એક છે. તેણે આપેલી હિદાયત-શિક્ષણ પર સાચા અર્થમાં અમલ કરવામાં આવે તો જીવનમાં ઊભા થતા અનેક અટપટા પ્રશ્નો-સમસ્યાઓનું નિરાકરણ સરળતાથી પાર કરી શકાય!

- દાખલા તરીકે ‘યકીન’ અર્થાત્ વિશ્વાસ રાખવો-કરવો તે ઈન્સાનના જીવનમાં ઘણી અગત્યતા ધરાવે છે. આ યકીનની ચાર શાખાઓ છેઃ

૧- હકીકતે ફિતનત (જ્ઞાનની સત્યતા)માં વિચાર કરવો,
૨- રમુઝેદાનીશ (જ્ઞાનના ભેદો) પ્રાપ્ત કરવા,
૩- દુનિયામાં થતા બનાવો પરથી ચેતવણી તથા શિખામણ લેવી,
૪- થઈ ગયેલા લોકોનો રસ્તો કેમકે જે ઈન્સાન.

* ફીતનત-(જ્ઞાન)ની સત્યતાના કારણથી દેખતો થાય તે
* હીકમત એટલે તત્ત્વસાર અને સર્વ ભેદોને પામે છે,

- અને જ્યારે તે સર્વ ભેદોને પામે છે ત્યારે તે શિખામણ તથા ચેતવણી લે છે અને જ્યારે ચેતવણી લેવાય છે ત્યારે આગળની ઉમ્મત-પ્રજાના લોકોમાંથી છે એમ ગણાય છે અને અદલ-સચ્ચાઈની ચાર શાખાઓ છેઃ

૧- ફેહમે બારીક (ઊંડી સમજ),
૨- ઈલ્મે અમીક (ઊંડું જ્ઞાન)
૩- ખુબીએ હકમ (ફેસલો આપવાની ખૂબી)
૪- મતબુઈએ હિલ્મ (નમ્રતાની તાબેદારી-આજ્ઞાપાલન)

- કેમ કે જે માણસ ઊંડી સમજ ધરાવે છે તે ઊંડા જ્ઞાનને એટલે તત્ત્વજ્ઞાનને પામે છે અને જે તત્ત્વજ્ઞાન પામે છે તે ફેસલો આપવાના આઈનોને પ્રાપ્ત કરે છે અને જે માણસ નમ્ર હોય છે તે હદથી વધી જતો નથી અને લોકોમાં પ્રસંશા પ્રાપ્ત જીવન ગાળે છે.

- જેહાદ (દિન-ધર્મના માર્ગમાં મહેનત)ની પણ ચાર શાખાઓ છેઃ

૧- નેકી (ભલાઈ, સજ્જનતા)નો હુકમ કરવો,
૨- હુકમોની મનાઈ કરવી,
૩- રણસંગ્રામમાં દૃઢ રહેવું,
૪- દુષ્ટો પ્રત્યે દ્વેષ રાખવો, કેમ કે

* જે માણસ નેકીનો- પ્રમાણિકતાનો હુકમ કરે છે તે ઈમાનદારી-સચ્ચાઈની પીઠોને મજબૂત કરે છે અને
* જે માણસ કુકર્મોની મનાઈ કરે છે તે કાફર-નાસ્તિક, નિર્દયોનું અપમાન કરે છે અને તેમને હલકા પાડે છે.
* જે માણસ રણસંગ્રામમાં દૃઢ રહે છે તે વાજીબ-સત્યહકને બજાવી લાવે છે, પૂર્ણ કરે છે અને
* જે માણસ દુષ્ટો પ્રત્યે દ્વેષ રાખે છે અને તે માત્ર અલ્લાહના-ઈશ્વર-ગોડના ધર્મની ખાતર ક્રોધાયમાન થાય છે, તો તેવા શખસની હિમાયત-તરફદારીમાં અલ્લાહ તેના દુશ્મન ઉપર ક્રોધાયમાન થાય છે અને કયામત (ન્યાયન)ના દિવસે અલ્લાહ ભલાઈ કરનારને પોતાની રહમત-દયાથી ખુશ કરશે.

- કુફ્ર (નાસ્તિક)ના ચાર અરકાન (સ્તંભ) છેઃ

૧- સત્ય શોધી કાઢવાના વિચારથી વહેમ-સંદેહને અનુસરવું અર્થાત્ વહેમની પયરવી કરવી,
૨- સત્ય શોધવાના વિચારથી લોકોની સાથે નક્કામો વાદ-વિવાદ કરતા રહેવું,
૩- સત્ય વાતથી મોઢું ફેરવવું અને
૪- બહેસ (વાદ-વિવાદ) કરવાના કારણથી લોકોની સાથે દ્વેષ રાખવો...

- તો જે ઈન્સાન સત્ય શોધવાના વિચારથી વહેમ અને સંદેહને અનુસરી ચાલે છે તે કદી હક (સત્ય)ની તરફ ફરતો નથી અને
- જે માણસ અજ્ઞાન હોય છતાં ઘણો વાદ-વિવાદ કરે છે તે સર્વદા સત્યને પામવાથી અંધ રહે છે.
- જે માણસ સત્યથી મોઢું ફેરવે છે તેને ‘ભૂંડું તે ભલું અને ભલું તે ભૂંડું’ દેખાય છે અને તે સર્વદા- અવળે માર્ગે ચઢેલો રહે છે અને
-જે માણસ લોકોની સાથે દ્વેષ ભાવ રાખે છે તે હંમેશાં વિકટ પરિસ્થિતિમાં જ રહે છે, તેને મુક્તિ અને છુટકારાની કોઈ બારી દેખાતી નથી.

* લોભ માણસની ઈજ્જતને બરબાદ કરે છે અને તેની રોજી-આવકમાં વધારો કરતો નથી.
* તૌબા (પ્રાયશ્ચિત) કરવી ગુનાહ દૂર કરવાની દુઆ (પ્રાર્થના) છે.
* બક્ષીસ-(અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવો) ગુનાહોને ઢાંકે છે.
* સાચો એ છે કે જે પોતાના અયબ (છૂપી ખરાબી-ભેદ)ને કબૂલ કરે અને નાકીસ (ખોટો, જુઠ્ઠાડો)એ છે જે પોતાના અયબ-દોષ ન જુવે.
* ગુસ્સો-ક્રોધ ઈન્સાનને હલાક (મૃત્યુ) કરે છે અને
* અયબ (કમજોરી-ખરાબી)ખુલ્લા કરે છે.
* બખીલ (કંજુસ) હંમેશાં બેઈજ્જત થાય છે અને
* હસદ-ઈર્ષા કરનાર હંમેશાં ‘‘બીમાર’’ છે.

### બોધઃ

- જેવો સંબંધ શરીરનાં અવયવોનો એક બીજા સાથે છે, અથવા જેવો સંબંધ દીવાલની ઈંટોનો એક બીજી ઈંટો સાથે જોડાયેલ છે તેવો જ સંબંધ એક સમાજના બધા લોકોનો એક બીજા સાથે છે.

* જેવી રીતે દીવાલની દરેક ઈંટ બીજી ઈંટ સાથે જોડાયેલી હોય છે, તેવી જ રીતે શરીરનાં અવયવો એક બીજાની મદદ કરે છે.
* જ્યારે શરીરના કોઈ એક ભાગમાં તકલીફ થાય છે ત્યારે શરીરના બીજાં અવયવો પણ તકલીફ અનુભવે છે.
* તેવી જ રીતે સમાજની દરેક વ્યક્તિ સમાજરૂપી આકાશનાં તારલા-સીતારા હોય છે.

- સમાજના તમામ લોકોને સુખી રાખવા માટે રોજી અને ખોરાકની જરૂરત પૂરી કરવી જરૂરી હોય છે, તેવી જ રીતે સમાજની ઈજ્જત-આબરૂ જાળવી રાખવી પણ બહુ જ જરૂરી હોય છે.

* આ વાતથી એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે
* સમાજના લોકો એક બીજાની ગીબત (નિંદા) કે ચાડીચૂગલ ખોરી કરે તો બીજી વ્યક્તિઓની ઈજ્જત-આબરૂને બટ્ટો લાગે છે. આવી નિંદા કરનાર વ્યક્તિ અન્ય સમાજના લોકોની નજરોમાં હલકો પડી જાય છે.

-ઈસ્લામે મુસલમાનોને એ વાતની અપીલ કરી છે કે, તે ઈન્સાન માત્રની ભલાઈ કરે. પ્રેમ-મહોબ્બતથી પેશ આવે.

* જે તે દેશમાં રહેતા હો તે દેશના કાયદા-કાનૂને અનુસરે.

- અલ્લાહના રસૂલ (સલ.) ફરમાવે છે કે -‘મોમીન તમામ પ્રકારની બુરાઈઓથી દૂર રહે અને પાક જીવન વિતાવે.’

‘* ફાસીક ઈન્સાન મક્કાર અને દુષ્ટ હોય છે.
‘* સૌથી સારો મોમીન અર્થાત્ એક સાચો મુસલમાન તે હોય છે જે લોકોની મહોબ્બત-પ્રેમનું કેન્દ્ર હોય અને
‘* એવા માણસની કોઈ ભલાઈ નથી જે કોઈની સાથે પ્રેમભાવ રાખતો ન હોય અને ન તો તેની સાથે કોઈ પ્રેમભાવ રાખતું હોય.’

### સનાતન સત્યઃ

કીનો-દુશ્મની, કપટ, ફીત્ના-ફસાદ ફેલાવવાનું કામ હંમેશાં એવા લોકો જ કરતા હોય છે, જેઓ ઈન્સાનિયત-માણસાઈની કદ્રો કિંમતથી વાકેફ-પરિચિત હોતા નથી.

- આ જિંદગી એટલી ટૂંકી છે કે જેમાં ઈન્સાન સંપૂર્ણ રીતે કોઈને પ્રેમ-લાગણી પણ વ્યક્ત કરી શકતો હોતો નથી ત્યાં કોણ જાણે કેટલાય લોકો નફરત કરવા ક્યાં ક્યાંથી સમય કાઢી લેતા હોય છે.

- અલી અકબર ‘હૈદર’ (ન્યુ જર્સી-યુએસએ)

*****

### સાપ્તાહિક સંદેશઃ

* જે જીવતાથી કોઈને ફાયદો પહોંચે નહીં તે મુરદા સમાન છે.
* ગમ અને ફીકર-ચિંતા અર્ધ ઘરડાપણું છે અને
* જેણે ખુદાની તારીફ કરી તે ગની (માલદાર) થયો. ■

*****

# ઇઝરાયેલના હવાઈ હુમલામાં આઠ પેલેસ્ટિનિયન ઠાર

તેલ અવીવઃ મંગળવારે તુલકારેમ શહેરની આસપાસ ઉત્તરી પશ્ચિમ કાંઠે ઇઝરાયેલની લશ્કરી કાર્યવાહીમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા, એમ પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

ઇઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે આતંકવાદીઓએ સૈનિકો પર હુમલો કર્યા પછી તેમણે ગોળીબાર કર્યો હતો, અને તે હુમલામાં કેટલાક બિનસંડોવાયેલા નાગરિકો સપડાયા હોવાની વાત તેઓ જાણે છે.

કબજા હેઠળના પશ્ચિમ કાંઠે અન્યત્ર, પેલેસ્ટિનિયન શહેર બેથલેહેમ ગાઝામાં યુદ્ધના પડછાયા હેઠળ બીજી ઉદાસીન નાતાલની પૂર્વસંધ્યા ઊજવાઈ હતી, જેમાં પ્રવાસીઓની ભીડ ગેરહાજર હતી.

આતંકવાદીઓની સંખ્યા જણાવ્યા વગર ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગાઝામાં ઇઝરાયેલના બૉમ્બમારા અને ભૂમિ આક્રમણમાં ૪૫૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે, જેમાંથી અડધાથી વધુ મહિલાઓ અને બાળકો છે.

ગાઝા પટ્ટી પર શિયાળો આવી રહ્યો છે અને ઇઝરાયેલ સાથેના ૧૫ મહિનાના વિનાશક યુદ્ધથી વિસ્થાપિત થયેલા લગભગ ૨૦ લાખ પેલેસ્ટિનિયનોમાંથી ઘણા પવન, ઠંડી અને વરસાદથી પોતાને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

દક્ષિણ ઇઝરાયેલ પર હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા ને પેલેસ્ટિનિયન આતંકવાદીઓ દ્વારા ૨૫૦ ઇઝરાયેલીને બંધક બનાવવામાં આવ્યા બાદ ગાઝામાં ઓક્ટોબર ૨૦૨૩થી યુદ્ધ શરૂ થયું હતું, જે દરમિયાન લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા. ગાઝામાં લગભગ ૧૦૦ બંધકોને હજુ પણ રાખવામાં આવ્યા છે, જોકે એમાંથી માત્ર બે તૃતીયાંશ હજુ પણ જીવિત હોવાનું માનવામાં આવે છે. ■

# ઉ.પ્ર.માં ખાલિસ્તાની આતંકીઓના મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સને અજાણ્યા વાહને ટક્કર મારી

રામપુરઃ ઉત્તર પ્રદેશના પીલીભીતમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ‘ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ’ના ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓના મૃતદેહોને પંજાબ લઇ જતી એમ્બ્યુલન્સને એક અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ જાણકારી પોલીસે બુધવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાત્રે રામપુર બાયપાસ પર બનેલી આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ ન હતી. પરંતુ એમ્બ્યુલન્સને નુકસાન થયું હતું, જેના પગલે મૃતદેહોને અન્ય વાહનમાં લઇ જવામાં આવ્યા હતા. રામપુર જિલ્લાના પોલીસ અધિક્ષક વિદ્યાસાગર મિશ્રાએ જણાવ્યું કે પીલીભીતથી ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓના મૃતદેહોને પંજાબ લઇ જઇ રહેલી એમ્બ્યુલન્સને મંગળવારે મોડી રાત્રે રામપુર બાયપાસ પર અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ ન હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે અકસ્માતની માહિતી મળતાની સાથે જ રામપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. તેમજ ત્રણેય મૃતદેહોને ક્ષતિગ્રસ્ત વાહનમાંથી બહાર કાઢીને બીજી એમ્બ્યુલન્સમાં રાખવામાં આવ્યા હતા.

# મોઝામ્બિકમાં ચૂંટણીને લઇને કોર્ટના ચુકાદા બાદ ફાટી નીકળેલી હિંસામાં ૨૧નાં મોત

માપુતાઃ મોઝામ્બિકની સુપ્રીમ કોર્ટના એક ચુકાદાથી દેશમાં ભારે ઊહાપોહ મચી ગયો છે. મોઝામ્બિકમાં દેશની સુપ્રીમ કોર્ટ દ્વારા શાસક ફ્રીલીમો પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડેનિયલ ચેપોને ૯ ઓક્ટોબરે યોજાયેલી વિવાદાસ્પદ ચૂંટણીઓમાં વિજેતા જાહેર કર્યા બાદ હિંસા ફાટી નીકળી હતી. જેમાં ૨૧ લોકોનાં મોત થયા છે. જેમાં બે પોલીસ અધિકારી પણ સામેલ છે.

આ માહિતી અધિકારીઓએ મંગળવારે આપી હતી. મોઝામ્બિકના ગૃહ પ્રધાન પાસ્કોલ રોન્ડાએ માપુતોમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે એક દિવસ પહેલા કોર્ટની જાહેરાત બાદ હિંસા અને લૂંટફાટની સ્થિતિ પેદા થઇ ગઇ હતી. તેમણે કહ્યું કે આ અંધાધૂંધીનું નેતૃત્વ કરનારા મોટે ભાગે હારેલા ઉમેદવાર વેનાન્સિયો મોન્ડેલનના યુવા સમર્થકો હતા. તેમને ૨૪ ટકા મત મળ્યા હતા. જે ચાપો બાદ બીજા ક્રમે છે અને તેમને ૬૫ ટકા મત મળ્યા હતા.

# મહાકુંભ ૨૦૨૫ની મુલાકાત લેનારા મહાનુભાવો માટે વિશેષ વ્યવસ્થા

મહાકુંભ નગર (યુપી): મહા કુંભ મેળો ૨૦૨૫માં વિશ્વભરમાંથી તીર્થયાત્રીઓ, પ્રવાસીઓ, વીઆઇપી અને વીવીઆઇપી

મહાનુભાવોના મોટા ધસારાના સાક્ષી બનવા માટે તૈયાર છે અને પ્રયાગરાજ મેળા ઓથોરિટીએ આવાસ અને પ્રોટોકોલ વ્યવસ્થા સહિતની વ્યાપક તૈયારીઓ કરી છે. અધિકારીઓએ બુધવારે અહીં જણાવ્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમ ૧૩ જાન્યુઆરીએ પોષ પૂર્ણિમાથી ૨૬ ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રી સુધી ૪૫ દિવસ સુધી ચાલશે.

તેમાં મહાનુભાવો માટે વિશેષ સમર્પિત અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ૨૪×૭ કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે.

પ્રોટોકોલ મેનેજમેન્ટ માટે, સરકારે ત્રણ વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ (એડીએમ), ઘણા સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (એસડીએમ) અને નાયબ તહસીલદાર અને ચાર મહેસૂલ અધિકારીઓને તૈનાત કર્યા છે. ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓ વ્યવસ્થાની દેખરેખ માટે ૨૫ સેક્ટરમાં સેક્ટર મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપશે.

આ પ્રયાસોનો ઉદ્દેશ્ય આ પ્રતિષ્ઠિત ઇવેન્ટમાં હાજરી આપનારા તમામ મહાનુભાવોને સરળ અને સમૃદ્ધ અનુભવ પ્રદાન કરવાનો છે.

મહા કુંભ ૨૦૨૫માં પ્રતિષ્ઠિત મહાનુભાવો માટે સીમલેસ પ્રોટોકોલ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે, ૫૦ ગાઇડ અને સહાયક સ્ટાફ તૈનાત કરવામાં આવી રહ્યો છે.

આવાસ માટે, મેળાના વિસ્તારની અંદર પાંચ સ્થળોએ ૨૫૦ ટેન્ટની ક્ષમતાવાળા સર્કિટ હાઉસ તૈયાર કરવામાં આવ્યા છે, એમ તેઓએ જણાવ્યું હતું.

ઉત્તર પ્રદેશ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન, પ્રવાસન વિભાગના માર્ગદર્શન હેઠળ, ૧૧૦ લક્ઝરી કોટેજનું ટેન્ટ સિટી વિકસાવી રહ્યું છે, જ્યારે ખાનગી સેવા પ્રદાતાઓ વધારાના ૨૨૦૦ કોટેજ સ્થાપી રહ્યા છે.

તેઓએ કહ્યું કે પ્રયાગરાજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંચાલિત ૨૧ ગેસ્ટ હાઉસમાં ૩૧૪ વીઆઇપી અને વીવીઆઇપી રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે.

# રાજસ્થાનમાં કાર અને બસ વચ્ચે ભીષણ અથડામણ, પાંચનાં મોત

જયપુરઃ રાજસ્થાનના કરૌલી જિલ્લામાં કાર અને બસ વચ્ચે ભીષણ અથડામણ થઇ હતી. જેમાં પાંચ લોકોનાં મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે બુધવારે આપી હતી.

અકસ્માત એટલો ભયંકર હતો કે કાર ભયાનક રીતે ક્ષતિગ્રસ્ત થઇ હતી અને તેનો આગળનો ભાગ બસની નીચે ફસાઇ ગયો હતો. કરૌલીના પોલીસ અધિક્ષક બ્રિજેશ જ્યોતિ ઉપાધ્યાયે જણાવ્યું કે કારમાં સવાર લોકો કૈલા દેવી મંદિરના દર્શન કર્યા બાદ ગંગાપુર શહેર તરફ જઇ રહ્યા હતા, ત્યારે કુડગાંવ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સલેમપુર-કુડગાંવ રોડ પર મંગળવારે રાત્રે આ અકસ્માત સર્જાયો હતો. એસપીના જણાવ્યા અનુસાર કારમાં સવાર તમામ પાંચ લોકો- નયન દેશમુખ(૬૦), તેની બહેન પ્રીતિ ભટ્ટ(૬૦), તેનો પુત્ર ખુશ દેશમુખ(૨૨), તેની પુત્રી મનસ્વી(૨૫) અને એક સંબંધી અનિતા(૫૫)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. કુડગાંવ પોલીસ સ્ટેશનના પ્રભારી રુકમણી ગુર્જરે જણાવ્યું કે પીડિતો મધ્ય પ્રદેશના ઇન્દોરના રહેવાસી હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે શબઘરમાં ખસેડવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મૃતકોના પરિવારના સભ્યો આવ્યા બાદ પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવશે.

# ગુજરાતની ૬૮૦ યોજનાઓની માહિતી એક જ પોર્ટલ પર મળશે મુખ્ય પ્રધાને મારી યોજના પોર્ટલ લોન્ચ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગર ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મારી યોજના પોર્ટલ લોન્ચ કર્યું હતું. આ પોર્ટલમાં રાજ્યની ૬૮૦ યોજનાઓની માહિતી મળી શકશે. તે ઉપરાંત સંબંધિત યોજનાઓનો લાભ એક જ પોર્ટલ પરથી મળી શકશે. સ્વાગત ૨.૦ ઓટો એસ્કેલેશન મેટ્રીકસ અને સ્વાગત મોબાઇલ એપના લોન્ચિંગથી રજૂઆતકર્તાની રજૂઆતો અને ફરિયાદોની ગંભીરતાના આધારે ગ્રીન, યલો અને રેડ ચેનલમાં વર્ગીકૃત કરીને ફરિયાદના નિકાલ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

રજૂઆતકર્તા જો કાર્યવાહીથી અસંતુષ્ટ હશે તો ફીડબેક આપીને તેનો ઓટો એસ્કેલેટ કરી ઉપરના લેવલ સુધી જઈ શકશે. આ ઉપરાંત સ્વાગત મોબાઇલ એપ દ્વારા નાગરિકો ઓનલાઇન રજૂઆત કરી શકશે અને પોતે કરેલી અરજીનું સ્ટેટસ પણ જાણી શકશે. પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી હેઠળ સેમિકન્ડક્ટર તાલીમ કેન્દ્ર શરૂ કરાયું હતું. આ તાલીમ કેન્દ્ર આવનારા ૫ વર્ષમાં ૧ હજાર યુવાનોને સેમિકન્ડક્ટર ક્ષેત્રની તાલીમ આપશે.

આ ઉપરાંત સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા ગુજરાત ફાઈબર ગ્રિડ નેટવર્ક લિ. મારફતની ભારત નેટ ફેઝ-૨ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કનેક્ટિવિટી દ્વારા ૪૦,૦૦૦ ગ્રામ્ય સરકારી સંસ્થાઓને પાટનગર ગાંધીનગર સાથે જોડવા, હર ઘર કનેક્ટિવિટી હેઠળ ૨૫,૦૦૦ ફાઈબર-ટુ-હોમ જોડાણ આપવા અને ફાઈબર-ટુ-ફાર ફલંગ ટાવર્સ પહેલ અંતર્ગત ૩૦,૦૦૦ કિમી ઓપ્ટિકલ ફાઈબર કેબલ લીઝ કરી ૧,૦૦૦થી વધુ ગ્રામીણ ટાવર્સને જોડી રાજ્યના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં મોબાઈલ કવરેજ અને કનેક્ટિવિટીની ગુણવત્તામાં વધારો કરવામાં આવશે.

આ ઉપરાંત ભારત સરકારના ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ કર્મયોગી પોર્ટલ પર ગુજરાતનું સ્ટેટ પેજ શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યના અધિકારી કર્મચારીઓને ગુજરાતી ભાષામાં તાલીમ મોડ્યૂલ મળી રહે તે માટે ભારત સરકારના ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ કર્મયોગી પોર્ટલ પર ગુજરાતનું સ્ટેટ પેજ કાર્યરત થયું છે. આ પ્રસંગે રાજ્યની ૩૪ નગરપાલિકાઓમાં નાગરિકોને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહે તે માટે સિટીઝન સિવિક સેન્ટર કાર્યરત કરવામાં આવ્યાં છે. ■

# સામાન્ય લોકોને મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા છે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સામાન્ય લોકોને વધુ મદદરૂપ થવાનો ભાવ જ સુશાસનની સાચી દિશા છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. મુખ્ય પ્રધાન કાર્યાલયે આ વર્ષના સુશાસન દિવસથી પ્રજાહિત યોજનાઓ અને લોકોપયોગી સુવિધાઓમાં ટેકનોલોજીના વ્યાપક ઉપયોગની વિવિધ નવી પહેલોનો પ્રારંભ કર્યો છે. આ પહેલો અંતર્ગત ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્ષ, સ્કોલરશીપ મોનિટરિંગ સિસ્ટમ, રેવન્યુ મોનિટરિંગ સિસ્ટમ, સી.એમ. ફેલો વેબસાઈટ, સ્વર, ગુજરાત ઇન્ડિયા પોર્ટલનું આધુનિકીકરણનો સમાવેશ થાય છે. ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ માટે વિવિધ વિભાગો હેઠળ આવતી રાજ્યની નાગરિકલક્ષી યોજનાઓ, સેવાઓ, પ્રોજેક્ટ તેમજ ફરિયાદ નિવારણ જેવી પ્રજાલક્ષી કામગીરીના અમલીકરણને ધ્યાને લઈ તેના અસરકારક મોનિટરિંગ માટે મહત્ત્વના પેરામીટર્સ નક્કી કરવામાં આવ્યા છે, વિભાગોની કામગીરીનું સમગ્રતયા મુલ્યાંકન કરીને રેન્કિંગ પણ આપવામાં આવશે.રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા રાજ્યના યુવાનોને શિક્ષણ માટે વિવિધ સ્કોલરશિપો અપાઈ રહી છે. તમામ સ્કોલરશિપના મોનિટરિંગ માટે સી.એમ. ડેશબોર્ડમાં ખાસ સ્કોલરશિપ મોનિટરિંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. રેવન્યુ વિભાગના આઇ-ઓરા, ખેડૂત ખરાઇ, સુધારા હુકમ, ઇ-ધરા, સિટી સર્વે, આઇ-મોજણી, કલેક્ટર પોર્ટલ અને કેસો બાબતના વિવિધ પોર્ટલોનું મોનિટરિંગ કરવા માટે ડેશબોર્ડમાં અલાયદું ''રેવન્યુ ડેશબોર્ડ'' તૈયાર કરવામાં આવ્યું હતું. ■

# વીઆઇપી બંદોબસ્ત માટે ગાંધીનગર પોલીસમાં પ્રોટોકોલ વિભાગ બનાવવા પ્રક્રિયા શરૂ કરાઈ

અમદાવાદ : ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સરકારી સમારંભોના કારણે દેશ-વિદેશના મહાનુભાવોનું આવાગમન થતું રહે છે. જેના કારણે ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોના કર્મચારીઓએ ફરજ પર ખડે પગે રહેવું પડે છે. વીવીઆઈપીનો કાફલો જે રૂટ પરથી પસાર થવાનો હોય ત્યાં પીઆઈથી માંડીને કોન્સ્ટેબલ સુધીના કર્મચારીઓએ બંદોબસ્ત માટે દોડવું પડે છે. જેથી હવે ગાંધીનગર પોલીસની રોજની કામગીરીમાં વિક્ષેપ થાય નહીં તે માટે પ્રોટોકોલ વિભાગ ઊભો કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગરમાં મહાનુભાવોની અવર-જવરને ધ્યાને રાખીને પ્રોટોકોલ વિભાગ ઊભો કરવા લાંબા સમયથી વિચારણા ચાલી રહી હતી. ગાંધીનગર પોલીસની આ સમસ્યાના નિવારણ રૂપે ડીવાયએસપીના વડપણ હેઠળ નવો વિભાગ બનાવવામાં આવશે. તેમાં ત્રણ પીઆઈ, ૧૦ પીએસઆઈ ઉપરાંત ૧૪૭ પોલીસ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવશે. પ્રોટોકોલ શાખાની ટીમને પોલીસની રોજિંદી કામગીરી કરવાના બદલે માત્ર વીઆઈપી મૂવમેન્ટ પર જ ધ્યાન રાખવું પડશે.

અમદાવાદ એરપોર્ટ પર કોઈ મહાનુભાવના આગમન બાદ તેઓ ગાંધીનગરમાં પ્રવેશ કરે ત્યારથી પોલીસની કામગીરી શરૂ થઈ જતી હતી.આ કામગીરીમાં ઘણી વખત આખો દિવસ પસાર થઈ જતો હોય છે. જેને કારણે ગાંધીનગર પોલીસની રોજિંદી કામગીરીને અસર પહોંચતી હોવાનું ઉચ્ચ અધિકારીઓના ધ્યાને આવ્યું હતું અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટીએ ઉચ્ચ સ્તરે રજૂઆત કરતા રાજ્ય પોલીસ વડા તરફથી પ્રોટોકોલ શાખા શરૂ કરવા મંજૂરી અપાઈ હતી. ગાંધીનગર પ્રોટોકોલ શાખામાં સ્વેચ્છાએ ફરજ બજાવવા માગતા હથિયારી પીએસઆઈ પાસે અધિક પોલીસ મહાનિદેશક હથિયારી એકમોની કચેરી તરફથી અરજી મંગાવવામાં આવી હતી. સ્વચ્છ સેવાકીય રેકોર્ડ ધરાવતા હથિયારી પીએસઆઈના રિપોર્ટ મેળવી સ્પષ્ટ અભિપ્રાય સાથે રજૂ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. નવી પ્રોટોકોલ શાખામાં રાજ્યના પોલીસ કર્મચારીઓ ઉપરાંત એસઆરપી જૂથનો પણ સમાવેશ કરવામાં આવશે. ■

# ગુજરાતના વન વિભાગમાં યુવાઓનું વર્કફોર્સ ઉમેરાયું ૮૦૦ યુવાનોને મુખ્ય પ્રધાને નિયુક્તિ પત્રો એનાયત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૨૫મી ડિસેમ્બર સુશાસન દિવસે રાજ્યના વન વિભાગમાં ૮૦૦ ઉપરાંત નવ યુવાઓને નવી નિમણૂકના નિયુક્તિ પત્રો એનાયત કર્યા હતા. તેમણે કહ્યું કે, શાસન વ્યવસ્થામાં ગરીબ, સામાન્ય માનવીને કેન્દ્રસ્થાને રાખીને અટલ બિહારીજીએ સેવા-સુશાસન આપ્યું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, યુવાશક્તિના કૌશલ્ય અને સામર્થ્યને જનસેવામાં જોડવા સરકારે પારદર્શિતાથી સમયબદ્ધ ભરતી પ્રક્રિયાઓ હાથ ધરી છે. યુવાશક્તિના ડેમોગ્રાફિક ડિવિડન્ડને રાજ્યના વિકાસમાં યોગદાન આપવા આપણે સજ્જ બનાવવી છે.રાજ્યના ફોરેસ્ટ ફોર્સમાં જોડાઈ રહેલા નવનિયુક્ત યુવાઓને પર્યાવરણ રક્ષા અને વનોના જતન સંવર્ધન સાથે રાજ્યની વિકાસયાત્રામાં સહભાગી થવા આહ્વાન પણ કર્યું હતું.

તેમણે ગુજરાતના વિકાસ રોલ મોડલને નવી વૈશ્વિક ઊંચાઈ આપવામાં પણ આ નવનિયુક્ત વનકર્મીઓના યોગદાનની અપેક્ષા વ્યક્ત કરી હતી. વન વિભાગના પ્રધાન મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે વન વિભાગમાં મોટી સંખ્યામાં મદદનીશ વન સંરક્ષક અને વનરક્ષકની નવી ભરતી કરીને સુશાસન દિવસને સાચા અર્થમાં ઊજવણી કરવામાં આવી છે.

વનપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, માનવ અને વન્ય પ્રાણી વચ્ચે ઘર્ષણ અટકાવવા માટે મોરબી, જાંબુઘોડા, કચ્છ, જામનગર અને દ્વારકામાં રેસ્ક્યુ-ટ્રીટમેન્ટ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે.

સિંહ, દિપડા, રિંછ અને વિવિધ પક્ષીઓની વૈજ્ઞાનિક પદ્ધતિથી ગણતરી પણ કરવામાં આવે છે. ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે એગ્રો ફોરેસ્ટ્રી અંતર્ગત વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં શહેરી વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યાં છે. ■

# અમરેલીના ખાંભામાં ૧૦ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાધો

અમદાવાદ ગુજરાતમાં છેલ્લા કેટલાંક વર્ષોથી દીપડાનો આતંક વધ્યો છે. દીપડાના જીવલેણ હુમલાની ઘટનાઓ અવારનાવર બહાર આવતી રહે છે. આ દરમિયાન અમરેલી જિલ્લાના ખાંભા પથંકમાં દીપડાએ એક બાળક પર જીવલેણ હુમલો કરતા ખળભળાટ મચી ગયો હતો. ખાંભાના પચપચીયા ગામમાં વાડી વિસ્તારમાં ખુલ્લામાં પરિવાર સાથે ઊંઘી રહેલા એક બાળકને દીપડો ઉપાડી ગયો હતો અને ફાડી ખાધો હતો. બનાવને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. વન વિભાગ દ્વારા પાંજરી મુકી દીપડાને પકડવા કવાયત હાથ ધરી છે.

આ ઘટના અંગે મળતી વિગત મુજબ, ખાંભા તાલુકામાં પચપચીયા ગામમાં મયુર જીતુભાઈ સોરઠીયા નામનો ૧૦ વર્ષીય બાળક પરિવાર સાથે વાડી-ખેતર વિસ્તારમાં રાત્રીના સમયે ખુલ્લામાં સૂતો હતો. એ દરમિયાન દીપડો ત્રાટક્યો હતો અને મયુર હુમલો કર્યો હતો. હુમલો કરીને મયુરને ખેંચીને લઇ ગયો હતો. મયુરે બૂમાબૂમ કરતા પરિવારજનો જાગી ગયા હતા. જોકે દીપડો મયુરને ઝાડી ઝાંખરામાં જતો રહ્યો હતો.દીપડાએ બાળક પર હુમલો કર્યો હોવાની જાણ થતાં વન વિભાગની ટીમ બનાવ સ્થળે પહોંચી હતી. વન વિભાગ દ્વારા મયુરની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન બનાવ સ્થળથી ૫૦૦ મીટર દૂર દીપડાએ ફાડી ખાધો હતો. વન વિભાગને બાળકના શરીરના અવશેષો મળ્યા હતા. બાળકના મૃતદેહને પીએમ અર્થે ખાંભા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા માનવભક્ષી દીપડાને પકડવા ૪ જેટલા પાંજરાં મુકવામાં આવ્યાં હતાં. ■

# અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખંડિત કરનાર પાંચ આરોપીઓ ઝડપાયા બેના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદના ખોખરામાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવા મુદ્દે ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપીઓની ધરપકડ કરી ખોખરા પોલીસને સોંપ્યા હતા. પોલીસે આ બંને આરોપીઓને જાહેરમાં લાવીને સરઘસ કાઢ્યું હતું. ફરાર થયેલા ત્રણ આરોપીઓને પણ બુધવારે પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે બે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગ કરી હતી. કોર્ટે ૨૯ ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. બીજી તરફ ખંડિત પ્રતિમા હટાવી નવી પ્રતિમાનું અનાવરણ થતાં ધરણાં પર બેઠેલા સ્થાનિક લોકોએ ધરણાં પૂર્ણ કર્યાં હતાં.

ખોખરા પોલીસે ક્રાઈમ બ્રાંચે સોપેલા બે આરોપીઓને જાહેરમાં લાવીને તેમનું સરઘસ કાઢ્યું હતું. જે હાથથી તેમણે પ્રતિમાને ખંડિત કરી હતી. તે બે હાથ જોડીને આરોપીઓએ માફી માગી હતી. આરોપીઓ કાન પકડી વાંકા વળી માફી માગતા જોવા મળ્યા હતા.સ્થાનિકો એ તેમના વિસ્તારમાં પોલીસ પોઇન્ટ અને સીસીટીવી કેમેરા મૂકવા માગ કરી હતી. બુધવારે સવારે સ્થાનિકો અને દલિત આગેવાનોએ નવી મૂર્તિનું અનાવરણ કરીને ધરણાં પૂર્ણ કર્યાં હતાં.

ડો બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવાના મામલામાં પોલીસે ધરપકડ કરેલા બે આરોપીઓને સેસન્સ કોર્ટમાં રજૂ કર્યા હતા. પોલીસે આરોપીઓના સાત દિવસના રિમાન્ડની માગ કરી હતી, જોકે કોર્ટે આરોપીઓના ૨૯મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. કોર્ટે અવલોકન કરતા કહ્યું કે, તમામ આરોપીઓને પોતાનો પક્ષ મૂકવાનો અધિકાર છે. જ્યારે કોઈ વકીલ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં સ્ટેટ લીગલ સર્વિસને જાણ કરવાની હોય છે. કોર્ટના આદેશ બાદ સેસન્સ કોર્ટ પેનલ એડવોકેટે આરોપીનો પક્ષ રજૂ કર્યો હતો. ■

# આજે ૨૦ જિલ્લામાં માવઠાની આગાહીઃ ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આવતી કાલથી ૨૮ ડિસેમ્બર સુધી વરસાદની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા ૨૬-૨૮ ડિસેમ્બર દરમિયાન કચ્છ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાનાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની અંદરમાં નલિયામાં ૮.૫ સે., અમરેલીમાં ૯.૭ સે., રાજકોટમાં ૯.૮ સે., સુરેન્દ્રનગરમાં ૧૨.૬ સે., ગાંધીનગર ૧૩ સે, વડોદરામાં ૧૪ સે., અમદાવાદમાં ૧૫ સે., વી.વી. નગરમાં ૧૬.૪ સે. તાપમાન નોંધાયું હતું.

ગુજરાતના વિવિધ ભાગોમાં આગામી ત્રણ દિવસ માટે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. આવતી કાલથી ૨૮ ડિસેમ્બર સુધી વરસાદની આગાહી કરાઈ હતી, આગામી ૨૭ ડિસેમ્બરના રોજ એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતના ભાગોમાં પહોંચશે, જેને કારણે ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. આ સાથે જ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા રહેલી છે. ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે, જેથી ઉત્તર ભારતથી બર્ફિલા પવન ગુજરાત સુધી આવી રહ્યા છે. બીજી તરફ વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે આવતા ભેજ અને વરસાદની સંભાવના છે. ૨૮ ડિસેમ્બર બાદ ફરી એક વખત ઠંડીનું મોજું ગુજરાતમાં ફરી વળશે, તેવી હવામાન વિભાગે આગાહી કરી હતી .

હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક દરમિયાન એટલે કે, ૨૬ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. હવામાન વિભાગ અનુસાર રાજ્યના કચ્છ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. ■

# દેવભૂમિ દ્વારકાના ઓખામાં નિર્માણાધીન જેટી પર ક્રેન તૂટીઃ ૩ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : દેવભૂમિ દ્વારકાના ઓખા બંદર પર જેટી ઊભી કરવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ક્રેન તૂટી પડવાની ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી, જેટી બનાવવાની કામગીરી દરમિયાન ક્રેન તૂટી પડવાને પગલે ૩ શ્રમિકો પાણીમાં ડૂબતા તેમના મોત થયા હતા. દુર્ઘટનાને પગલે પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યુની કામગીરી હાથ ધરી હતી.

ઓખા બંદર પર જેટી ઊભી કરવાના કામ દરમિયાન બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે અન્ય એક શ્રમિકને સારવાર હેઠળ ખસેડ્યો હતો પણ તેનું પણ સારવાર દરમિયાન મોત થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એકાદ વર્ષથી ઓખા કોસ્ટગાર્ડ દ્વારા ઓખા બંદર પર જેટી ઊભી કરવાનું કામ ચાલી રહ્યું છે. આ મામલે ઓખા મરીન પોલીસે તપાસ હાથ ધરી હતી. મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નજીકની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતક શ્રમિકની ઓળખ જીતેન કરાડી, અરવિંદ કુમાર અને નિશાંત સિંહ તરીકે થઈ હતી. પોસ્ટમોર્ટમ થયા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે આ ઘટના અચાનક કઈ રીતે બની તે દિશામાં હાલમાં તપાસ ચાલી રહી છે. મૃતકોના પરિવારજનોને હાલમાં કોઈ વળતર ચૂકવવાની જાહેરાત કરવામાં આવી નથી.

દ્વારકાના કલેક્ટર જી.ટી. પંડ્યાએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ત્રણ લોકોનાં મોત થયાં હતાં, ગુજરાત મેરીટાઇમ બોર્ડની દેખરેખ હેઠળ કોસ્ટ ગાર્ડ જેટી પર બાંધકામ ચાલી રહ્યું હતું. જ્યાં ક્રેન તૂટવાને કારણે એક એન્જિનિયર, એક સુપરવાઈઝર અને એક મજૂરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ■

# અમદાવાદ ઈસ્કોન મંદિર વિવાદમાં પુત્રીનો ખુલાસોઃ માતા-પિતા મારપીટ કરતા હોવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદના એસજી હાઇવે પર આવેલા ઇસ્કોન મંદિરના પૂજારીઓ દ્વારા કથિત રીતે યુવતીનું બ્રેઇન વોશ કર્યાનો પિતાએ આરોપ લગાવ્યો હતો. પિતાએ આ મામલે ગુજરાત હાઇકોર્ટમાં હેબિયર્સ કોપર્સ અરજી કરી હતી. દીકરીને મંદિરમાં ગોંધી રખાયાનો પિતાનો આક્ષેપ હતો. આક્ષેપો પર યુવતીએ વીડિયો વાઇરલ કર્યો હતો, માતા-પિતાએ ખોટી ફરિયાદ નોંધાવી હોવાનો યુવતીએ આરોપ લગાવ્યો હતો.

આ મામલે ઇસ્કોન મંદિરના પ્રવક્તા હરેશ ગોવિંદદાસજીએ જણાવ્યું હતું કે, યુવતીઓને ઇસ્કોન સંપ્રદાયમાં રહેવાની પરવાનગી નથી અને યુવતી સાથે ઇસ્કોન મંદિરને કોઇ લેવા દેવા નથી માતા-પિતાના આક્ષેપ પાયાવિહોણા છે અને યુવતીને શોધવામાં ઇસ્કોન મંદિરે પણ મદદની બાંયધરી આપી છે, તેની સાથે સાથે ઇસ્કોનની ગરિમાને ઠેસ પહોંચાડે તે નહીં ચલાવી લેવાય, યુવતી સાથે ઇસ્કોનના સેવકો હશે તો પગલાં લઇશું તેવું નિવેદન મંદિર તરફથી આપવામાં આવ્યું હતું.આ સમગ્ર કેસમાં યુવતીએ વીડિયોના માધ્યમથી ખુલાસો કર્યો હતો કે, તેને કોઈ પણ દબાણ વગર પોતાની ઈચ્છાથી લગ્ન કર્યા છે, અને મે મારી મરજીથી ઘર છોડ્યું છે, તેની સાથે-સાથે માતા-પિતા ઘરે મારપીટ કરતા હોવાનો દીકરીએ આક્ષેપ કર્યો હતો.

# ગુજરાતમાં પ્રાઈવેટ કોચિંગ સેન્ટર્સની લૂંટ પર લગામ લાગશેઃ એસઓપી જાહેર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રાઈવેટ કોચિંગ સેન્ટર્સનો રાફડો ફાટ્યો છે, કોચિંગ ક્લાસ સેન્ટર્સની દાદાગીરી પર લગામ કસવા માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

કેન્દ્ર સરકારે કોચિંગ ક્લાસ માટે જે એસઓપી બનાવી છે તેવી જ રીતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે પણ કોચિંગ ક્લાસમાં વિદ્યાર્થીઓના ભાવિ સાથે થઈ રહેલાં ચેડાં અટકાવવા વિચારણા શરૂ કરી છે.

ગુજરાતમાં સંખ્યાબંધ કોચિંગ સેન્ટરો અને ટ્યુશન ક્લાસ ચાલી રહ્યાં છે ત્યારે ખોટી જાહેરાતોથી વિદ્યાર્થીઓને લલચાવતી પ્રવૃત્તિ બંધ થાય તે માટે આવેલી રજૂઆતોને ધ્યાને લઈને આગામી દિવસોમાં શિક્ષણ વિભાગ કોઈ મોટો નિર્ણય લે તેવી સંભાવના છે.

શિક્ષણ વિભાગ કોચિંગ સેન્ટરોની બદીઓ સુધારવા આગામી દિવસોમાં નવી એસઓપીની જાહેરાત કરશે. ■

# અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઘરની લાલચ આપી ૨૫૦ લોકો સાથે ત્રણ કરોડથી વધુની ઠગાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે ૩ કરોડથી વધુનું કૌભાંડ આચરનારા શખ્સને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે વિરમસિંહ નામના માસ્ટરમાઇન્ડની ધરપકડ કરી હતી. તેણે ૨૫૦થી વધુ લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમમાં ઘરનું ઘર અપાવવાની લાલચ આપી છેતરપિંડી કરી હતી. તે મકાન ફાળવણીના બહાને રકમ પડાવતો હતો અને ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરતો હતો. આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ અને વિરમસિંહ દ્વારા ફ્રોડ ડોક્યુમેન્ટ ક્યાંથી બનાવવામાં આવ્યા તે સહિતના મુદ્દાઓ પર પોલીસ વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં છેલ્લા થોડા સમયથી પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમમાં મકાન અપાવવાની લાલચ આપી અનેક લોકો સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદો પોલીસને મળી રહી હતી. ફરિયાદના આધારે ઝોન ૧ એલસીબીની ટીમે વિરમસિંહ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. વિરમસિંહ ઉર્ફે વિરેન્દ્રસિંહ ઉર્ફે સાહેબ બોપલ વિસ્તારમાં રહે છે અને તેણે બી.એ સુધીનો અભ્યાસ કર્યો છે, તે સરકારી નોકરી મેળવવા જીપીએસસીની પણ તૈયારી કરી રહ્યો હતો. આરોપી વિરમસિંહ પોતે સચિવાલયમાં નોકરી કરતો હોવાનું લોકોને જણાવતો હતો અને સાયન્સ સીટી રોડ ઉપર આવેલા ઔડાના પ્રધાનમંત્રી આવાસ યોજનાની સ્કીમમાં મકાન કે દુકાન અપાવવાનું જણાવી રજિસ્ટ્રેશન પેટે અમુક રકમ મેળવી લેતો હતો, ત્યારબાદ ડ્રો લિસ્ટમાં નામ આવ્યા બાદ દસ્તાવેજ પેટે ૧.૪૦ લાખથી ૧.૬૦ લાખ રૂપિયા મેળવતો હતો. આ રીતે તેણે ૨૫૦ થી વધુ લોકોને ચૂનો લગાવી ત્રણ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. ■

# વડોદરામાં ૨૨ લાખના હાઇબ્રીડ ગાંજા સાથે રીઢા ગુનેગારની ધરપકડ

અમદાવાદ : ગુજરાતમાંથી નશાનો કારોબાર ઝડપથી ફુલીફાલી રહ્યો છે. રાજ્યનાં મોટાં શહેરો સુરત, અમદાવાદ, અને મુદ્રામાંથી અનેક વખત ડ્રગ્સનો જથ્થો ઝડપાઈ ચુક્યો છે, આ દરમિયાન વડોદરામાંથી પણ હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો. લાખો રૂપિયાના હાઇબ્રીડ ગાંજા સાથે ૧ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અગાઉ પણ નશાના વેપારમાં ઝડપાઇ ચુક્યો છે. વડોદરાના તાંદલજાની શકીલા પાર્ક સોસાયટીમાં રહેતો અબ્દુલ પટેલ છેલ્લા થોડા સમયથી જેલમાંથી છૂટ્યા બાદ ફરીથી ગાંજાનો ધંધો કરતો હોવાની વિગતો મળતા પોલીસે દરોડો પાડી આદિબ અબ્દુલ પટેલને ઝડપી પાડ્યો હતો.

પોલીસે મકાનમાંથી રૂ. ૨૨ લાખની કિંમતનો ૭૩૪ ગ્રામ હાઇબ્રીડ ગાંજો અને મોબાઈલ કબ્જે કરી આદિબની પૂછપરછ કરતા કરતા આ ગાંજો તેના પિતા સુરત તરફથી લાવતા હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે અબ્દુલ ઈબ્રાહીમ પટેલને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસ અબ્દુલની શોધમાં હતી ત્યારે અબ્દુલ તેના ઘરે આવ્યો હોવાની વિગતો મળતા પોલીસે છાપો મારી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસને ગાંજાનો સપ્લાય વિદેશમાં થતો હોવાની પણ આશંકા છે. આરોપીના પિતા પણ આ જ ગુનાખોરીના નેટવર્કમાં સંડોવાયેલા છે. પોલીસે આરોપીના ફરાર પિતાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ગુજરાતની પંચાયતોની બિલ્ડિંગ પર સોલાર પેનલ લગાવાશેઃ સરકાર સબસિડી પણ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓના અણઘડ વહીવટને કારણે આર્થિક સ્થિતિ કથળી છે અને વીજબિલ ભરવાના પણ ફાંફા છે. ગુજરાતમાં મોટાભાગની નગરપાલિકાઓના લાખો-કરોડો રૂપિયા વીજબિલ બાકી છે.

વીજબિલનાં નાણાં લાવવા ક્યાંથી છે એ સવાલ ઊભો થયો છે. આ જ કારણે કેબિનેટની બેઠકમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યની તમામ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ઈમારત પર સોલાર પેનલ ઈન્સ્ટોલ કરવાનો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સરકારની આ યોજનાથી સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓને વીજબિલ ભરવાથી છુટકારો મળશે. આ નિર્ણયનો વિધાનસભા સત્ર બાદ સમગ્ર રાજ્યમાં અમલ કરવા વિચારણા ચાલી રહી છે. સોલાર પેનલ લગાવવા માટે સરકાર સબસિડી પણ આપશે. સોલાર પેનલની બાકીની રકમ પણ સરકાર ચૂકવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ રાજ્યની ૫૭ નગરપાલિકાએ રૂ. ૩૧૧ કરોડ વીજબિલ ભર્યું ન હોવાના સમાચાર આવ્યા હતા. છેલ્લાં ઘણા વખતથી નગરપાલિકાઓની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ બની છે કેમકે, વેરાની આવક ઘટી છે. આ જોતાં પાલિકા પાસે આવકના કોઈ સ્રોત નથી. ■

# દાદરના મેયર બંગલામાં બાળ ઠાકરે નેશનલ મેમોરિયલનું પહેલા તબક્કાનું કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરમાં શિવાજી પાર્કમાં આવેલા મેયર બંગલામાં બાળાસાહેબ ઠાકરે ઈન્ટરનેશનલ સ્મારક બનાવવામાં આવી રહ્યું છે, જેનું પહેલા તબક્કાનું કામ સફળતાપૂર્વક પૂરું થયું છે. મેયર બંગલાનું મ્યુઝિયમમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. એ સિવાય પ્રવેશદ્વાર, બિલ્ડિંગ, પ્રશાસકીય બિલ્ડિંગનું કામ પણ પૂરું થયું છે.

આ પ્રોજેક્ટના પહેલા તબક્કાના કામની કુલ કિંમત ૧૮૦.૯૯ કરોડ રૂપિયા છે. પહેલા તબક્કા અંતર્ગત મેયર બંગલાની બિલ્ડિંગનું નૂતનીકરણ અને સાંસ્કૃતિક વારસો જાળવી રાખવામાં આવ્યો છે. બિલ્ડિંગની અંદરના તથા બહારના ભાગના સ્થાપત્ય અને વિદ્યુત કામ પૂરા કરી દેવામાં આવ્યા છે અને તેનો જૂનો વૈભવ તેને પાછો આપવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટના પહેલા તબક્કા અંતર્ગત એક ઈન્ટરપ્રિટેશન સેન્ટર બાંધવામાં આવ્યું છે, જેનું ક્ષેત્રફળ લગભગ ૧૫૩૦.૪૪ ચોરસ મીટર છે. આ સેન્ટર અંડરગ્રાઉન્ડ હોઈ ગ્રાઉન્ડફ્લોરમાં મ્યુઝિયમ, લાઈબ્રેરી,

(જુઓ પાનું ૪) ▶▶



શિંદેને મહાયુતિ સરકારમાં સૌથી સારું મંત્રાલય મળ્યું છે

# મહારાષ્ટ્રમાં અજિતદાદા તિજોરી ભરશે, એકનાથ શિંદે છૂટે હાથે પૈસા ખર્ચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ મહારાષ્ટ્રની નવી સરકારમાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેને કદાચ ગૃહ ખાતું નહીં મળ્યું હોય, ભાજપે પોતાની પાસે રાખ્યું અને નાણાં ખાતું અજિત પવાર પાસે રાખ્યું, પરંતુ સીએમમાંથી ડેપ્યુટી સીએમ બનેલા એકનાથ શિંદે કોઈ પણ રીતે નબળા પડ્યા નથી. જો આપણે મહાગઠબંધનનાં ત્રણ ઘટકો વચ્ચે વિભાગોની વહેંચણી પર નજર કરીએ તો, વ્યાપક રીતે, નાણાપ્રધાન તરીકે, જ્યારે અજિત પવારની સરકારી તિજોરીમાં નાણાં લાવવાની જવાબદારી હશે, તો બીજી બાજુ, એકનાથ શિંદે તેનો છૂટા હાથે ખર્ચ કરશે. કારણ કે તેના ત્રણ વિભાગો જ એવા છે. જેઓ મહારાષ્ટ્રમાં અનેક પ્રોજેક્ટ લોન્ચ કરશે.

**મહાયુતિ ૨.૦ પાવર શેરિંગ**

| પક્ષના | નેતાઓ | કુલ પ્રધાનો | કુલ વિભાગો | કુલ બજેટ (અંદાજિત) |
|---|---|---|---|---|
| ભાજપ | દેવેન્દ્ર ફડણવીસ | ૧૯ | ૨૬ | ૧,૬૮,૩૬૩,૮૩ કરોડ |
| શિવસેના | એકનાથ શિંદે | ૧૧ | ૧૭ | ૧,૬૪,૧૦૩,૩૯ કરોડ |
| એનસીપી | અજિત પવાર | ૦૯ | ૧૩ | ૨,૨૪,૮૫૭,૩૦ કરોડ |

## કોને કેટલું બજેટ મળ્યું?

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેબિનેટમાં માત્ર એક જ જગ્યા ખાલી રાખી છે. ૪૨ સભ્યોની કેબિનેટમાં ૨૦:૧૨:૧૦ની ફોર્મ્યુલા લાગુ કરવામાં આવી છે. ભાજપના ૧૩૨ ધારાસભ્યો ને કારણે તેમને સૌથી વધુ ૨૬ વિભાગ મળ્યા છે અને તેની સામે ૧,૬૮,૩૬૩,૮૩ કરોડ રૂપિયાનું બજેટ મળ્યું છે, જ્યારે શિવસેનાને ફક્ત ૧૭ ખાતાં હોવા છતાં ૧,૬૪,૧૦૩,૩૯ કરોડ રૂપિયાનું બજેટ મળશે. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી પાસે ૧૩ ખાતાનું બજેટ ૨,૨૪,૮૫૭,૩૦ કરોડ રૂપિયા હશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગૃહ, ઊર્જા, કાયદો અને ન્યાયની સાથે સામાન્ય વહીવટ અને માહિતી અને જનસંપર્ક વિભાગો ધરાવે છે. સીએમમાંથી ડેપ્યુટી સીએમ બનેલા એકનાથ શિંદેને નગર વિકાસ, આવાસ અને જાહેર બાંધકામ વિભાગો મળ્યા છે. અજિત પવાર નાણાં, આયોજન, રાજ્ય

(જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસે આંબેડકરનું અપમાન કર્યું; નહેરુ-ગાંધી પરિવાર કરતાં કોઈ મોટું થાય એવું નહોતું ઈચ્છતા : ફડણવીસ

નાગપુરઃ ફડણવીસે વિરોધ પક્ષ દ્વારા સંસદમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના ભાષણને વિકૃત રીતે રજૂ કરવા બદલ અહીં 'મીટ-ધ-પ્રેસ' કાર્યક્રમમાં બોલતાં ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસે આંબેડકરનું હંમેશા અપમાન કરવા બદલ રાષ્ટ્રની માફી માગવી જોઈએ. તેની ચિંતા એ હતી કે નહેરુ-ગાંધી પરિવારથી ઉપર કોઈનું કદ ન વધે. કૉંગ્રેસે લોકોને ગેરમાર્ગે દોરવા માટે આંબેડકર પર અમિત શાહની ટિપ્પણીઓને વિકૃત કરી હતી. ભાજપ અને શાહ સપનામાં પણ આંબેડકરનું અપમાન પણ કરવાનો વિચાર ન કરે.

ફડણવીસે પોતાનો દાખલો આપતાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભામાં પોતે આપેલું ભાષણ જ્યાં તેમણે કહ્યું હતું કે નક્સલવાદીઓ દેશના બંધારણમાં માનતા નથી તે એવી રીતે વિકૃત કરવામાં આવ્યું હતું કે એવું લાગે છે કે તેઓ બંધારણમાં માનતા નથી, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

''જેઓ આવા સંદેશાઓ ફરતા કરી રહ્યા છે તેમને ઓળખવા માટે અમારી પાસે હવે સમગ્ર ડિજિટલ ફૂટપ્રિન્ટ મેળવવાની ટેકનોલૉજી છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. કૉંગ્રેસ એ પણ જાણે છે કે ઈવીએમ ટેમ્પર-પ્રૂફ છે, પરંતુ ''જે ઊંઘનો માત્ર ઢોંગ કરે તેને જગાડી ન શકાય. તેમણે કહ્યું મહાયુતિને વિધાનસભાની ચૂંટણીમાં જંગી જનાદેશ

(જુઓ પાનું ૪) ▶▶

# પંકજા મુંડેને મળ્યો 'અશુભ' બંગલો

## રામટેક ચર્ચામાં શા માટે?

મુંબઈઃ મહાયુતિના પ્રધાનોને તેમના વિભાગોની ફાળવણી પછી, સરકારે તે બધાને મંત્રાલય બિલ્ડિંગમાં કેબિન અને મુંબઈમાં રહેવા માટે સરકારી બંગલા ફાળવ્યા છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેને રામટેક બંગલો આપવામાં આવ્યો હતો. આ બંગલો અશુભ માનવામાં આવે છે.આ બંગલામાં રહેતા પ્રધાનોની રાજકીય કારકિર્દીમાં ઘણી ઊથલપાથલ જોવા મળે છે. આથી બાવનકુળેને રામટેક બંગલો મળ્યા બાદ તેમના કાર્યકરો ડરી ગયા હતા, પરંતુ હવે એ વાત સામે આવી છે કે આ બંગલામાં પર્યાવરણ પ્રધાન પંકજા મુંડે રહેશે.

વાસ્તવમાં મલબાર હિલમાં સ્થિત રામટેક બંગલો ઘણો મોટો છે. આ બંગલામાંથી સમુદ્રનો સુંદર નજારો જોવા મળે છે. મહેસૂલ પ્રધાન બનેલા ચંદ્રશેખર બાવનકુળેને રામટેક બંગલો આપવામાં આવ્યો હતો. તે જ સમયે, પંકજા મુંડેને પર્ણકુટી બંગલો આપવામાં આવ્યો હતો, પરંતુ આ બંગલો બદલીને મુંડેને રામટેક બંગલો ફાળવવામાં આવ્યો. આમ બાવનકુળેના કાર્યકરો

(જુઓ પાનું ૪) ▶▶

# શિવેન્દ્રરાજે ભોસલેને મળ્યો હોલ નંબર ૬૦૨

## કાર્યકરોમાં ભયનું વાતાવરણ

મુંબઈઃ મહાયુતિ સરકારમાં પ્રધાનોને તેમના વિભાગોની ફાળવણી કર્યા પછી, સરકારે મુંબઈમાં રહેવા માટે મંત્રાલયમાં બનેલા હોલ અને સરકારી બંગલા ફાળવ્યા. પરંતુ જાહેર બાંધકામ વિભાગના પ્રધાન શિવેન્દ્રરાજે ભોસલે તેમને મંત્રાલયમાં મળેલા હોલને કારણે ટેન્શનમાં છે. શિવેન્દ્ર રાજેને હોલ નંબર ૬૦૨ મળ્યો છે. કહેવાય છે કે તેમાં બેઠેલા પ્રધાનોને ભૂતકાળમાં નિષ્ફળતા, હાર અને સંકટનો સામનો કરવો પડ્યો છે. આવી સ્થિતિમાં હોલ નંબર ૬૦૨ અશુભ માનવામાં આવે છે.

૧૯૯૯માં એનસીપી નેતા છગન ભુજબળ નાયબ મુખ્ય પ્રધાન બન્યા ત્યારે તેમને હોલ નંબર ૬૦૨ મળ્યો. ભુજબળને તેલગી કૌભાંડમાં પણ આરોપી બનાવવામાં આવ્યા હતા અને ભુજબળને રાજીનામું આપવું પડ્યું. અજિત પવારને ગઠબંધન સરકાર દરમિયાન હોલ નંબર ૬૦૨ મળ્યો હતો. પરંતુ અજિત પવાર પર સિંચાઈ કૌભાંડનો આરોપ હતો. જેના કારણે આ હોલ વિવાદમાં આવ્યો હતો.

૨૦૧૪માં રાજ્યમાં ભાજપ-શિવસેના ગઠબંધન

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૫ વર્ષ માટે ઊર્જા ક્ષેત્રનું આયોજન તૈયાર : ફડણવીસ

નાગપુરઃ સરકારે આગામી ૨૫ વર્ષ માટે રાજ્યના ઊર્જા ક્ષેત્ર માટે આયોજન કર્યું હોવાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું. નાગપુરમાં 'મીટ-ધ-પ્રેસ' કાર્યક્રમમાં તેમણે વિગતો આપી હતી કે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ હેઠળ ગરીબ લોકોને પૂરા પાડવામાં આવતા ઘર માટે સૌર ઊર્જાની સુવિધા પૂરી પાડવાની યોજના ધરાવે છે. આગામી બે-ત્રણ વર્ષમાં વીજળીના દર ઘટાડવાના પ્રયાસો પણ કરવામાં આવશે. ઊર્જા ખાતું ધરાવતા ફડણવીસના હસ્તક છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે 'વિવિધ સરકારી યોજનાઓ હેઠળ ગરીબોને પૂરા પાડવામાં આવતા મકાનોને વીજળીનું બિલ ન મળે એનું આયોજન અમે કરી રહ્યા છીએ.. આ ઘરોને સૌર ઊર્જા હેઠળ આવરી લેવામાં આવશે.' સિંચાઈ ક્ષેત્ર સહિત બાકી રહેલા પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મુંબઈ-પુણે હાઈવે પર ટૅન્કરમાં આગઃ હાઈવે-જામ

મુંબઈઃ મુંબઈ-પુણે હાઈવે પર રાયગઢ જિલ્લામાં વહેલી સવારના પૂરઝડપે જઈ રહેલા કેમિકલભર્યા ટેન્કરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ સવારના મુંબઈ-પુણે હાઈવે પર કેમિકલભર્યા ટેન્કરમાં આગ લાગવાથી કલાકો સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે આવીને આગ બુઝાવવી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયો હતો.બુધવારે વહેલી સવારના ક્રિસમસની રજા હોવાથી લોકો વહેલી સવારે જ ઘરની બહાર નીકળી ગયા હતા. ■

# માહિમ મેળો અચાનક બંધ કરવાનો આદેશ બોમ્બે હાઈ કોર્ટે રદ કર્યો

મુંબઈઃ મંગળવારે બોમ્બે હાઇ કોર્ટે માહિમ મેળો બે દિવસ વહેલો બંધ કરવાના મુંબઈ પોલીસના આદેશને ફગાવી દીધો હતો. આ મેળાનું આયોજન દર વર્ષે ઉર્સ નિમિત્તે કરવામાં આવે છે અને આ વર્ષે તે ૧૬ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે.

મુંબઈ પોલીસે સોમવારે રાત્રે મેળાના આયોજકો અને વિક્રેતાઓને નોટિસ જારી કરીને જણાવ્યું હતું કે નાતાલના અવસર પર સેન્ટ માઈકલ ચર્ચમાં ભીડ અને ટ્રાફિક જામમાં વધારો થવાની સંભાવના છે. તેથી મેળાની અનુમતિ રદ કરવામાં આવે છે. આ નોટિસ સામે એક વિક્રેતા ઝાહિદ ખમીસાએ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

ખમીસાના વકીલ પ્રસન્ના ભંગાલેએ કોર્ટને જણાવ્યું કે માહિમ મેળાનું આયોજન ૧૯૦૧થી સતત થઈ રહ્યું છે. આ મેળો દાયકાઓથી શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યો છે અને તેને અચાનક બંધ કરવા માટે કોઈ તાર્કિક કારણ નથી. મુંબઈ પોલીસ વતી માહિમ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર વિનાયક વિનલ અને સરકારી વકીલ પ્રાજક્તા શીંદેએ દલીલ કરી હતી કે મેળાનું આયોજન રસ્તાની બાજુમાં કરવામાં આવ્યું હતું અને તેના કારણે ટ્રાફિક જામ થાય છે, જેના કારણે સ્થાનિક લોકોને પરેશાની થાય છે.

જો કે, ન્યાયમૂર્તિ શિવકુમાર ડીજે અને અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચે શોધી કાઢ્યું હતું કે મેળાને અગાઉ આપવામાં આવેલી પરવાનગીમાં એવી શરત હતી કે જો જનતા તરફથી કોઈ ફરિયાદ આવે તો પરવાનગી રદ કરી શકાય છે. પરંતુ અચાનક મેળો બંધ કરી દેવાના પોલીસ આદેશમાં આવી કોઈ ફરિયાદનો ઉલ્લેખ કરાયો નથી.

કોર્ટે કહ્યું, 'ટ્રાફિક જામનો ડર મેળો બંધ કરવા પાછળનું કારણ ન હોઈ શકે. ટ્રાફિક પ્રબંધન પોલીસની જવાબદારી છે, જે વધારાનો સ્ટાફ તહેનાત કરીને ઉકેલી શકાય છે. કોર્ટના આ નિર્ણય બાદ હવે માહિમનો મેળો તેના નિર્ધારિત સમય સુધી ચાલુ રહેશે. ■

# ટ્રાફિક પોલીસનો 'સાન્તા રોડ શો'



મુંબઈઃ માર્ગ સુરક્ષા અને જવાબદારીનો સંદેશ આપવા માટે એન્ટોપ હિલ ટ્રાફિક પોલીસે ક્રિસમસ થીમ આધારિત વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશ દ્વારા ટ્રાફિક વિભાગે નાગરિકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવાનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ માટે પોલીસ અધિકારીઓ સાંતાક્લોઝનાં કપડાંમાં ૪૧ ટ્રાફિક ચોકી અને ૨૦૦ જંક્શન પર હાજર રહેશે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા વાહનચાલકોને વિશેષ ભેટ તરીકે કી-ચેઈન આપવામાં આવશે અને તેમને માર્ગ સુરક્ષા તેમ જ તેમની જવાબદારી અંગે સભાન કરવામાં આવશે.

# અમિત શાહ સામે થાણેમાં વિરોધ પ્રદર્શન

થાણાઃ ડૉ.બી.આર.આંબેડકર વિશે સંસદમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના વિવાદાસ્પદ નિવેદન સામે બુધવારે થાણામાં વિરોધ પ્રદર્શન કરી મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચો આનંદ નગર વર્કર્સ વેલ્ફેર સેન્ટરના મેદાનથી શરૂ થઈ બારા બંગલા સર્કલ ખાતેના છત્રપતિ શિવાજી મહારાજ સ્મારક પર સમાપ્ત થયો હતો. આ મોરચામાં સ્થાનિક આંબેડકરવાદીઓ અને કાર્યકરો સહભાગી થયા હતા. અમિત શાહના આ નિવેદનને લઈને કૉંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. જોકે, પોતાની ટિપ્પણી વિકૃત કરી રજૂ કરવામાં આવી હોવાનો દાવો અમિત શાહે કર્યો હતો. (પીટીઆઈ)■

# કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકીની હત્યા કરાઈ હતીઃ મુખ્ય આરોપી બુલઢાણામાંથી પકડાયો

## આરોપીની ત્રીજી પત્ની સહિત બે પકડાયાંઃ નાગરિકોનો રોષ ભભૂક્યોઃ રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન

થાણેઃ કલ્યાણમાં ઘરની બહારથી ગુમ થયેલી ૧૨ વર્ષની બાળકીનો મૃતદેહ કબ્રસ્તાન નજીકથી મળી આવ્યાના કેસમાં ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. અપહરણ બાદ બાળકીની હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં જણાતાં પોલીસે કથિત મુખ્ય આરોપીની બુલઢાણાથી ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપીની ત્રીજી પત્ની સહિત બે જણની પણ ધરપકડ કરવામાં આવી હતી. ઘટનાને પગલે લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો, જેને પગલે રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.


કોલસેવાડી પોલીસે ધરપકડ કરેલા 'મુખ્ય આરોપી'ની ઓળખ વિશાલ ગવળી તરીકે થઈ હતી. કલ્યાણના કોલસેવાડી પરિસરમાં રહેતા ગવળી વિરુદ્ધ અગાઉ પણ અનેક ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

પોલીસે ગવળીની ત્રીજી પત્ની સાક્ષી ગવળીની પણ ધરપકડ કરી હતી. સાક્ષી બૅન્કમાં નોકરી કરે છે. ધરપકડ પછી સાક્ષીને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવી હતી. કોર્ટે તેને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ઝોન-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે બાળકી સોમવારે કોલસેવાડી ખાતેના ઘર બહાર રમી રહી હતી ત્યારે સાંજે ચાર વાગ્યાની આસપાસ તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં બીજી સવારે મંગળવારે ૧૦ વાગ્યાની આસપાસ તેનો મૃતદેહ ભિવંડી નજીકના બાપગાંવ ખાતે કબ્રસ્તાનની દીવાલ પાસેથી મળી આવ્યો હતો. હત્યા પાછળનો હેતુ સ્પષ્ટ થયો નહોતો.

પોલીસ બાળકીના શબના પોસ્ટમોર્ટમના રિપોર્ટની રાહ જોઈ રહી છે. પોસ્ટમોર્ટમના અહેવાલમાં બાળકી સાથે દુષ્કર્મ થયાનું જાણવા મળશે તો આરોપી વિરુદ્ધના કેસમાં બળાત્કાર સંબંધી કલમો પણ ઉમેરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. તપાસ દરમિયાન પોલીસે આ કેસના મુખ્ય આરોપી તરીકે ગવળીને ઓળખી કાઢ્યો હતો. ફરાર ગવળી બુલઢાણાના શેગાંવમાં તેના સાસરે હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. હંમેશાં દાઢી રાખતા ગવળીએ તેની ઓળખ છુપાવવા દાઢી કઢાવી નાખી હતી. તેમ છતાં પોલીસે તેને ઓળખી કાઢ્યો હતો અને બુધવારની સવારે તેની ધરપકડ કરાઈ હતી. પોલીસે ગુનામાં વપરાયેલી રિક્ષા પણ હસ્તગત કરી હોવાનું ડીસીપી ઝેંડેએ જણાવ્યું હતું. પોલીસે આ કેસમાં અન્ય કોઈ આરોપી સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ માટે વિવિધ સ્થળના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ ચકાસી રહી છે. આરોપી ગવળીએ ત્રીજી વાર લગ્ન કર્યા હોવાનું જણાયું હતું. તેના મગજમાં વિકૃતિ ઘર કરી ગઈ છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવશે, એવું અધિકારીનું કહેવું છે. કોલસેવાડી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક કદમે જણાવ્યું હતું કે બાળકી ગુમ થયા પછી તેના વડીલોએ સોમવારની સાંજે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. તે સમયે પોલીસે અપહરણનો ગુનો નોંધી બાળકીની શોધ હાથ ધરી હતી. બાળકીનો મૃતદેહ મળ્યા પછી આ મામલે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રને પ્રવાસન ક્ષેત્રે નંબર વન બનાવશુંઃ શંભુરાજ દેસાઈ

કરાડઃ નવા ચૂંટાયેલા પ્રવાસન મંત્રી શંભુરાજ દેસાઈએ ખાતરી આપી હતી કે રાજ્યની પ્રવાસન વિકાસ યોજના નવેસરથી તૈયાર કરવામાં આવશે અને મહારાષ્ટ્રને પ્રવાસન ક્ષેત્રે નંબર વન રાજ્ય બનાવાશે. શંભુરાજે જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્રમાં પ્રવાસનનો વિશાળ અવકાશ હોવાથી તેઓ વૈશ્વિક પ્રવાસન નિષ્ણાતોની મદદથી સમગ્ર રાજ્ય માટે નવી પ્રવાસન વિકાસ યોજના તૈયાર કરશે. તે યોજના અનુસાર મહારાષ્ટ્રને પ્રવાસન ક્ષેત્રે દેશનું નંબર વન રાજ્ય બનાવવાનો ઈરાદો છે. મારી પાસે પ્રવાસન, ખાણકામ અને ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગનો હવાલો છે અને હું આ તમામ વિભાગોને ન્યાય આપવાનો પ્રયાસ કરી રહ્યો છું,' એમ તેમણે જણાવ્યું હતું. ■



**મૅરી ક્રિસમસઃ** માટુંગાની ડૉન બોસ્કો ચર્ચમાં ઈશુ ભગવાનના જન્મનો મહોત્સવ બુધવારે ઉજવવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# આદિત્ય ઠાકરેએ દેવેન્દ્ર ફડણવીસને ચિઠ્ઠી લખીને શહેરમાંથી પોસ્ટર્સ હટાવવા કહ્યું?

મુંબઈઃ શિવસેના (ઠાકરે જૂથ)ના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને મુંબઈમાં રાજકીય પક્ષો અને નેતાઓના પોસ્ટર, બેનરો અને હોર્ડિંગ્સ લગાવવા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. આદિત્ય ઠાકરેએ સીએમને લખેલા પત્રમાં કહ્યું છે કે આવા પોસ્ટરોને કારણે શહેરની સુંદરતા બગડે છે અને તે જોઈને દુખ થાય છે. તેમણે એમ પણ કહ્યું કે બીએમસી વિપક્ષી પાર્ટીઓના પોસ્ટરો હટાવી રહી છે, પરંતુ શાસક પક્ષના પોસ્ટર હજુ પણ છે. ઠાકરેએ કહ્યું કે રાજકીય પક્ષોના આવા પોસ્ટરો વિશ્વના અન્ય કોઈ દેશમાં પ્રદર્શિત થતા નથી. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે આપણે નવા વર્ષમાં પગ મુકવાના છીએ. આવી સ્થિતિમાં, અમે રાજકીય પક્ષોના કાયદેસર અને ગેરકાયદે પોસ્ટરો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકીને નાગરિકોને રાહત આપી શકીએ છીએ. રાજકીય કારણોસર છેલ્લાં બે વર્ષથી મહારાષ્ટ્રના લગભગ દરેક શહેરમાં પાર્ટીઓ અને નેતાઓના હજારો પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આદિત્યનું કહેવું છે કે આ પોસ્ટરો શહેરની સુંદરતા બગાડે છે જે જોઈને દુખ થાય છે. બીએમસી વિરોધ પક્ષોના પોસ્ટરો હટાવી રહી છે પરંતુ શાસક પક્ષના પોસ્ટરો હટાવતી નથી. આવા રાજકીય પોસ્ટરો દુનિયાના અન્ય કોઈ દેશમાં જોવા મળતા નથી.

આદિત્યએ પત્રમાં ફડણવીસને આવાહ્‌ન કર્યું કે શહેરને સુંદર બનાવવા માટે દરેક રાજકીય પક્ષ બેનર્સ ન લગાવવાનો નિર્ણય કરે. ફડણવીસને આ દિશામાં પહેલ કરવા વિનંતી કરીને આદિત્યએ એમ પણ કહ્યું કે અમે તેમાં તમને સાથ આપીશું. હાલની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં મહાયુતિને જોરદાર જીત મળી હતી, જ્યારે મહાવિકાસ યુતિનો રકાસ થયો હતો. ત્યાર પછી પહેલી વાર વિપક્ષો દ્વારા કોઈ ક્ષેત્રમાં સહકારની ભાવના બતાવવામાં આવી રહી છે. ■

# મહારાષ્ટ્રનાં વાહનો માટે હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટની કિંમત ₹ ૫૩૧ થી ₹ ૮૭૯

મુંબઈઃ મહારાષ્ટ્ર પરિવહન વિભાગે જણાવ્યા મુજબ, વાહન માલિકોએ ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા નોંધાયેલા વાહનો પર ફરજિયાત હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ લગાવવા માટે રૂ. ૫૩૧ થી રૂ. ૮૭૯ સુધીની કિંમત ચૂકવવી પડશે. કિંમતમાં અને સ્નેપ લોકનો ખર્ચ સામેલ છે. પરિવહન વિભાગની ચુકવણી લિંક બુધવારે ખુલી હતી. મોટરસાઇકલ અને સ્કૂટર જેવા ટૂ-વ્હિલર અને ટ્રેક્ટર પર ફીટ કરવાનો ખર્ચ રૂ. ૫૩૧, ઓટો-રિક્ષા જેવા ત્રણ-વ્હિલર માટે રૂ. ૫૯૦ અને કાર, બસ, ટ્રક, ટેન્કર, ટેમ્પો અને ટ્રેલર જેવા ચાર કે તેથી વધુ પૈડાવાળા વાહનો માટે રૂ. ૮૭૯ રહેશે. એપ્રિલ ૨૦૧૯ પહેલા નોંધાયેલા જૂના વાહનોમાં ફીટ કરવા માટે, રાજ્ય પરિવહન વિભાગે તેની વેબસાઇટ અને સમર્પિત વેબપેજ પર એપોઇન્ટમેન્ટ સુવિધા ઉપલબ્ધ કરાવી છે. વિભાજન મુજબ, સિવાય, ટૂ-વ્હિલર અને થ્રી-વ્હીલર માટે ૨૦૦ ≀ ૧૦૦ અને ૨૮૫ ≀ ૪૫ કદની દરેક પ્લેટની કિંમત ૨૧૯.૯ રૂપિયા હશે, જ્યારે ચાર કે તેથી વધુ વ્હીલર માટે ૫૦૦ ૧૨૦ અને ૩૪૦ ૨૦૦ કદની પ્લેટની કિંમત ૩૪૨.૪૧ રૂપિયા હશે. સિવાય, સ્નેપ લોક અને ત્રીજા નોંધણી ચિહ્‌નની કિંમત, બધા પ્રકારના

(જુઓ પાનું ૪) ▶▶

# મેલબર્નમાં ભારતને જીતની હૅટ-ટ્રિકનો મોકો: આજથી ટેસ્ટ મૅચ

### ૧૯૮૫માં કપિલદેવના સુકાનમાં આ અનેરી સિદ્ધિ ચૂકી ગયા હતા

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફી અત્યંત રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે અને ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે મેલબર્નમાં શરૂ થતી સિરીઝની ચોથી ટેસ્ટ જીતીને ભારતને ૨-૧થી સરસાઈ કરવા તો મળશે જ, ભારતીય ટીમ આ ઐતિહાસિક સ્થળે નવો ઇતિહાસ પણ રચશે. ટીમ ઇન્ડિયાને મેલબર્નમાં ટેસ્ટ-વિજયની હૅટ-ટ્રિક નોંધાવવાનો પણ સુવર્ણ મોકો છે. ૧૯૮૫માં કપિલદેવના સુકાનમાં ભારતીય ટીમ આ સિદ્ધિ મેળવતાં ચૂકી ગઈ હતી, પણ હવે ભારતીય ટીમને ફરી તક મળી છે.

ઉલ્લેખનીય છે કે ૧૪૭ વર્ષ પહેલાં સૌપ્રથમ ટેસ્ટ મેલબર્નમાં રમાઈ હતી જેમાં યજમાન ઑસ્ટ્રેલિયાએ ક્રિકેટના જનક ઇંગ્લૅન્ડની ટીમને ૪૫ રનથી હરાવી દીધી હતી.

મેલબર્નમાં ભારતનો મિશ્ર દેખાવ રહ્યો છે. આ સ્થળે ભારત ૧૪ ટેસ્ટ રમ્યું છે જેમાંથી આઠ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાનો અને ચાર ટેસ્ટમાં ભારતનો વિજય થયો છે. બે ટેસ્ટ ડ્રૉ રહી છે.

ભારત મેલબર્નમાં જીતની હૅટ-ટ્રિક નોંધાવવામાં એક વાર નિષ્ફળ રહી અને હવે બીજી વાર જે મોકો મળ્યો છે એમાં સફળતા મળી શકે એમ છે. જોકે ભારતના ટોચના બૅટર્સે અસલ પર્ફોર્મન્સ બતાવવો જ પડશે.

૨૦૧૮માં મેલબર્નમાં ભારતે મેલબર્નની ટેસ્ટમાં ૧૩૭ રનથી વિજય મેળવ્યો હતો. ત્યાર બાદ ૨૦૨૦માં ભારતે આઠ વિકેટથી જીત હાંસલ કરી હતી. હવે ૨૦૨૪માં સતત ત્રીજી ટેસ્ટ જીતવાની તક છે.

૧૯૮૫માં કપિલદેવના સુકાનમાં ઍલન બોર્ડરની ઑસ્ટ્રેલિયન ટીમ સામે જીતી શકી હોત, પણ એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. એ પહેલાં, ૧૯૮૧માં ભારતે ઑસ્ટ્રેલિયાને ૫૯ રનથી અને એ અગાઉ ૧૯૭૮માં ૨૨૨ રનથી હરાવ્યું હતું.

# વિજય હઝારે વન-ડે ટૂર્નામેન્ટમાં સંસદસભ્ય પપ્પુ યાદવનો પુત્ર રમ્યો મૅચ-વિનિંગ ઈનિંગ્સ

### દિલ્હી વતી ઓપનિંગમાં છગ્ગા-ચોક્કાની મદદથી બનાવ્યા ઉપયોગી ૪૧ રન

હૈદરાબાદ: હાલમાં ચાલી રહેલી વિજય હઝારે ટ્રૉફી વન-ડે ટૂર્નામેન્ટમાં ઘણા જાણીતા અને અજાણ્યા બૅટર્સ પોતપોતાની ટીમ માટે મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમ્યા છે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે એમાં એક ઓછો જાણીતા બૅટર એ પણ છે જે જાણીતા રાજકીય નેતાનો પુત્ર છે અને ઓપનિંગમાં તેણે પોતાની ટીમ માટે ઉપયોગી રન બનાવ્યા હતા.

બિહારના પૂર્ણિયા મતવિસ્તારના સંસદસભ્ય પપ્પુ યાદવનો પુત્ર સાર્થક રંજન દિલ્હીની ટીમમાં છે અને તેણે બે દિવસ પહેલાં અહીં મધ્ય પ્રદેશ સામેની મૅચમાં મૅચ-વિનિંગ ૪૧ રન બનાવીને દિલ્હીને જીતનો પાયો નાખી આપ્યો હતો. ૨૮ વર્ષનો સાર્થક રંજન રાઇટ-હૅન્ડ બૅટર છે. ભૂતકાળમાં તે દિલ્હી અન્ડર-૧૬ અને દિલ્હી અન્ડર-૧૯ ટીમ વતી રમી ચૂક્યો છે. તેણે છ વર્ષે ડોમેસ્ટિક ક્રિકેટમાં વાપસી કરી છે. ૨૦૧૮માં તેણે દિલ્હી વતી ડેબ્યૂ કર્યું હતું અને ત્યાર બાદ ક્રિકેટવર્લ્ડમાંથી ગાયબ થઈ ગયો હતો.

સોમવારે સાર્થકે ૬૮ બૉલમાં એક સિક્સર અને ચાર ફોરની મદદથી ૪૧ રન બનાવ્યા હતા. તેનો સાથી-ઓપનર વૈભવ કંડપાલ માત્ર બે રન બનાવીને આઉટ થઈ ગયો હતો, પણ પછી સાર્થકે આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ વતી રમી ચૂકેલા ઑલરાઉન્ડર હિતિક શોકીન સાથે મળીને બીજી વિકેટ માટે ૪૩ રનની ભાગીદારી કરીને દિલ્હીને વધુ મુશ્કેલીમાં જતાં રોક્યું હતું. શોકીન પણ આક્રમક ઇનિંગ્સ રમ્યો હતો. તેણે બાવીસ બૉલમાં બે સિક્સર અને ત્રણ ફોર સાથે ૨૮ રન બનાવ્યા હતા.

આઇપીએલમાં બેન્ગલૂરુ અને રાજસ્થાન વતી રમી ચૂકેલા જાણીતા વિકેટકીપર-બૅટર અનુજ રાવત (૭૮ રન, ૧૦૩ બૉલ, પાંચ સિક્સર, આઠ ફોર)નું દિલ્હીના કુલ ૨૧૧ રનમાં સૌથી મોટું યોગદાન હતું.

રજત પાટીદારના સુકાનમાં મધ્ય પ્રદેશની ટીમ માત્ર ૧૩૨ રન બનાવી શકી હતી અને દિલ્હીનો ૭૯ રનથી વિજય થયો હતો. દિલ્હીના નવદીપ સૈનીએ ચાર વિકેટ અને હતિક શોકીને ત્રણ વિકેટ લીધી હતી.

ભારત જીતશે તો ટ્રૉફી રીટેન કરશે

# મેલબર્નમાં મહાજંગ

### ૨૬ ડિસેમ્બરની ટેસ્ટ કેમ બૉક્સિંગ-ડે ટેસ્ટ કહેવાય છે? સંભવિત-ઈલેવન કેવી હોઈ શકે?

મેલબર્ન: અહીં આજે (સવારે ૫.૦૦ વાગ્યાથી) શરૂ થતી બોર્ડર-ગાવસકર ટ્રૉફીની ચોથી ટેસ્ટ વિશેનો હિસાબ ચોખ્ખો છે. જો ભારત આ ટેસ્ટ જીતશે તો આ ટ્રૉફી રીટેન કરશે અને યજમાન ઑસ્ટ્રેલિયા જીતશે તો તેઓ ભારત સામે એક દાયકા કરતાં પણ વધુ સમય બાદ પહેલી વાર સિરીઝ જીતવાની દિશામાં આગળ વધશે.

ઑસ્ટ્રેલિયા આ મૅચ હારશે અને ભારત ૨-૧થી આગળ થઈ જશે એ સાથે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં પહોંચવાનું કાંગારૂઓ માટે લગભગ અસંભવ થઈ જશે.

મેલબર્નમાં હવામાન ખૂબ સારું છે એટલે મૅચનું પરિણામ લગભગ આવશે જ, ડ્રૉની સંભાવના ઓછી છે.

બન્ને ટીમ એક-એક મૅચ જીતી છે અને બ્રિસ્બેનની ત્રીજી ટેસ્ટ વરસાદને કારણે ડ્રૉમાં પરિણમી હતી.

દરરોજ અંદાજે ૯૦,૦૦૦ જેટલા પ્રેક્ષકો આ મૅચ સ્ટેડિયમમાં બેસીને નિહાળશે.

વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ એકલે હાથે ટીમ ઇન્ડિયાને આ સિરીઝમાં વિજય તરફ દોરી રહ્યો છે એમ કહીએ તો પણ ચાલે. તેની ૨૧ વિકેટ આ સિરીઝમાં તમામ બોલર્સમાં હાઈએસ્ટ છે. બૅટર્સમાં કે. એલ. રાહુલ અને અમુક અંશે રવીન્દ્ર જાડેજા તેમ જ નીતિશ કુમાર રેડ્ડી ભારતની લાજ સાચવવામાં મોટું યોગદાન આપી રહ્યા છે.

ઑસ્ટ્રેલિયા ૧૯ વર્ષની ઉંમરના સૅમ કૉન્સ્ટૅસને ડેબ્યૂ કરવાનો મોકો આપવાનું છે. બીજી તરફ, ભારતના યુવાન ઓપનર યશસ્વી જયસ્વાલ પર સૌની નજર રહેશે, કારણકે તેણે આ સિરીઝમાં નિરાશ કર્યા છે.

'બૉક્સિંગ-ડે'નો ઇતિહાસ ૧૯૧ વર્ષ જૂનો છે. આ ઓળખ ચાર્લ્સ ડિકન્સે આપી હતી. દર વર્ષે ક્રિસમસના બીજા દિવસે કંપની તરફથી પોતાના કર્મચારીઓને તેમ જ ઘણા લોકો તરફથી સગાસંબંધીઓ તથા મિત્રોને જે ગિફ્ટ આપવામાં આવે છે એને બૉક્સમાં ગોઠવીને પૅક કરવામાં આવતી હોવાથી એ દિવસ (નાતાલ પછીનો દિવસ એટલે કે ૨૬મી ડિસેમ્બર) બૉક્સિંગ-ડે તરીકે મનાવાય છે. ઇંગ્લૅન્ડમાં આ પ્રથા શરૂ થઈ હતી અને કૉમનવેલ્થ રાષ્ટ્રો (બ્રિટિશરોએ જ્યાં રાજ કર્યું હોય એવા દેશો)માં આ પ્રથા દર વર્ષે અનુસરવામાં આવે છે. આ શુભ દિનને ધ્યાનમાં રાખીને આ દેશોમાં ખાસ કરીને ૨૬મી ડિસેમ્બરે મૅચ રમવામાં આવે છે અને ટેસ્ટ-સિરીઝ રખાઈ હોય તો એક ટેસ્ટ આ દિવસથી અચૂક શરૂ કરવામાં આવે છે.

બૉક્સિંગ-ડેનો ક્રિકેટ સાથેનો નાતો દોઢસો વર્ષ જૂનો છે. પ્રથમ બૉક્સિંગ-ડે ક્રિકેટ મૅચ મેલબર્નમાં ૧૮૬૫માં વિક્ટોરિયા અને ન્યૂ સાઉથ વેલ્સ વચ્ચે રમાઈ હતી. એ મૅચમાં સમયની કોઈ જ મર્યાદા નહોતી અને પ્રત્યેક ઓવર ચાર બૉલની હતી.

ઑસ્ટ્રેલિયામાં સૌપ્રથમ બૉક્સિંગ-ડે ટેસ્ટ ૧૯૫૦માં રમાઈ હતી. ખરેખર તો એ ટેસ્ટ ૨૨-૨૮ ડિસેમ્બર દરમ્યાન રમાઈ હતી અને એમાં ૨૫-૨૬ ડિસેમ્બર રેસ્ટ ડે હતા. ઑસ્ટ્રેલિયાએ ઇંગ્લૅન્ડ સામેની એ ટેસ્ટ ૨૮ રનથી જીતી લીધી હતી. ૧૯૭૯માં કેરી પૅકરે ઑસ્ટ્રેલિયન ક્રિકેટને લગતા તમામ ટીવી રાઇટ્સ ખરીદી લીધા ત્યારથી બૉક્સિંગ-ડે ટેસ્ટ દર વર્ષે રમાય છે. માત્ર ૧૯૮૯માં ઑસ્ટ્રેલિયાએ બૉક્સિંગ-ડેને દિવસે શ્રીલંકા સામે વન-ડેનું આયોજન કર્યું હતું.

ઑસ્ટ્રેલિયામાં ભારતની એકમાત્ર વિદેશી ટીમ એવી છે જે ઉપરાઉપરી બે બૉક્સિંગ-ડે જીતી છે. હાલમાં સિરીઝ ૧-૧ની બરાબરીમાં છે અને જો વધુ એક મૅચ જીતીશું તો ભારતના નામે એવો ઇતિહાસ લખાશે જેની બરાબરી કદાચ અન્ય દેશો વર્ષો સુધી નહીં કરી શકે.









મેલબર્નનું ઐતિહાસિક મેદાન (એકદમ ઉપર) જ્યાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સિરીઝની ચોથી ટેસ્ટ શરૂ થઈ રહી છે. આ બૉક્સિંગ-ડે ટેસ્ટમાં ખાસ કરીને ભારતીય બૅટર્સ (વચ્ચેની તસવીર)ની આકરી કસોટી થશે. જસપ્રીત બુમરાહ કુલ ૨૧ વિકેટ સાથે સિરીઝના તમામ બોલર્સમાં મોખરે છે.

### બન્ને દેશની સંભવિત ઈલેવન

ભારત: રોહિત શર્મા (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, નીતિશ રેડ્ડી/વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, આકાશ દીપ અને મોહમ્મદ સિરાજ.

ઑસ્ટ્રેલિયા: પૅટ કમિન્સ (કૅપ્ટન), ઉસમાન ખ્વાજા, સૅમ કૉન્સ્ટેસ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, મિચલ માર્શ, ઍલેક્સ કૅરી (વિકેટકીપર), મિચલ સ્ટાર્ક, નૅથન લાયન અને સ્કૉટ બૉલેન્ડ.

# બુમરાહ ૯૦૪ રેટિંગ પૉઇન્ટ મેળવનાર ભારતનો પ્રથમ ફાસ્ટ બોલર બન્યો

### બૉક્સિંગ-ડે ટેસ્ટ પહેલાં જ નવો ઈતિહાસ રચ્યો, અશ્વિનની બરાબરી કરી

મેલબર્ન: બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ-સિરીઝમાં મેલબર્નમાં ગુરુવારે શરૂ થતી બૉક્સિંગ-ડે ટેસ્ટની પૂર્વસંધ્યાએ (બુધવારે) જસપ્રીત બુમરાહે આઇસીસીના ટેસ્ટ રૅન્કિંગ્સમાં ભારત માટે નવો ઇતિહાસ રચી દીધો હતો. તે ટેસ્ટ બોલર્સના રૅન્કિંગ્સમાં ૯૦૪ રેટિંગ પૉઇન્ટ મેળવનારો ભારતનો બીજો બોલર અને પ્રથમ ફાસ્ટ બોલર છે. ઑફ-સ્પિનર રવિચન્દ્રન અશ્વિને ૨૦૧૬માં મુંબઈમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની ચોથી ટેસ્ટ વખતે ૯૦૪ પૉઇન્ટની અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. તેની પહેલાં કે તેના પછી ક્યારેય કોઈ ભારતીય બોલર ટેસ્ટ બોલર્સના રૅન્કિંગમાં ૯૦૪ પૉઇન્ટ સુધી નહોતો પહોંચી શક્યો, પરંતુ હવે ફાસ્ટ બોલર બુમરાહે તેની બરાબરી કરી છે.

બ્રિસ્બેનની ત્રીજી ટેસ્ટમાં બુમરાહે કુલ ૯૪ રનમાં નવ વિકેટ લીધી હતી જેને કારણે તેના રેટિંગમાં ૧૪ પૉઇન્ટ વધી ગયા હતા. વર્તમાન સિરીઝની ત્રણ ટેસ્ટમાં તેણે જે ૨૧ વિકેટ લીધી છે એ હાઇએસ્ટ છે. આ ૨૧ વિકેટે તેને કુલ ૪૮ રેટિંગ પૉઇન્ટ અપાવ્યા છે. સાઉથ આફ્રિકાનો કૅગિસો રબાડા ૮૫૬ પૉઇન્ટ સાથે બીજા નંબરે અને ઑસ્ટ્રેલિયાનો જૉશ હૅઝલવૂડ ૮૫૨ પૉઇન્ટ સાથે ત્રીજા ક્રમે છે. ઑસ્ટ્રેલિયાનો કૅપ્ટન પૅટ કમિન્સ ૮૨૨ પૉઇન્ટ સાથે ચોથા ક્રમે અને તાજેતરમાં જ નિવૃત્ત થયેલો અશ્વિન ૭૮૯ પૉઇન્ટ સાથે પાંચમા નંબરે છે.

વર્તમાન સિરીઝમાં બીજા નંબરે મિચલ સ્ટાર્ક (૧૪ વિકેટ) છે અને તે બુમરાહથી ઘણો પાછળ છે.

ફરી ટેસ્ટ બોલર્સના રેટિંગ પૉઇન્ટની વાત કરીએ તો ઇંગ્લૅન્ડના મહાન ફાસ્ટ બોલર સિડની બાર્ન્સના નામે વર્લ્ડ રેકૉર્ડ છે. ૧૯૧૪માં તેમણે ૯૩૨ રેટિંગ પૉઇન્ટ હાંસલ કર્યા હતા. બીજા નંબરે ઇંગ્લૅન્ડના જ ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જ્યોર્જ લૉહમૅન (૯૩૧), ત્રીજા નંબરે પાકિસ્તાનના ફાસ્ટ બોલર ઇમરાન ખાન (૯૨૨), ચોથા નંબરે શ્રીલંકાનો ભૂતપૂર્વ ઑફ-સ્પિનર મુથૈયા મુરલીધરન (૯૨૦) અને પાંચમા નંબરે ઑસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ગ્લેન મૅકગ્રા (૯૧૪) છે.

# ભારતીય મહિલા ક્રિકેટરોને શુક્રવારે વડોદરામાં ક્લીન-સ્વીપનો મોકો

વડોદરા: હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે મંગળવારે અહીં વેસ્ટ ઇન્ડિઝની પ્રવાસી ટીમને સિરીઝની સતત બીજી વન-ડેમાં ૧૧૫ રનના તોતિંગ તફાવતથી હરાવીને ૨-૦ની સરસાઈ સાથે ટ્રોફી પર કબજો કરી લીધો ત્યાર પછી હવે શુક્રવાર, ૨૭મી ડિસેમ્બરે આ જ સ્થળે ત્રીજી મૅચ પણ જીતીને ભારતને ૩-૦થી કૅરિબિયન ટીમનો વાઇટ-વૉશ કરવાનો મોકો છે.

મંગળવારની બીજી મૅચમાં ભારતે હર્લીન દેઓલ (૧૧૫ રન)ની ૧૬ ફોરની મદદથી બનેલી ધમાકેદાર સદીની મદદથી પાંચ વિકેટે ૩૫૮ રન બનાવ્યા હતા જેમાં ત્રણ બૅટરની હાફ સેન્ચુરી પણ સામેલ હતી. સ્મૃતિ મંધાનાએ ૫૩ રન, પ્રતિકા રાવલે ૭૬ રન અને જેમાઇમા રૉડ્રિગ્સે બાવન રન બનાવ્યા હતા.

વેસ્ટ ઇન્ડિઝની આઠ બોલર ભારતીય ટીમને સાડાત્રણ-પ્લસનો સ્કોર બનાવતા રોકી નહોતી શકી.

નવાઈની વાત એ છે કે હર્લીનના ૧૧૫ રનમાં એક પણ સિક્સર નહોતી. તેણે ૧૩૨ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૦૩ બૉલમાં આ ૧૧૫ રન બનાવ્યા હતા.

સિરીઝમાં હર્લીન કુલ ૧૫૯ રન સાથે તમામ બૅટર્સમાં મોખરે છે, જ્યારે સ્મૃતિ મંધાના ૧૪૪ રન સાથે બીજા સ્થાને છે. કૅરિબિયન ટીમ મંગળવારે હૅલી મૅથ્યૂઝ (૧૦૬ રન)ની સદી છતાં ૨૪૩ રનમાં આઉટ થઈ ગઈ હતી. પ્રિયા મિશ્રાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

# મેલબર્નમાં વિરાટને મળી ગઈ ડાઈ-હાર્ડ ફૅન




મેલબર્ન: વિરાટ કોહલીને મેલબર્નમાં બે દિવસ પહેલાં રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુની ફૅન મળી ગઈ હતી અને તેણે વિરાટનો ઑટોગ્રાફ મેળવ્યા પછી તેની સાથે ફોટો પડાવ્યો હતો (જમણે). ઉલ્લેખનીય છે કે મહિલાઓની ડબ્લ્યૂપીએલમાં આરસીબી-વિમેન ટીમ ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે.

ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઇરફાન પઠાણે મેલબર્ન શહેરમાં લટાર મારીને જૂની યાદો તાજી કરી હતી (ડાબે). તે મેલબર્નમાં સારું નહોતો રમ્યો, પણ અહીંના ઐતિહાસિક સ્થળે રમવાનો મોકો તેને ઘણી વાર મળ્યો હતો. ઇરફાને ૨૦૦૩થી ૨૦૧૨ સુધીમાં ૧૭૦-પ્લસ ઇન્ટરનૅશનલ મૅચમાં કુલ ૩૦૦ જેટલી વિકેટ લીધી હતી અને ૨,૮૦૦ જેટલા રન બનાવ્યા હતા.

# ધોની બની ગયો સાન્તા ક્લોઝ, ઓળખ્યો કે નહીં?



રાંચી: મહેન્દ્રસિંહ ધોનીએ બુધવારે નાતાલની ઉજવણીને યાદગાર બનાવી દીધી હતી. તેણે પત્ની સાક્ષી અને પુત્રી ઝિવા માટેના ખાસ સેલિબ્રેશનમાં સાન્તા ક્લોઝ બનીને સૌને ચોંકાવી દીધા હતા.

૪૩ વર્ષનો ધોની સામાન્ય રીતે સોશિયલ મીડિયાથી દૂર રહે છે એટલે બહુ ચર્ચામાં નથી આવતો. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયા બાદ પરિવાર સાથે જિંદગી ખૂબ માણી રહ્યો છે.

તેણે સાન્તા ક્લોઝનો પોશાક પહેરીને પરિવાર અને મિત્રો સાથે ક્રિસમસની શાનદાર ઉજવણી કરી હતી.

ધોનીની પત્ની સાક્ષીએ મિત્રોની મદદથી સાન્તા ક્લોઝ બનેલા પતિ અને ઝિવા સાથેનો ફોટો મીડિયામાં શૅર કર્યો હતો. ઇન્સ્ટાગ્રામ પર ધોનીને સાન્તા શૂટમાં તથા યલો ગ્લાસિસમાં જોઈને તેના અસંખ્ય ચાહકોએ ખુશી વ્યક્ત કરી હતી અને તેને અનેક લાઇક્સ મળી હતી.

આ પોશાકમાં ધોની જરાય ઓળખાય એવો નહોતો. પત્ની અને પુત્રી ઝિવા સાથેની તેની તસવીરમાં પરિવારની બાજુમાં ડેકૉરેશનવાળું ક્રિસમસ ટ્રી જોવા મળે છે.

# રોનાલ્ડો લૅપલૅન્ડ ટાપુ પર ફૅમિલી સાથે સાન્તા ક્લોઝને મળ્યો



લૅપલૅન્ડ: ફૂટબૉલનો સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પરિવાર સાથે યુરોપમાં ફિનલૅન્ડના લૅપલૅન્ડ ટાપુ પર ગયો છે જ્યાં બુધવારે તેઓ સાન્તા ક્લોઝને મળ્યા હતા.

રોનાલ્ડ પરિવાર સાથે ક્રિસમસનું વેકેશન ઉજવવા પરિવારજનો સાથે આ ટાપુ પર પહોંચ્યો છે.

રોનાલ્ડોએ યુટ્યૂબ ચૅનલ પર કહ્યું, 'અમારા માટે આ સ્પેશિયલ ડે છે. અમે સાન્તા ક્લોઝને મળ્યા એટલે અમારો દિવસ વધુ સારો થઈ ગયો.'

પોર્ટુગલનો આ સૉકર-સિતારો બરફથી છવાયેલા વિસ્તાર વચ્ચે ઠંડાગાર પાણીમાં નાહ્યો પણ હતો.

યુટ્યૂબ પર ૧૦ મિનિટનો વીડિયો રિલીઝ થયો છે જેમાં રોનાલ્ડો તેની પાર્ટનર જ્યોર્જિના રૉડ્રિગેઝ તેમ જ તેમના બાળકો સાથે જોવા મળે છે.

રોનાલ્ડો લા લિગા લીગમાં રિયલ મૅડ્રિડ વતી અને ઇંગ્લિશ પ્રીમિયર લીગમાં મૅન્ચેસ્ટર યુનાઇટેડ વતી રમ્યો છે. હાલમાં તેનો સાઉદી અરેબિયાની અલ-નાસર ટીમ સાથે કૉન્ટ્રૅક્ટ છે.

રોનાલ્ડો ૯મી જાન્યુઆરી સુધી વેકેશન પર છે. તેણે લૅપલૅન્ડ ટાપુ પરથી સોશિયલ મીડિયા મારફત ચાહકોને ક્રિસમસ નિમિત્તે શુભેચ્છા આપી હતી.

# પી. વી. સિંધુના ભવ્ય લગ્ન સમારોહ પછી શાનદાર રિસેપ્શન







બૅડમિન્ટન-સ્ટાર પી. વી. સિંધુ મંગળવારે ઉદયપુરમાં પૉસિડેક્સ ટેક્નોલૉજીસ નામની કંપનીના એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર વેન્કટ દત્તા સાથે લગ્નગ્રંથિથી જોડાઈ (એકદમ ડાબે) એ દરમ્યાન બન્ને નવવિવાહિતો વચ્ચે વિધિ દરમ્યાન હળવી મસ્તીમજાક થઈ હતી. ગઈ કાલે હોમટાઉન હૈદરાબાદમાં રિસેપ્શન યોજાયું હતું જેમાં ફિલ્મ ઍક્ટર્સ અને ઍક્ટ્રેસિસ ઉપરાંત ટેનિસ-સ્ટાર સાનિયા મિર્ઝા (વચ્ચેની તસવીર)એ પણ હાજરી આપી હતી. તેલંગણાના મુખ્ય પ્રધાન એ. રેવન્થ રેડ્ડીએ રિસેપ્શનમાં સિંધુ અને વેન્કટને બુકે સાથે શુભેચ્છા આપી હતી.

# પુરુષ



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## છાકટા થવામાં ને આનંદ કરવામાં ફરક છે

એકવાર એક 'વ્હોટ્સએપ' ફોરવર્ડમાં સરસ મજાનું વાક્ય વાંચવા મળ્યું હતું. એમાં લખ્યું હતું કે જલસા અને આનંદ વચ્ચે ફરક છે. 'જલસા લોકને પૈસે થાય, આનંદ પોતાના પૈસે થાય!'

જોકે ફોરવર્ડ્સની પણ એક તાસીર તો હોય છે. મીડિયોકર હોવું- ઉપરછલ્લું હોવું એ ફોર્વર્ડ્સ મેસેજનું મૂળભૂત લક્ષણ છે એટલે એ સમયે એ વાક્ય વાંચીને ભૂલી ગયેલો, પરંતુ એ વાક્ય મને અચાનક મગજમાં ઝબકી ઉઠ્યું, જ્યારે મેં સુરતથી બેંગ્કોક ઉડેલી ફ્લાઈટનાં દૃશ્યો અને સમાચારો વાંચ્યા.

એ ફ્લાઈટમાં કુલ પંદર લિટર દારૂ હતો એમ સમાચારો કહી રહ્યા હતા, પરંતુ ન્યૂઝ એમ બન્યા કે લોકો એ ફ્લાઈટમાં હતો એટલો દારૂ પી ગયા અને હાહા હોહી થયું.

જોકે અંગત રીતે મને એ પબ્લિસિટી સ્ટંટ વધુ લાગ્યો, કારણ કે એ ન્યૂઝ જે રીતે 'વ્હોટ્સએપ' પર વાયરલ થયા અને પછી મોટાં મોટાં અખબારોમાં એનું રિપોર્ટિંગ થયું એમાં પબ્લિસિટીની ગંધ વધુ આવતી હતી. આખરે એમાં સમાચાર જેવું હતું શું ?

હવે આ જલસા અને આનંદની વાતને આપણે કનેક્ટ કરીએ. ફ્લાઈટમાં જે થયું એ થયું, એના તરફ ઝાઝું ધ્યાન આપવા જેવું નથી, પરંતુ ફ્લાઈટમાં પણ કેટલાક લોકો જે રીતે વાતો કરી રહ્યા હતા, મોટેમોટેથી રાડારાડ કરતા હતા જાણે કે કોઈ બેકયાર્ડ કે રેસ્ટોરાંમાં પાર્ટી ચાલતી હોય એમ ફ્લાઈટમાં આંટાફેરા કરીને જોરજોરથી વાતો કરી રહ્યા હતા. એવું જ આપણે સામાન્ય સંજોગોમાં પણ કરીએ છીએ.

જાહેરમાં ઉજાણીઓ કઈ રીતે કરવી એની આપણને લગભગ કિસ્સામાં પડી નથી હોતી. 'અહીં આપણે જલસા લોકને પૈસે થાય અને આનંદ પોતાને પૈસે થાય' વાળું વાક્ય ભૂલી જઈએ. આ હિસાબે આપણે આપણી જાહેરમાં થતી ધમાલોને કંઈ અવગણી નહીં શકીએ કે 'અમે તો ભઈ અમારા પૈસે મજા કરીએ છીએ! એટલે અમારો તો આનંદ કહેવાય....! ' અલા ભઈ, આપણી કોઈ પણ મજા કે ઉજાણી જો બીજા માટે ત્રાસ બનતી હોય એને પણ જલસો જ ગણી લેવો. અલબત્ત, શબ્દકોશ મુજબ તો 'જલસો' કે 'જલસા' શબ્દ પણ હકારાત્મક અર્થ જ ધરાવે છે.

જોકે, કોઈની પણ ઉજાણી ભેળા મળીને કરાતી હોય એને જલસો કહેવાય અને ભેગા મળેલા લોકો ટોળું ક્યારે બની જાય એની કોઈ સરત નથી રહેતી. આપણે ત્યાં એમ પણ કહેવાય જ છે ને કે ટોળામાં ક્યારેય અક્કલ નથી હોતી! એટલે જ પછી એ ટોળું કોઈકની બર્થ-ડે પાર્ટી હોય ત્યારે રાત્રે બાર વાગ્યે દસ પંદર કેક્સ એક સાથે લઈને 'બર્થ- ડે ઢાંઢા'ને હાથમાં તલાવાર પકડાવીને કેકસ કાપેને ઉહાપોહ મચાવે! આવું જ ટોળું પાછું ઉજાણીને નામે રસ્તાઓ પર આઠ- દસ બાઈક્સ કે એવી જ આઠ- દસ ગાડીઓ લઈને હોર્નાહોર્ન કરીને સરઘસ જેવું કાઢતી હોય છે. પછી એ લોકો જો કોઈ રેસ્ટેરાં કે બારમાં ભેગા થયા હોય તો આજુબાજુના ટેબલ્સનો વિચાર કર્યા વિના આખું પબ- રેસ્ટોરાં કે બારને માથે લેતા હોય છે.

એક રીતે જોવા જઈએ તો આ બેસિક સિવિક સેન્સનો પ્રશ્ન છે. એક પ્રકારની નાગરિક સભ્યતાનો સવાલ છે. દેશમાં જાહેર ઉજાણીઓ, રાષ્ટ્રીય કાર્યક્રમો કે સરકારના કાર્યક્રમો પણ એક ચોક્કસ પ્રોટોકોલ્સ - શિષ્ટાચાર મુજબ થતાં હોય છે, પરંતુ સમાજ તરીકે આપણે ચૂકી જઈએ છીએ કે જલસાને નામે છાંકટા થઈ જઈએ છીએ અને બીજાનો વિચાર કર્યા વિના હો-હલ્લો કરીએ છીએ- ટ્રાફિક જામ કરીએ છીએ- બીજાનો જીવ મુશ્કેલીમાં આવી જાય એવી જંગલી હરકતો કરીએ છીએ. એને ન ચલાવી લેવાય. આપણને સૌને જાહેર શિસ્ત વિશેનો ખ્યાલ હોવો જ જોઈએ. આપણો આનંદ એ કંઈ રાષ્ટ્રીય ઘટના નથી કે એના જાહેરમાં આવા દેખાડા થાય. દેખાડા થાય ત્યાં સુધી તો ઠીક છે. એ દેખાડા જો ભવાડા થાય તો બહુ મોટી તકલીફ પડે. ખાસ તો પ્રજા તરીકે આપણા સૌનું ભૂંડું દેખાય !

આવા સંજોગોમાં આપણે સૌએ ભેગા થઈને આ જાહેર શિસ્ત પર કામ કરવું પડશે, જેની શરૂઆત આપણાથી કરવી પડશે... ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## દીકરી લાડકવાયી છે, કારણ કે....

*ડિયર હની,*

એકબાજુ મહિલા અત્યાચારના વધતા આંકડા છે અને બીજી બાજુ દીકરી વધુ લાડકવાયી બની રહી છે.
આપણા સમાજમાં આ બે જુદા જુદા પ્રવાહ જોવા મળી રહ્યા છે. અનાથાશ્રમમાં હવે સંતાન વિનાનાં મા-બાપ
દીકરીની પસંદગી વધુ કરે છે એવા અહેવાલ છે. કેટલાંક વર્ષો પહેલાં માત્ર દીકરા માટે ડિમાન્ડ હતી. બધાં મા-
બાપ સંતાન તરીકે બાળક ચાહતા, જેથી એમનો વંશવેલો આગળ વધે, પણ હવે ટ્રેન્ડ બદલાયો છે. એનું કારણ
શું? દીકરા મા-બાપની સેવા નથી કરતાં એ છે? વૃદ્ધ મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે એ વાત જવાબદાર
છે? આ પ્રશ્નનો જવાબ સીધોસાદો છે એ છે કે હવે મા-બાપની સેવા દીકરા કરતાં દીકરી વધુ કરે છે.
મારે તને એક સાચો કિસ્સો કહેવો છે. એક પંજાબી યુગલની વાત છે. એમને બે દીકરી હતી અને દીકરાની
ચાહ હતી. ત્રીજી વાર પત્નીને સારા દિવસો જતા હતા ત્યારે સોનોગ્રાફી કરાવી હશે તો ખબર પડી કે ફરી
દીકરી જ જન્મવાની છે. પતિ અને એના પરિવારે કહ્યું કે દીકરી નથી ખપતી, પણ પત્ની મક્કમ હતી: 'જે જન્મે
એ મને સ્વીકાર્ય છે.' આ કારણે પરિવારમાં તનાવ સર્જાયો.
આખરે દીકરી અવતરી અને ત્યારે એનો પિતા નવજાત દીકરીનું મોં જોવા પણ આવ્યો નહોતો. માતાને
દીકરી વહાલી હતી, પણ થોડા સમય પછી એવું બન્યું કે,માતાને પેરેલિસિસનો હુમલો આવ્યો. દીકરીઓ મોટી
થવા લાગી હતી અને બે દીકરીનાં લગ્ન થઈ ગયાં, પણ માતાની હાલત બગડતી જતી હતી. છેલ્લે એ સ્થિતિ
આવી કે એ પથારીવશ થઈ ગઈ. એની સારસંભાળ ત્રીજી દીકરી જ કરતી હતી અને પછી દીકરીએ કહી પણ
દીધું કે, હવે એ પરણશે જ નહિ. માતાની સેવા માટે એણે પોતાની જિંદગી સમર્પિત કરી દીધી.
જોકે, માતાને દિલમાં એ દુખ કે, દીકરી પરણતી નથી. એ દીકરીને કહ્યા કરે કે, 'બેટા, પરણી જા....' પણ
દીકરી કહે: 'એ નહિ બને... હું ચાલી જાઉં તો તારું કોણ?' આ રીતે વર્ષો વિતતાં જાય છે. દીકરી કામકાજ
પણ કરે છે અને માની સેવા પણ. જે દીકરીને બાપ અને એનો પરિવાર ઇચ્છતો નહોતો એ જ પરિવાર આ
દીકરીનાં વખાણ કરવા લાગે છે. આખરે બને છે એવું કે, એ જે ગામમાં રહે છે ત્યાં જ એક યુવાન મળે છે, જે
દીકરી સાથે પરણવા તૈયાર છે. દીકરીનાં લગ્ન થાય છે અને આજે એ દીકરી માની સેવા પણ કરે છે.
આવી દીકરીઓને સલામ છે. મેં એવી ઘણી મહિલાઓ જોઈ છે, જેણે મા-બાપની સેવા કરવા લગ્ન કર્યાં
નથી. આજીવન એકલા રહેવાનું પસંદ કર્યું છે. આવો નિર્ણય લેવો-પાળવો બહુ મુશ્કેલ હોય છે, પણ સાચું
કહેજે, કોઈ દીકરો માતા-પિતાની સેવા માટે ના પરણ્યો હોય એવા દાખલા સાંભળ્યા છે અને સાંભળ્યા તો
કેટલા? મારી વાત મોટા ભાગના લોકો સ્વીકારશે. ખબર નહિ આવું કેમ બને છે? ઘણા કિસ્સામાં ઘરમાં
આવતી વહુને દોષ દેવામાં આવે છે, પણ દીકરાઓનો દોષ કેમ નહિ?
ખબર નહીં, દીકરી પરાણે વહાલી લાગતી હોય છે. અગાઉ પણ વાત થયેલી કે, માતાને દીકરો વહાલો
હોય છે ને પિતાને દીકરી. એની પાછળ બાયોલૉજિકલ કારણ દર્શાવામાં આવે છે. એ સાચું કે ખોટું એમાં પડવું
નથી, પણ તું જ કહે તને દીકરી કેટલી પ્રિય છે? વહાલી છે? દીકરી સાસરે જાય પછી પણ મા-બાપને ભૂલતી
નથી અને એમની દરકાર કરે છે.
આમ તો દીકરી વિશે ઘણું બધું લખાયું છે. દીકરી વિશે કેવી મજાની કવિતાઓ લખાઈ છે, પણ મને સાંઈ
મકરંદ દવેની દીકરી વિશેની કવિતા બહુ ગમે છે, જેમાં વિધાતાએ દીકરી કેવી રીતે ઘડી એની વાત છે.

**સાકરનો લઈને સવાદ એણે દીકરીમાં**
**તજ ને લવિંગ વળી ભેળવ્યાં જરીક,**
**સૂરજનાં ધોળાં ફૂલ હાસ ને હુલાસ દીધાં**
**જોઈ કારવીને કીધું, હવે કાંક ઠીક.**
**વિધાતાએ દીકરી ઘડીને વળી જોઈ જોઈ**
**વારે વારે હસું હસું થાય એનું મુખ**
**હૈયે એને હાશ, હર માવતર કાજે ઘર્યું**
**હર્યુંભર્યું હેત, નર્યું નીતર્યું આ સુખ.**

દીકરી પરાણે વહાલી લાગતી હોય છે. દીકરો ઓછો વહાલો લાગે છે એમ નહિ, પણ દીકરી જરાક વધુ
વહાલી લાગતી હોય છે. ભારતમાં અત્યારે જે બાળકો દત્તક લેવાય છે એમાં દીકરીની ડિમાન્ડ વધુ છે.
જીવનનું ચક્ર કેવું બદલાયું છે! એક સમયે દીકરી જન્મતી તો એને દૂધપીતી કરવામાં આવતી.
દીકરીઓને વેચવામાં આવતી. દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવ તો
આજેય થોડા ઘણા અંશે રાખવામાં આવે છે, પણ ધીરે ધીરે ટ્રેન્ડ
બદલાઈ રહ્યો છે. હવે એવા ઘણાં મા-બાપ દીકરી આવે તો રાજી
થાય છે અને દીકરો વંશવેલો વધારવા હોવો જ જોઈએ એવી માન્યતા
ઢીલી પડતી જાય છે. આ સારો બદલાવ છે. આ શિક્ષણના વધતા
વ્યાપની પણ અસર છે. દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ ઘટી જાય એ
આવકાર્ય છે. બદલાવ ધીમે ધીમે આવે છે, પણ એ આવ્યા પછી
સ્થિર રહે છે અમુક વર્ષો સુધી. દીકરીને વધુ ઇચ્છવામાં આવે એનાથી
રૂડું બીજું શું હોઈ શકે?

*તારો બન્ની.*

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## એ વહાલનો દરિયો તોફાને ચડ્યો !

૭૫ વર્ષના કુસુમબહેન મળી ગયાં એક વૃદ્ધાશ્રમમાં. અમે તો બેસી ગયાં એની બાજુમાં બાંકડા ઉપર અને પૂછ્યું, કેમ છો?

'ઠીક છું, બહેન

'કયારથી અહીં રહો છો?'

'બે વર્ષ થયા...'

'આપને કેટલા સંતાન?'

'એક દીકરી છે.'

'અહીં રહેવાનું શું કારણ?' પ્રશ્નનો જવાબ આપતા કુસુમબહેનની આંખમાં આંસુ આવી ગયાં. આંખમાં આવેલ આંસુ લૂંછતા કુસુમબહેન બોલ્યાં :

'બેન, શું વાત કરું? આપણે બધાં દીકરાને કોસતા હોઇએ છે કે દીકરા મા-બાપને સાચવતા નથી. વૃદ્ધાશ્રમમાં મૂકી દે છે. મા-બાપને સતાવે છે, પણ મારી સાથે તો આપણે જેને વહાલનો દરિયો કહીએ છીએ તે દીકરીએ વિશ્વાસઘાત કર્યો છે. માંડીને વાત કરું તો મારે એકની એક દીકરી સ્મિતા. મારા પતિ ગુજરી ગયા ત્યારે સ્મિતા સોળ વર્ષની હતી. એને ઓથે મેં નવેસરથી જીવન શરૂ કર્યું. પૈસાની કંઇ તકલીફ ન હતી. મારા પતિએ બધી એવી સરસ વ્યવસ્થા કરી હતી કે અમારું મા-દીકરીનું જીવન સરળતાથી ચાલી રહ્યું હતું. સ્મિતા ભણતી હતી. હું ઘર સંભાળતી હતી. સાંજના સમયે દેવદર્શને જાઉં. સ્મિતા ભણીને પ્રોફેસર બની. કૉલેજમાં ભણાવવા જતી હતી ત્યાં તેની જ કૉલેજના પ્રોફસેર સાથે એનું દિલ મળી ગયું. એ પ્રોફેસર અમારા ઘેર આવતો- જતો થયો. સ્મિતા એની ઓળખ પોતાના મિત્ર તરીકે આપતી હતી. એક દિવસ સ્મિતાએ મને કહ્યું, મમ્મી, આ સંદીપ મને ગમે છે. અને સંદીપ પણ મને પસંદ કરે છે. અમે બંનેએ જીવનસાથી બનવાનું નક્કી કર્યું છે, તું જો હા પાડે તો. સંદીપ સારો યુવક હતો અને બંને એક-મેકને પસંદ કરતા હતા એટલે ના પાડવાનું કોઇ કારણ ન હતું. સંદીપના પરિવારમાં પણ કોઇને વાંધો ન હતો. તેથી મેં સ્મિતાને રંગેચંગે પરણાવી દીધી. સ્મિતાના લગ્ન માટે એના પિતાએ ફિક્સ ડિપોઝિટ કરેલી જ હતી તેથી ધામધૂમથી લગ્ન કર્યાં. સ્મિતા સાસરે ગઇ. હું એકલી પડી, પણ જૂનો પાડોશ હતો. તેથી સૌ મારું ધ્યાન રાખતા હતા અને સમય સારી રીતે વીતતો હતો. રજાના દિવસે સ્મિતા-સંદીપ આવતા. હું એમને ભાવતા ભોજન કરીને જમાડતી. એ લોકો આવતા તે મને પણ ગમતું. આમ સરસ જિંદગી હતી. એમાં વળી એક ગુડ ન્યૂઝ મળ્યા. સ્મિતા મા બનવાની હતી. મારી તો ખુશીનો પાર ન હતો. હું નાની બનવાની હતી. સ્મિતાને થોડો વખત મારે ત્યાં રહેવા બોલાવી લીધી, જેથી એનું બરાબર ધ્યાન રાખી શકું. નવ મહિને સ્મિતાએ દીકરીને જન્મ આપ્યો. હું એને સુવાવડ કરવા મારે ઘેર લઇ આવી હતી. સ્મિતાને કૉલેજમાંથી ત્રણ મહિનાની મેટરનિટી લિવ મળી હતી. તેથી મા-દીકરી મળીને નાનકડી પરીને અમે સાચવતા. પરી એટલી મીઠડી કે અમે બંને એને જોઇને ઘેલા ઘેલા થઇ જતા. સંદીપ પણ અવાર-નવાર દીકરીને જોવા આવતો રહેતો. ત્રણ મહિને સ્મિતા ઘેર ગઇ. ઘરે બાઇ રાખી લીધી હતી. જે સ્મિતાની ગેરહાજરીમાં પરીને સાચવે. થોડો વખત તો બધું ઠીક ચાલ્યું, પણ પછી સ્મિતાને લાગ્યું કે બાઇ પરીનું બરાબર ધ્યાન રાખતી નથી. એટલે એક દિવસ સ્મિતા-સંદીપ પરીને લઇને મારે ઘેર આવ્યા અને સ્મિતાએ કહ્યું, 'મમ્મી, આ બાઇ બરાબર નથી. એ પરીની બરાબર સંભાળ નથી રાખતી. પરીનું વજન પણ ઘટી ગયું છે. મને પણ પરી નબળી પડેલી દેખાઇ. તેથી જ મેં સ્મિતાને કહ્યું, તો આ બાઇને રજા આપી દે. કોઇ નવી બાઇ રાખી લે.'

'મમ્મી, બાઇ બધી ચોરની બેન ઘંટી ચોર જેવી જ હોય એટલે મેં અને સંદીપે એવો વિચાર કર્યો છે કે તું જ અમારે ઘેર રહેવા આવી જાય તો અમારે ચિંતા નહીં. આમ પણ તું અહીં એકલી જ છે. અમારે ત્યાં આવીશ તો પરી સાથે તને વધારે જ ગમશે.' મેં વિચાર કરીને જણાવીશ તેમ કહ્યું, પણ સ્મિતા-સંદીપ ઘણો આગ્રહ કરવા લાગ્યા. એમનું કહેવું હતું કે, 'થોડાં વર્ષો પછી તો તું અમારી સાથે રહેવા આવવાની જ છે. એકલી ક્યાં સુધી રહેવાની છે તો હમણાંથી આવી જા. તને ય ગમશે અને અમને પરીની ચિંતા નહીં રહે. પરી સાથે રહેવાનું આકર્ષણ તો હતું જ તેથી હું માની ગઇ. મારું ઘર બંધ કરીને સ્મિતાને ઘેર રહેવા ચાલી ગઇ.'

સ્મિતા કૉલેજ જતી. હું પરીને સાચવતી. હું રહેવાને કારણે સ્મિતા-સંદીપ સિનેમા-નાટક જોવા જતા, ફરવા જતા. એમાં મને કોઇ વાંધો ન હતો. છોકરાંઓ બિચારાં ભલેને ફરતા. મને તો પરી સાથે ને પરીને મારી સાથે મજા પડતી હતી.

એક દિવસ સંદીપ-સ્મિતા, હું અમે ત્રણેય પરીને રમાડતા બેઠાં હતાં ત્યારે સ્મિતાએ પૂછ્યું, મમ્મી, અહીં ફાવે તો છે ને? કોઇ તકલીફ નથી ને?'

'ના રે બેટા, કોઇ તકલીફ નથી.'

'જો મમ્મી, તને ફાવી ગયું છે તો પછી હવે તારું ઘર રાખીને મેઇન્ટેનન્સ વગેરે ભરવાની શું જરૂર છે. ઘરને લોક કરીને રાખ્યું છે તેના કરતાં વેચી દઇએ તો એ પૈસા કામ આવે. આમ પણ સંદીપ હવે બિઝનેસ કરવા માંગે છે તો પૈસાની જરૂર છે. નોકરી કરીને શું વળશે? જો મમ્મી, તારો જમાઇ આગળ આવશે તો તને આનંદ થશે ને.' મેં સ્મિતાને જે યોગ્ય લાગે એ કરવાની છૂટ આપ દીધી. એ લોકોએ જયાં સહી કરવાની કહી ત્યાં સહી કરી આપી. ઘર વેચીને આવેલા પૈસામાંથી સંદીપે બિઝનેસ શરૂ કર્યો. પરી પણ પાંચ વર્ષની થઇ ગઇ હતી. સ્કૂલમાં જતી થઇ હતી. એક સારી બાઇ પણ મળી ગઇ હતી. મારી તબિયત થોડી નરમગરમ રહેવા લાગી. હવે ઘર અને પરીને પેલી બાઇ સંભાળ લેતી હતી. હું ઘણો વખત આરામ કરતી. સ્મિતા મને કહેતી, 'મમ્મી, શું થયું છે તને? ફાઇન છે તું. મનથી તને એવું લાગે છે કે તું બીમાર છે. આખો દિવસ બીમાર છું એવું કહ્યાં કરે છે તો અમને પણ કંટાળો આવે છે...

હવે જમતી વખતે ઘણીવાર મારાથી ખાવાનું ઢોળાઇ જતું. સ્મિતા ગુસ્સો કરતી, 'મમ્મી, આ શું ગંદકી કરે છે, સરખી રીતે ખાને. તું કંઇ નાનું છોકરું છે? મારા ખાવા -પીવા પર પણ સ્મિતાએ રિસ્ટ્રીકશન મૂકી દીધું હતું. હું રહી ખાવાની શોખીન અને સ્મિતા મને રોજ રાતે ખીચડી ખાવા આપે. કદાચ મારી તબિયત માટે એ સારું હશે, પણ મને ખીચડી મોંઢામાં ન જાય. મને જરાય ન ભાવે. વાતવાતમાં મને ટોક ટોક કરે. કોઇ મહેમાન આવે તો મને એની સાથે વાત કરવાની ના પાડે. આમ મારું જીવન અઘરું થઇ ગયું. પરી પણ હવે સ્કૂલ અને કલાસીસમાં જવાને કારણે વ્યસ્ત થઇ ગઇ હતી. મને હવે અહીં ગમતું ન હતું, પણ મેં તો મારા કાંડા કાપી નાખ્યા હતા, મારું ઘર વેચીને હવે જાઉં તો પણ ક્યાં જાઉં? એક વેકેશનમાં એ લોકો દુબઇ ફરવા જવાના હતા. તેથી સ્મિતા મને અહીં મૂકી ગઇ મને કહ્યું, 'મમ્મી, તું એકલી કેવી રીતે રહીશ? આવીને તને લઇ જઇશ.' એ ગઇ તે ગઇ. બે મહિના પછી મળવા આવી અને બોલી, મમ્મી, હવે તું અહીં જ રહે. તારાં પૈસા હું ભરી દઇશ. આમેય મારા ઘરે તું એકલી પડી જઇશ. હવે તો પરી પણ આખો દિવસ ઘરમાં હોતી નથી. મારાં પૈસાથી શરૂ કરેલ સંદીપનો બિઝનેસ સારો ચાલે છે. એ લોકોએ મોટું ઘર લીધું છે, પણ મોટા ઘરમાં આ મા માટે જગ્યા નથી. મારા બધાં જ પૈસાનો કબજો એ લોકો પાસે છે. બે-ચાર મહિને કોઇકવાર માની યાદ આવે તો મળવા આવે છે નહીં તો પોતાના સંસારમાં વ્યસ્ત છે. એ સુખી રહે તેને મારા આશીર્વાદ છે. પણ મારી સાથે એણે જે વિશ્વાસઘાત કર્યો એનું મને અત્યંત દુઃખ છે. વાત પૂરી કરતા કુસુમબહેન રડી પડ્યાં. ■

# લાડકી

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com



## ઑલિમ્પિક કુસ્તીમાં ચંદ્રક મેળવનાર પ્રથમ મહિલા

# સાક્ષી મલિક

દેશ અને દુનિયાની સાક્ષીએ ઓલિમ્પિકના ઇતિહાસમાં પહેલી ભારતીય મહિલા ખેલાડીએ કુસ્તીના ખેલમાં પ્રથમ ચંદ્રક મેળવ્યો અને દેશનું ગૌરવ વધાર્યું... બોલો, એ કોણ છે?

એનું નામ સાક્ષી મલિક.... સાક્ષીએ ૨૦૧૫માં દોહામાં આયોજિત સિનિયર એશિયાઈ કુસ્તી ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો અને ૨૦૧૬માં બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં આયોજિત રિયો ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો. એ સાથે પહેલવાનીમાં દેશ માટે ચંદ્રક જીતનારી પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ. દેશનું નામ દુનિયામાં રોશન કરવા બદલ ભારત સરકારે સાક્ષી મલિકને ૨૦૧૬માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર અને ૨૦૧૭માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત કરી છે!

સાક્ષી મલિકની જ્વલંત સફળતા પર એક નજરઃ આંતરરાષ્ટ્રીય સ્તરે સાક્ષીએ પોતાના જીવનના પહેલા ખેલનું પ્રદર્શન ૨૦૧૦માં જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કરેલું. એમાં અઠ્ઠાવન કિલોગ્રામ કેટેગરીમાં કાંસ્ય ચંદ્રક જીતેલો. ત્યાર બાદ ચંદ્રક જીતવાની પરંપરાનો આરંભ થયો.

૨૦૧૧માં જમ્મુમાં આયોજિત જુનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૧માં જ ઇન્ડોનેશિયાના જાકાર્તામાં આયોજિત જુનિયર એશિયન ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક, ૨૦૧૧માં જ ગોંડામાં આયોજિત સીનિયર નેશનલ ટુર્નામેન્ટમાં રજત ચંદ્રક, ૨૦૧૧માં સિરસામાં આયોજિત ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૨માં યોજાયેલી જુનિયર ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક, એ જ વર્ષે ૨૦૧૨માં કઝાકિસ્તાનમાં આયોજિત જુનિયર ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક, સિનિયર ટુર્નામેન્ટમાં કાંસ્ય ચંદ્રક, ૨૦૧૨માં જ અમરાવતીમાં આયોજિત ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક, ૨૦૧૩માં કોલકાતામાં આયોજિત સીનિયર નેશનલ ટુર્નામેન્ટમાં સુવર્ણ ચંદ્રક અને ૨૦૧૪માં ઓલ ઇન્ડિયા યુનવર્સિટી ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક મળ્યો. ૨૦૧૪માં જ ડેવ ઈન્ટરનેશનલ રેસલિંગ ટુર્નામેન્ટમાં સાઠ કિલોગ્રામ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક વિજેતા બની. પરિણામે આંતરરાષ્ટ્રીય સ્તરે સાક્ષીને ઓળખ મળી.

આ જ વર્ષે, ૨૦૧૪માં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સાક્ષીએ ક્વાર્ટર ફાઈનલમાં વિજય મેળવ્યો. એ પછી સેમિફાઈનલમાં કેનેડા સામે ત્રણ-એકથી વિજયી રહી. સાક્ષીની ફાઈનલ મૅચ નાઈજીરિયાની એમિનેટ સામે સાક્ષીએ પરાજય વેઠવો પડ્યો. પરિણામે સાક્ષી મલિકે રજત ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો. પછીના વર્ષે, ૨૦૧૫માં દોહામાં એશિયન ચેમ્પિયનશિપનું આયોજન થયું. સાક્ષી મલિકે સાઠ કિલોગ્રામની શ્રેણીમાં પાંચ રાઉન્ડ થયા. ત્યાં સાક્ષી બે રાઉન્ડ જીતીને ત્રીજા ક્રમાંકે રહી અને કાંસ્ય ચંદ્રક પોતાને નામે કર્યો.

એ પછીના વર્ષે ૨૦૧૬માં બ્રાઝિલમાં રિયો ઓલિમ્પિકનું આયોજન થયેલું. એમાં જવા માટે સાક્ષી મલિકે ઇસ્તંબુલમાં આયોજિત વર્લ્ડ ઓલિમ્પિક ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટમાં ભાગ લેવો પડેલો. સાક્ષીએ ચીનની જહાંગ લેનને હરાવીને રિયો ઓલિમ્પિકમાં જવાની કેડી કંડારી દીધી. રિયો ઓલિમ્પિકમાં સાક્ષીએ સૌથી પહેલાં સ્વીડન સામે જીત મેળવી. એ પછી માલ્ડોવા સામેની મૅચમાં વિજય મેળવ્યો, પણ પછી કિર્ગિસ્તાનની એસુલુ તિનેવેકોવા સાથેની મૅચમાં સાક્ષી પાંચ-આઠના સ્કોરથી પરાજિત થઈ. પરિણામે એને કાંસ્ય ચંદ્રક મળ્યો. આ જીત સાથે સાક્ષી ઓલિમ્પિકમાં ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની ગઈ.

આંતરરાષ્ટ્રીય સ્તરે કુસ્તીમાં ભારતની આન, બાન અને શાન વધારવા બદલ સાક્ષી મલિકને અનેક પુરસ્કારોથી નવાજવામાં આવી. નોર્થ રેલવે ઝોનના કૉમર્શિયલ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતી સાક્ષીને બઢતી આપવામાં આવી. ભારતીય રેલવે તરફથી સાક્ષીને સાડા ત્રણ કરોડ રૂપિયાનું ઈનામ અપાયું. હરિયાણા રાજ્ય તરફથી અઢી કરોડ રૂપિયા રોકડ રકમ અને સરકારી નોકરીની પેશકશ કરવામાં આવી. મધ્ય પ્રદેશ સરકારે સાક્ષીને પચ્ચીસ લાખ રૂપિયા રોકડ રકમનું ઇનામ અપાયું. ઉત્તર પ્રદેશ સરકારે સાક્ષીને રાણી લક્ષ્મીબાઈ પુરસ્કારથી સન્માનિત કરી. ઇન્ડિયન ઓલિમ્પિક ઍસોસિયેશન દ્વારા પણ સાક્ષીને પુરસ્કૃત કરવામાં આવી.

વિશ્વમાં ભારતનો ડંકો વગાડનાર સાક્ષી મલિકનો જન્મ હરિયાણાના રોહતક જિલ્લામાં આવેલા મોખરા ગામમાં ૩ સપ્ટેમ્બર ૧૯૯૨ના થયેલો. માતા સુદેશ મલિક એક આંગણવાડીમાં કાર્યકર. પિતા દિલ્હી ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા. બાળપણમાં સાક્ષી કબડ્ડી અને ક્રિકેટ ખેલતી. પણ રેસલર-કુસ્તીબાજ દાદા બદ્લૂ રામથી પ્રેરાઈને સાક્ષી પણ પહેલવાન બનવા પ્રેરાઈ. દાદાને જોઈને મનમાં ચાલતી ભાંજગડ દૂર થઈ ગઈ. દાદાને જોઈને જ સાક્ષીના મનમાં પણ પહેલવાન બનવાનું બીજ રોપાયું. જોકે પોતાનો શોખ પૂરો કરવા એણે અભ્યાસ કરવાનું છોડ્યું નહોતું. સાક્ષીએ પ્રાથમિક શિક્ષણ રોહતકના વૈશ્ય પબ્લિક સ્કૂલમાંથી લીધેલું. એ પછી રોહતકના ડીએવી પબ્લિક સ્કૂલમાં ભણી. ત્યાર બાદ રોહતકના મહર્ષિ દયાનંદ વિશ્વ વિદ્યાલયમાંથી સ્નાતક કર્યું.

દરમિયાન, એક વાર ઉનાળાની રજાઓમાં સુદેશ દીકરી સાક્ષીને છોટૂ રામ સ્ટેડિયમ લઈ ગઈ. સુદેશની ઇચ્છા હતી કે સાક્ષી કોઈ ફિઝિકલ એક્ટિવિટી કરે. વ્યાયામ કરે કે પછી શરીરને કસરત મળી રહે એવી કોઈ રમત રમે. સાક્ષીએ કુસ્તી પર પસંદગી ઉતારી અને કુસ્તી શીખવાનું શરૂ પણ કર્યું.

સાક્ષીએ કુસ્તીનું પ્રશિક્ષણ બાર વર્ષની ઉંમરે લેવાનું શરૂ કરેલું. કોચ ઈશ્વર દહિયા. સાક્ષીએ પોતાના પ્રશિક્ષક ઈશ્વર સાથે રોહતકના અખાડામાં આવેલા છોટૂ રામ સ્ટેડિયમમાં પ્રશિક્ષણ લેવાનું શરૂ કર્યું. જોકે સાક્ષી માટે તાલીમના દિવસો સંઘર્ષમય હતા. સાક્ષીનો પરિવાર પોતાની દીકરી અને એના કોચને પડખે મક્કમતાથી ઊભેલો. એ લોકો સાક્ષીને સફળ થતી જોવા ઇચ્છુક હતા.

સાક્ષીને સફળતા મળી પણ ખરી. સફળતાના આકાશમાં એણે એટલી ઊંચી ઉડાન ભરી કે દેશનું નામ દુનિયામાં ઝળહળ્યું. એક મુલાકાતમાં સાક્ષીએ કહેલું કે, 'મારાં માતાપિતાએ હંમેશાં મારો સાથ આપ્યો છે. ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીત્યા પછી મેં મારાં માતાપિતાને જણાવ્યું તો બન્ને ખુશીનાં માર્યાં રડવા લાગ્યાં..' સાક્ષીએ પણ ચંદ્રક મળવાની ક્ષણની ઉજવણી કરેલી. શરીરે ત્રિરંગો લપેટ્યો અને કોચ કુલદીપ મલિકે સાક્ષીને ઉઠાવી લીધી. બન્નેએ બે વાર રમત સ્થળનું ચક્કર લગાવ્યું. દર્શકોએ ઊભા થઈને સાક્ષીની સફળતાનું અભિવાદન કર્યું. સાક્ષી કહે છે, 'એ મારા જીવનની અમૂલ્ય અને શ્રેષ્ઠ ક્ષણ હતી!' ■

---

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# અજાણ ચહેરા સાથે આત્મીયતાનો અનોખો અહેસાસ



વિદ્યાર્થીઓથી હકડેઠઠ ભરાયેલા સ્કૂલ પરિસરમાં લગભગ બધા જ જાણીતા ચહેરાઓ વચ્ચે આજે એક નવો ચહેરો તરવરી રહ્યો હતો એ આપણા વિહાબહેનથી અજાણ્યું ના રહ્યું. થોડીક ઊંચી, થાકેલું મોં, ઉદાસ આંખો ને કપાળ સુધી આવતા થોડા વિખરાયેલા વાળ, મેલા-ઘેલા કપડાં, સાથે એક છોકરી આમતેમ ફરી રહી હતી. કંઈક તો એનામાં એવું હતું જે અહીંના સ્ટુડન્ટ્સ કરતાં એનામાં કંઈક અલગ તરી આવતું હતું.

આખી સવાર એ અજાણી છોકરી વિશે અવનવી અફવાઓ ફેલાતી રહી. શારદા, એ નવી છોકરીનું જુનવાણી નામ. કોઈક કહેતું કે બીજી સ્કૂલમાંથી એને કાઢી મૂકવામાં આવી છે તો કોઈક વળી કહેતું કે એણે તો હોમ સ્કૂલિંગ કર્યું છે. વાત કોની સાચી ને કોની નહીં? જોકે, આવી કોઈ અવઢવમાં ફસાવવા કરતાં, વિહાએ નક્કી કર્યું કે સાચું શું છે એ હું જાતે જાણી લઈશ... એટલે રિસેસમાં બેન પહોંચી ગયાં શારદા પાસે. દૂર બેન્ચ પર એકલી નાસ્તો કરી રહેલી શારદાની બિલ્કુલ નજીક આવી એણે અચકાયા વગર પૂછી લીધુંઃ

'હાય, હું બેસું અહીં?' શારદા એ નજર ઉંચી કરી એની સામે ડોકું હકારમાં ધુણાવી કહ્યું :

'હા, કોઈ વાંધો નહીં. યુ કેન શેર ધીસ સ્પેસ.' પણ આટલું બોલતા એનો અવાજ મંદ અને ઉદાસ હતો એ વિહાથી છાનું ના રહ્યું. જોકે, શારદાના વોઈસ ટોનની પરવાં કર્યા વગર વાતોડી વિહા તક ઝડપી એની સાથે મિત્રતા સાધવાના પ્રયત્નોમાં લાગી પડી. પહેલા દિવસે એ એટલી માહિતી મેળવવામાં સફળ રહી કે શારદા હોમ સ્કૂલિંગ નહોતી કરતી. એ કોઈ બીજી સ્કૂલમાંથી અહીં આવેલી છે. પત્યું. હાલ આટલી જાણકારી પૂરતી હતી. રિસેસ પછીનો અડધો દિવસ વિહાની વાહવાહીમાં પસાર થઈ ગયો. શારદા શાંત અને ઓછાબોલી હતી, પણ વિહાને એની સાથે ગમવા લાગ્યું હતું. આમપણ, પોતે બકબક કરે અને કોઈ સાંભળે એનાથી વિશેષ વિહાને કંઈ જોતું નહીં.

ધીમે-ધીમે દરરોજ મળતી રિસેસની એ દસ મિનિટની વાતોથી વિહાને જાણવા મળ્યું કે, શારદા હોંશિયાર અને ચાલાક છે. એની સેન્સ ઓફ હ્યુમર ખતરનાક છે. વિહાનાં દસ વાક્ય સામે એનું એક ભારે પડતું. આમ છતાં, શારદાની આંખોમાં ઉદાસી સતત જીવતી, જેનો તાગ આટલી વાતો કર્યા પછી પણ વિહાને મળતો નહોતો. બન્ને રોજ પોતપોતાના શોખ અને રસના વિષયોની વાતો કરતા. વિહા હંમેશાં પંચાત કરતાં ગામ-ગપાટાં મારતી રહેતી, પણ, શારદા એક લિમિટમાં જ રહેતી. એ પોતાના ભૂતકાળ, કુટુંબ કે અગાઉની સ્કૂલના મિત્ર વર્તુળની કોઈ વાત ક્યારેય ઉચ્ચારતી નહીં. એની ફરતે એક અભેદ દીવાલ ચણાયેલી રહેતી, જેની ડોકાબારી સુધ્ધાં વિહા શોધી શકી નહોતી.

હા, વિહાને એ ખ્યાલ આવી ગયો કે કંઈક તો છે જે શારદા છૂપાવી રહી છે, જેના કારણે એ સતત ઉદાસ રહે છે એટલે વિહાનો જાસૂસી આત્મા સજ્જ થઈ ગયો, પણ શારદાએ એક દિવસ અચાનક મન ખોલી નાખ્યું. નાસ્તાનો ડબ્બો ખોલતાં એણે વિહાના વાક્પ્રવાહને અટકાવતાં સામેથી કહ્યું :

'વિહા, મારે તને કેઈક કહેવું છે.'

વિહાએ શાંત રહેવાના પ્રયત્ન સાથે ઠરેલ અવાજમાં જવાબ આપ્યો : 'બોલને, શું હતું?'

શારદાએ ઊંડો શ્વાસ લઈ શરૂ કર્યું :

'હું ને મારી મમ્મી કેવી મજા કરતા. એ રોજ મારા માટે સરસ નાસ્તો બનાવે. મને જમાડે, મારી

સાથે સ્કૂલની વાતો કરે, મને ભણાવે. અમે બહાર ફરવા જઈએ. પપ્પા નથી એનો એક પણ વખત મને અહેસાસ થવા ના દેતી. એટલું અઢળક વ્હાલ કરતી મારી મમ્મી...., પણ એક દિવસ સ્કૂલથી પાછા ફરતા હું ને મમ્મી મસમોટી બસની અડફેટે ચડી ગયા. હું તો બચી ગઈ, પણ મમ્મી નહીં....'

આટલું સાંભળતા તો વિહા રડું-રડું થઈ ગઈ. મમ્મી વગરના જીવનની કલ્પના એની આંખમાં આંસુડા ખેંચી લાવી. ગળગળા સ્વરે શારદાએ આગળ ચલાવ્યું :

'હું તો સાવ નાની હતી તો પણ હવે મારે બધું જાતે કરવું પડતું. કાકાને ત્યાં રહેવું પડતું, જમવાનું ભાવે નહી, ઊંઘ આવે નહી. સતત મમ્મીની યાદ આવે. એને વળગવા હું તરસી જાઉં છું. એ એકવાર આવી વ્હાલ કરી જાય એવી રોજ ભગવાનને પ્રાર્થના કરું છું... '

વિહાના ગળામાં ડૂમો બાઝી ગયો. 'આવું મારી સાથે થાય તો...' એ વિચારે રીતસર ધ્રુજી ઉઠી.

થોડો પોરો ખાય શારદાએ આગળ ચલાવ્યું :

'મમ્મી વગર સહેજપણ ગમતું નહીં, ક્લાસમાં ધ્યાન રહેતું નહીં, એકલા હોમવર્ક થતું નહીં, ભણવાનું આવડતું નહીં. અંતે સ્કૂલમાં મારું પર્ફોર્મન્સ બગડવા લાગ્યું. હું એક વર્ષ નાપાસ થઈ. એ સ્કૂલમાંથી મને લિવિંગ સર્ટિફિકેટ પકડાવી દેવામાં આવ્યું.... '

ઉદાસ આંખે હસતાં શારદા એ વાત પૂરી કરી :

'બસ, એટલે હવે હું અહીં છું. અને હા, હજુ એક વાત... મમ્મીને હંમેશાં સાથે રાખવા મેં મારું નામ સીયામાંથી શારદા કરી નાખ્યું છે... !' ઓહો, વિહા ફરી હબક ખાય ગઈ. અંતે એણે જાતને સંભાળતા પૂછી લીધું :

'પણ યાર, તું કેમ બધાથી દૂર-દૂર રહેતી હોય છે?'

'તમારા બધાની મમ્મીને જોઈને મને મારી મા બહુ યાદ આવે. બહુ એકલું લાગે. એટલે હું દરેકથી બને એટલી દૂર રહું છું. મને સતત ડર રહ્યા કરે કે, હું નજીક જઈશ અને એ માણસ મને છોડીને જતું રહેશે તો મારું શું થશે?'

હવે વિહાથી ના રહેવાયું. એ શારદાને વળગી પડી :


'ના, હું તને ક્યારેય નહીં છોડું. તું મારા ઘેર આવજે. મારી મમ્મીને મળજે. મારી મમ્મી, તારી મમ્મી જ છે એમ માનજે. તું હવે એકલી નથી !' એવું બોલી વિહાએ સીયા ઉર્ફે શારદાનો હાથ જોરથી પકડી લીધો. અને મનોમન નક્કી કર્યું કે, ગમે તે થાય હું આ છોકરીને ક્યારેય એકલી નહીં પડવા દઉં. શારદાએ પણ સામે હથેળી દબાવી વિહા પર એનો વિશ્વાસ વ્યક્ત કર્યો. અને જાણે, તરુણાવસ્થાએ શારદાને સધિયારો ને વિહાને માનું મહત્ત્વ જાણવા મળી ગયું. ■

---

લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# કયા ટ્રેક ઉપર ચાલવું?



આમ તો 'ટ્રેક' શબ્દ સામે આવે એટલે નાનકડા મગજમાં અનેક ટ્રેક સામે આવીને ખડા રહી જાય છે. એમાં પણ જે જે ટ્રેક ઉપર ચાલીને તમે પછડાયા અને પસ્તાયા હો એવા ટ્રેક તો આપણને થોડીવાર ચક્કર જેવું લાવી દે છે. નાના હો ત્યારે કહેવાય એવું કે બાળકને પુષ્કળ રમવા દો. ધૂળમાં રગડવા છુટ્ટા મૂકી દો... ગાવા દો.. મુક્ત મને દરેક ઋતુઓનો અનુભવ કરવા દો. જે ભાવે એ ખાવા દો અને સપનાઓના ટ્રેક ઉપર વિહરવા દો.

જોકે, બાળપણમાં ઉપરોક્ત એક પણ ટ્રેક ઉપર મા-બાપ વિહરવા દેતાં નથી. સવારે ઊઠો ત્યાંથી ટ્યૂશન અને સ્કૂલનો ટ્રેક, લેસન અને હરીફાઈ તેમ જ પરીક્ષાઓની હારમાળા વચ્ચે પેલો સપનામાં જોયેલો પરીલોકનો ટ્રેક તો રામ જાણે ક્યાં હવા થઈ જાય! મળસકે સરસ પરીલોકમાં ફરતાં બાળકને વહેલી સવારે ઊંઘતો જ ઊંચકી લઈ મમ્મી સીધો પાણીના ફુવારા નીચે બેસાડી ભાષણ આપવું શરૂ કરે છેઃ

'જો, બાજુમાં મહેશભાઈનો મુન્નો વગર બૂમે જાતે જ ઊઠી જઈને, નાહી-ધોઈને સહુથી પહેલો રિક્ષામાં ગોઠવાઈ જાય છે. ભણવામાં, રમવામાં અને મેનર્સમાં નંબર વન છે.'

આમાં તમે જ કહો, પેલા બાળકો માટેનો ટ્રેક તો રામ જાણે ક્યાં અદૃશ્ય થઈ જાય છે! વિવેકાનંદ ને ગાંધીજી લાખ કહીને ગયા કે બાળકોનો ટ્રેક રમવા-કૂદવામાં છે, પણ સાંભળે છે કોણ? અધૂરામાં પૂરું, ઘરમાં કોઈ આવ્યું હોય, હજી માંડ લેસન કરી રમવા જવાની તૈયારી કરતાં હો કે મમ્મી કહે, 'બેટા, જો કિશોરકાકા ને કાકી આવ્યાં છે. જરા પેલી કવિતાઓ તારા સુંદર અવાજમાં સંભળાવને અને હા, પેલો તું સ્કૂલમાં રામ બનેલો એ ઍક્ટિંગ પણ કરી બતાવ ને તને મળેલું પ્રાઇઝ પણ અંકલને બતાવ!'

મોટાપણે ગાવા જવાની બહુ હોંશ હતી, પણ નાનપણમાં ગાયેલી બેસૂરી કવિતા અને મહેમાનોએ કરેલાં (ફોગટનાં) વખાણ અને રમવાની જગ્યાએ મને થયેલી કારમી સજાઓ યાદ આવી ગઈ. આમ છતાં, સ્કૂલમાં સંગીત ક્લાસમાં જવાનું સ્વીકારું તો રમતગમતમાં જવાનું ટળશે એમ વિચારી ટીચરે આપેલાં ઑપ્શનમાંથી મેં સંગીત જ મને કમને રાખી લીધું.

સંગીત ટીચરે પ્રથમ તાસમાં પૂછ્યું, 'તને શેમાં રસ છે?'

મેં કહ્યું, 'કંઈ પણ ચાલશે. ઓછી મહેનતવાળું હોય તો સારું. સુગમ સંગીત સુગમ પડશે એમ મારી મમ્મી કહેતી હતી.'

'ટીચર કોણ છે? હું કે તારી મમ્મી?'

'સોરી, સર.'

'તું એક કામ કર. એક કવિતા ગાઈને બતાવ. પછી તને કયા ટ્રેક ઉપર ચડાવવો તે નક્કી કરું.'

મેં 'ઓ ઈશ્વર ભજીએ તને...' ગાવાનું શરૂ કર્યું અને સરે મને ગાતો અટકાવ્યો.' તારી મમ્મીએ ખાલી ઓ ઈશ્વર જ શીખવેલું છે, કે પછી બીજું કંઈ આવડે છે? (મારી મમ્મી જ શીખવવાની હોત, તો તમને પગાર શાનો મળે છે?)

'ના, ખાસ કશું આવડતું નથી.'

'તું એક કામ કર. તારું ગાવાલાયક ગળું નથી. તું બાજુના ક્લાસમાં તબલાં શીખવા જા.'

આમ મારો ટ્રેક પાછો બદલાયો. થવાકાળ કે તબલાંના સરે મને જે તબલાં વગાડવા બેસાડ્યો તે તબલાં જૂનાં હોઈ... તૂટવા માટે જાણે મારી જ રાહ જોતાં હતાં કે શું? મેં જેવા હાથ પછાડ્યા કે તબલાંનું ચામડું ફાટ્યું ને સરે મને કહ્યું, 'તું કદાચ અહીં ફિટ નહીં થાય. બાજુના વોકલ ક્લાસમાં શાસ્ત્રીય રાગો શીખવા જા.' અને પછી હું એ ટ્રેક ઉપર ન જતાં સીધો મેદાનમાં રમવા ગયો અને સરને કહ્યું, 'સર, મારે રમતગમતમાં જ રહેવું છે.' ધૂળમાં રમવાનું સપનું પૂરું કરવાના ટ્રેક ઉપર મેં મહોર મારેલી.

પછી તો વારાફરતી જીવનમાં ટ્રેક બદલાતા રહ્યા અને પેલી ઉક્તિ મુજબ 'ચરે તે ફરે' તેમ હું ફરતો રહ્યો ને ચરતો રહ્યો. હું એકનો એક, માનો લાડલો જો હતો! એટલે મા મારું પડેલું મોં જોઈને વારંવાર કહેતી, 'એક રસ્તો બંધ થાય, ત્યારે ભગવાન બીજા અનેક રસ્તાઓ ખોલી આપે છે. નાસીપાસ થયા વગર ટ્રેક બદલતો રહે. આજે નહીં તો કાલે, તું એવા ઉત્તમ ટ્રેક ઉપર પહોંચશે કે આસપાસના લોકો જલતા રહી જશે.' (પછી માએ મારા બાપા સામે જોયું.)

'આવી ખોટી શિખામણો આપી આપીને, ઘરમાં બેસાડીને, મનગમતા રસથાળ ખવડાવી ખવડાવીને મદનિયાં જેવો બનાવી દીધો છે! (એ તો ગેંડો જ બોલત. પણ મારી માએ ડોળા કાઢ્યા, એટલે નહીં બોલ્યા.) એક પણ ટ્રેક પર ફિટ થતો નથી તો કમ સે કમ જીમમાં મોકલીને ચરબીનાં આવરણો હટાવે એવું કરો, નહીંતર ગામની એક પણ કન્યા, આપણે સામેથી વાંકડો આપશું તોપણ આ તારા લાલુને વરમાળા નહીં પહેરાવશે. સમજી?'

એ પછી મારા બાપાના શબ્દોને પછાડવા માટે મેં જીમ જોઈન કર્યું. ત્યાં પરણવાની લાયમાં અને કન્યાને ઇમ્પ્રેસ કરવા હાથના ગોટલા (મસલ્સ) એવા બનાવ્યા કે બ્યુટીપાર્લરના માલિકનું ધ્યાન મારા ઉપર ગયું. કદાચ કોઈનું પહેલી વાર મારામાં રોકાણ કરવાનું મન થયું! માલિકે મારી પાસે જીમની દસ હજાર ફી લેવાની ના કહી, ઉપરાંત જીમમાં પાર્ટનરશીપ આપવાની ઑફર કરી. 'એક સાથે એક ફ્રી'ની જેમ એમણે 'એક સામે બે ફ્રી' ની ઑફર આપી. એક ઑફર પાર્ટનરશીપની અને બીજી ઑફર એમની એકની એક કન્યા કે જે મારા ગોટલા રોજ છાનીમાની જોઈને શરમાતી હતી, એને વરમાળા પહેરાવવાની કરી. મને મારી માનું પેલું વાક્ય યાદ આવ્યું કે, 'એક રસ્તો બંધ થાય, તો નિરાશ ન થતાં નવા નવા ટ્રેક ઉપર કામ કરવું.' અને મેં મારા આ મફતિયા, ગમતીલા, અને બાપાને બતાવી આપવાની તક ઝડપી અને આ નવા ટ્રેક ઉપર ફૂલ સ્પીડમાં દોડવાનું શરૂ કરી દીધું કે જેથી વહેલો આવે મુકામ, અને વાગે શરણાઈના ટ્રેક... જોયું? ગાડી ટ્રેક ઉપર આવી કે નહીં?

(નોંધઃ વાંચીને અમારા તંત્રી પાછા એમ ન કહે કે તમે તો આ સાવ ખોટા ટ્રેક પર લેખ વળી કયાં લખી લાવ્યા?!) ■

# ચીટ...ચીટ... ચિટર્સ !

આજની નવલિકા

અજય ઓઝા
feedback.ladki@bombaysamachar.com

'ચાર દિવસ ? હિલ સ્ટેશન જવાની રજા?' બોસ અચંબામાં પડ્યા.

'હ..હા સર, મેં કહ્યું ને? વાઈફને હવાફેર માટે.. ડોક્ટરે સજેસ્ટ કર્યું છે ને અત્યારે ઑફ સીઝન પણ છે, તો બે-ચાર દિવસ રીફ્રેશ થઈ આવું?' સનત ચોખવટ કરવા લાગ્યો.

'ઓકે... પણ આવીને તમારે જ તમારું કામ પૂરું કરવાનું રહેશે મિસ્ટર સનત ઓકે ?' બોસે ફાઈલ બંધ કરતા કહ્યું.

'યાહ.. સ્યોર સર.. સ્યોર.' સનત ખુશ થઈ ગયો.

બોસ એની ખુશી જોતા આંખ મીંચકારતા બોલ્યા:

'રજા આપું એટલે ખુશ થયા? કે ડોક્ટરના સજેશનને કારણે આટલા રાજીના રેડ? કે પછી બીજું કંઈ? હે...હે...?!'

જવાબ દેવાની પરવા કર્યા વગર જ સનત સ્મિત ફરકાવતો બોસની કેબિન બહાર નીકળી ગયો.

ઘરે આવી ડોરબેલ મારી. પત્નીએ દરવાજો ખોલ્યો :

'અરે? આટલા વહેલા? એની વે, ગુડ સરપ્રાઈઝ. ચા બનાવું ?'

'શું સરપ્રાઈઝ? આ તેં કંઈ જોબ છે?' સોફા પર પડતું મૂકતા સનત બોલ્યો.

'કેમ? શું થયું?' સનતના ચહેરા પરનો અણગમો જોતા સુજાતાએ પૂછ્યું.

'મારી બેગ તૈયાર કર, મારે અત્યારે જ અમારી પૂના ઑફિસે જવું પડશે. ત્યાં કંઈક ડખો થયો છે. બોસે મને બધું હેન્ડલ કરવાની જવાબદારી સોંપી. ફ્લાઈટનું બૂકિંગ થઈ ગયું છે. મારે ચારેક દિવસ રોકાવું પડશે.' સનતે ઘડી કાઢેલી સ્ટોરી સુજાતાને એકીશ્વાસે જણાવી દીધી, જેથી ગોટાળો થાય જ નહિ.

સુજાતાએ બધી તૈયારી કરવા માંડી. સનતે બહાર ફળિયામાં જઈ તરત જ નિશાને મેસેજ સેન્ડ કર્યો :

'સી યુ એટ ઍરપોર્ટ, જસ્ટ ઈન ફોર્ટી મિનિટ્સ.'

મેસેજ કર્યા પછી મનમાં હરખાતો અંદર આવ્યો.

ઍરપોર્ટ પહોંચ્યોં ત્યારે નિશા ત્યાં એની રાહ જોતી ઊભી હતી. એને જોઈને દોડતાં જ વળગી પડી.

'સોરી ડાર્લિંગ, તારે રાહ જોવી પડી હશે ને? પણ જો હવે પૂરેપૂરા ચાર દિવસ તારા ને માત્ર તારા જ!' સનતે કહ્યું .

નિશા ખુશ થતી ફરી એને ચૂમી લે છે. થોડીવારમાં જ એમની ફલાઈટ એમને પૂના લઈ જાય છે. ત્યાંની એક ફાઈવ સ્ટાર હોટેલમાં સનતે એક સ્યૂટ બૂક કરાવ્યો હતો. આ ચાર દિવસ 'ડૂ નોટ ડિસ્ટર્બ'ની ટેગ ડોર પર ઝુલાવી દીધી..

રૂમમાં આવીને હળવા થતા સનતે પૂછ્યું :

'બાય ધ વે તેં તારા હસબન્ડને શું કહ્યું છે ?'

ઍટેચ્ડ બાથના ખુલ્લા ડોર પાછળની ગ્લાસવોલમાં અનાવૃત્ત થઈ શાવર લઈ રહેલી નિશાએ મોટેથી હસીને કહ્યું :

'હૈદરાબાદ ટ્રેનિંગનું બહાનું કામ લાગી ગયું. બટ યૂ નો સનત, એ મને મૂકવા આવવાનો હતો.. માંડ માંડ પીછો છોડાવ્યો... નહિતર ભાંડો ફૂટી જાત. હું તો પૂરા એક વીકનું કહીને આવી છું હો..' ભીના વાળ સનતની છાતી પર ઝાટકતા નિશા પાસે આવી ને વળી આંખ નચાવતા કહે :

'સંભાળી લેજે, આખુંય વીક હું તારી જ છું હવે.'

સનતે એને વધારે ભીંસી લીધી. નિશા હળવેથી ચીસ પાડી બેઠી, જરા દૂર થઈ બોલી :

'તેં તારી વાઘણને શું કહ્યું છે એ તો કહે.'

'ચાર દિવસનું કહ્યું છે. આમ પણ ઑફિસમાથી ચાર દિવસની જ રજા મળી છે. આઈ થિન્ક, ચાર દિવસ તો ઈનફ રહેશે નહિં?' સનતે પૂછ્યું .

'બસ? તો બાકીના દિવસો હું શું કરીશ?' નિશા અકળાઈ.

'હૈદરાબાદ જજે. ટ્રેનિંગમાં !'

'વ્હોટ ?'

'જસ્ટ મજાક ... નિશા. વહેલી પાછી જઈને તારા હસબન્ડને સરપ્રાઈઝ આપજે ને ! એ પોતે એકલો એકલો ત્યાં શુ રાંધી રહ્યો છે એ પણ ખ્યાલ આવી જાય.' સનતે પંચ માર્યો.

'હં... એઝ યોર વિશ.. પણ આપણે જ એને દગો કરીએ ને એ દગો કરે છે કે નહિ એવી શંકા પણ કરીએ! ઠીક છે એ બધું તો.. જોઈએ.' કશોક વિચાર કરીને નિશા શાંત પડી.

સનતના મોબાઈલ રણકી ઊઠ્યો. નિશાને બંધનમાંથી છોડ્યા વગર જ એણે ફોન

રિસીવ કર્યો :

'હા સુજાતા.. બોલ.'

'તમે પહોંચી ગયા ? ફોન આવ્યો નહિ એટલે ચિંતા થઈ.' સુજાતાએ સહજ રીતે જ પૂછ્યું.

'ઓહ...હા, આવતાવેંત જ કામે લાગી ગયો ને એટલે જરા ફોન કરવાનું ભૂલાઈ ગયું.' નિશાને વધુ ભીંસતા એ બોલ્યો.

'ઠીક છે પણ.. તમારા કામમાં મનેય ભૂલી જતા નહિ પાછા.' સુજાતાએ છણકો કર્યો.

'અરે, હોય કાંઈ ? તને તો કેમ ભૂલું? બહુ મિસ કરું છું, પણ શું થાય? જલ્દી મળીએ.. ઓકે ? બાય.' કહેતા ફોન કાપીને સનત આસ્તેથી નિશાને કિસ કરે છે.

નિશા નશીલી આંખો નચાવતા બોલી : 'ચિટર..!'

'કમ ઓન યાર... ચાલ્યા જ કરે, ક્યારેક છેતરાવું પણ પડે ને ક્યારેક કોઈને છેતરવા પણ પડે. ઈન ધીસ સેન્સ.. વી ઓલ આર ચિટર્સ..!' બોલીને સનતે નિશાના હોઠ સીવી દીધા.

ઉન્માદની એ ક્ષણો પૂરી થઈ ત્યાં જ નિશાના ફોનમાં એના હસબન્ડનો કોલ રણક્યો.

જરા પણ ખચકાટ વગર નિશાએ વાત ચાલુ કરી :

'યસ ડાર્લિંગ ? મેં તને મેસેજ મૂકેલો કે હું પહોંચી ગઈ છું. હેવ યૂ રીડ ઈટ?'

'ઓ યાહ હની, આ તો જસ્ટ તારી યાદ આવી ને થયું કે તું પણ મને યાદ કરતી જ હશે..રાઈટ ?' સામેથી એનો હસબન્ડ બોલ્યો.

સનત હજી પણ નિશાના ખુલ્લા દેહ પર બાકી રહી ગયેલી જગ્યાઓને ચુમી રહ્યો હતો. એને સહેજ પણ અટકાવ્યા વગર સનતના માથા પર હાથ ફેરવતા નશામાં નિશા બોલી :

'એબ્સોલ્યુટલી રાઈટ, આઈ એમ ગોઈંગ ટુ મિસ યૂ ડાર્લિંગ... તને જ તો યાદ કરતી હતી. અહીં તને ગમે એવું સરસ વાતાવરણ છે, નેક્સ્ટ ટાઈમ આપણે સાથે જ અહીં જ આવશું. તું આવશે ને? જોજે, ના નહિ પાડતો, પ્લીઝ!'

'વ્હાય નોટ ? વ્હાય નોટ ? ચોક્કસ સાથે જ જઈશું. ખૂબ ઍન્જોય કરશું.'

'સો નાઈસ ઓફ યૂ, થેન્ક્યુ ડાર્લિંગ. મારી ટ્રેનિંગનું બીજું સેશન શરૂ થાય છે, હું જાઉં ?' સનતની વધતી ઉત્તેજનાને માપીને નિશાએ કહ્યું.

'ઓહ.. યસ..યસ. હેવ એ નાઈસ ટાઈમ.'

'બાય હની.' કહીને નિશાએ ફોન કાપ્યો અને સનત સામે જોતા બોલી :

'કોઈવાર યાદ ન કરો ત્યારે પણ શેતાન હાજર થઈ જ જાય તે આનું નામ !'

રમતિયાળ ચહેરે સનત બબડ્યો :

'હં.. ચિટર.'

સનતને બમણા વેગથી આશ્લેષમાં લઈ ખડખડાટ હસતા નિશા બોલી :

'યૂ નોટી.. વી ઓલ આર ચીટર્સ !'

અને ફરી બન્ને ડબલ બેડ પર એકમેકમાં ગૂંથાઈ ગયા.

***

ત્રણ દિવસ તો એમ જ પસાર થઈ ગયા. ચોથે દિવસે સવારે નિશાને જગાડતા

સનતે કહ્યું :

'સૂવામાં જ તું તો કેટલો સમય બગાડે છે, ચાલ હવે જાગ તો, ડોર પરની 'ડૂ નોટ ડિસ્ટર્બ'ની ટેગ ઉતારવી નથી? આજે ચેક-આઉટ કરી લઈએ.'

આળસ મરડતી નિશા જાગી, 'હા ત્રણ દિવસ કેમ નિકળી ગયા ખબર જ પડી નહિ.'

સનત કહે : 'રિસેપ્શનમાં ફોન કરી આપણી બન્નેની રિટર્ન ટિકિટ બૂક કરાવી લે.'

જરા વિચારી નિશા બોલી :

'આઈ હેવ ઓલરેડી ડન ધેટ... પણ તારા એકની જ ટિકિટ કરાવી છે.'

'કેમ? તારે નથી આવવું ?' સનત ચોંક્યો.

'મારે તો હજી બે દિવસ અહીં આરામથી રહેવું છે.' નિશા બાલ્કની તરફ ગઈ.

'એકલા રહીને શું કરીશ ?' સનતે પ્રશ્ન કર્યો, પણ નિશાએ જવાબ આપ્યો નહિ.

થોડી વાર શાંતિ છવાયેલી રહી. એ શાંતિમાં બન્નેના મનમાં કેટલુંય ઘૂટાતું જતું હતું.

'બાય ધ વે.. મોડી રાત્રે તારા મોબાઈલમાં કોનો ફોન હતો, નિશા ? બાલ્કનીમાં જઈ બહુ લાંબી વાતો ચાલેલી તારી?' સનતે પૂછ્યું.

'છે એક, મારો કોલેજ ફ્રેન્ડ. ધર્મિલ... અહીં નજીકમાં જ ક્યાક એ જોબ કરે છે. પૂનાથી બહુ દૂર નથી. આજે બપોરે મળવા આવે છે અહીં.' નિશાએ કહ્યું ને પછી બોલી,

'તુ કોફી મંગાવ હું ફ્રેશ થઈ આવું છું.'

સનત લગભગ ચોંક્યો : 'ધર્મિલ? જૂનો ફ્રેન્ડ? એટલો નજીક હશે કે એને મળવાની પણ ગોઠવણ કરી નાખી? ક્યાંક આ બધું નિશાએ પહેલેથી જ તો નહિં ગોઠવી રાખ્યું હોય ને? તો જ એ પૂરા વીકની રજા લઈને નીકળી હશે! શું ખબર જે ચિટિંગ એ પોતાના પતિ સાથે કરતી રહી છે એ મારી સાથે પણ કરતી હોય ! એને માટે કશું અશક્ય નથી...' સનતને થયું કે પોતે પૂછી લેવું જોઈએ કે ધર્મિલને અહીં બોલાવવાની શી જરૂર? આમ દૂરના સ્થળે, જૂના મિત્રને હોટેલના એકાંતમાં બોલાવવાનો અર્થ શું સમજવો? જોકે પૂછવાથી શું જવાબ મળશે એ પણ સનત ક્યાં નહોતો જાણતો. નિશા એને જ ભીડવે :

'તને મારા પર શક જાય છે? હું મારા પતિને પણ ખુલાસા આપવા ટેવાયેલી નથી, ને તું મને આવા બેહૂદા સવાલો કરે? હાઉ ડેર યૂ ?'

સનત ફ્લાઈટમાં બેઠો ત્યારે પણ એ જ શાંતિથી ઘેરાયેલો રહ્યો. એના મનના વિચારો ફ્લાઈટ કરતા પણ તેજ ગતિએ દોડી રહ્યાં હતા. નિશા તેને એરપોર્ટ પર મૂકવા આવી હતી. પણ પછી એ પણ તરત જ પોતાના મિત્ર ધર્મિલને રિસીવ કરવા જતી રહી. એને મનમાં પ્રશ્ન થયો કે શા માટે નિશાએ હોટેલમાં વધુ બે દિવસ રોકાવાનું નક્કી કર્યું હશે? રજા હતી તો ભલે પણ પોતાને પણ સાથે રોકાઈ જવા માટે એકવાર પણ આગ્રહ કેમ નહિ કર્યો હોય? કોણ હશે આ ધર્મિલ? પહેલા તો ક્યારેય એનો ઉલ્લેખ થયો જ નથી ! અગાઉથી જ આ બધું નક્કી તો નહિ હોય ને? બાકીનો સમય એ ધર્મિલ સાથે જ રહેશે બે દિવસ?

> નિશા, વહેલી પાછી જઈને તારા હસબન્ડને સરપ્રાઈઝ આપજે ને ! એ પોતે એકલો એકલો ત્યાં શુ રાંધી રહ્યો છે એ પણ ખ્યાલ આવી જશે

સનતનું મન વાદળો વચ્ચેથી પસાર થતા વિમાનની જેમ અનેક વિચારોના ધુમ્મસમાં અટવાતું જતું હતું. તેમાંથી છૂટવા માટે વળી જે વિચારો આવતા હતા એ વધુ અકળાવનારા હતા. ધર્મિલ.. સાવ અજાણ્યું નામ લાગે છે ! એ નિશાને મળવા શું કામ આવતો હશે? ફરગેટ ઓલ..જે સ્ત્રી પોતાના પતિની નથી થઈ શકી એ મારી કે ધર્મિલની ક્યારેય થઈ શકે ખરી? તેને થયું, આવો જ સવાલ કોઈ મારા માટે પણ કરી જ શકે ને? ધત... કેવા બેહૂદા વિચારો !

ફરી ફરીને વળીને એનું મન નિશાના વિચારોમાં પહોંચી જતું હતું. રહેવાયું નહિ એટલે એરપોર્ટ પર ઉતર્યો ને તરત જ એણે નિશાને ફોન લગાવ્યો. ખાસ્સી એવી વારે રિસીવ થયો.

'સનત ? કંઈ કામ હતું ?' નિશાએ પૂછ્યું.

સનત ખચકાયો, 'ના.. જસ્ટ એમ જ. ધર્મિલ આવી ગયો ?'

'હા, આવી ગયો ને, અમે વાતો જ કરીએ છીએ. મેં તને કહેલું જ ને? કેમ? તેં એ પૂછવા ફોન કર્યો ?' નિશાએ પૂછ્યું.

ફરી સનત ખચકાયો, 'ના ના, હું પહોંચી ગયો એ કહેવા માટે ફોન કર્યો. થયું કે તું મારી ફિકર ન કરે એટલે કહી દઉં.'

નિશા સહેજ હસીને પછી જરા નશીલા અવાજે બોલી :

'યસ ડાર્લિંગ, મને ફિકર તો હોય જ ને ! હું પણ તારી સાથે નીકળી ગઈ હોત કે તું પણ અહીં રોકાયો હોત તો હું આટલી બોર ન થાત. કદાચ ધર્મિલ રોકાય જાય તો સારું. યૂ નો.. આઈ એમ ગોઈંગ ટુ મિસ યૂ નાઉ...'

'ઓહ.. એ કેટલું સાચું બોલતી હશે કે કેમ? સનતથી નિઃસાસો મૂકાઈ ગયો. ધર્મિલ રોકાય તો સારું ? કદાચ એ વધુ ગૂંચવાયો હતો. ફોન કાપીને એ મનોમન બબડ્યો,

'ચિટર...!'

ઘરે આવ્યો ત્યારે સુજાતા એની રાહ જોતી બેઠી હતી, સામે આવી બેગ લઈ એક

તરફ મૂકતા બોલી :

'આવી ગયા ? થાક્યા હશો ને. ચા બનાવું.'

સનતે સોફા પર લંબાવ્યું. સુજાતા થોડી વારમાં ચા બનાવીને લાવી. એ ચા પીતો

હતો ત્યારે સુજાતા સાથે બેસી વાતો કરવા લાગી.

'કેમ રહી તમારી બિઝનેસ ટૂર? આઈ એમ સ્યોર કે તમે તમારી પૂના ઑફિસના પ્રશ્નો ઉકેલી નાખ્યા હશે ને?'

કપ નીચે મૂકતા સનત બોલ્યો :

'હા આઈ હેવ મેનેજ ઓલ. અત્યારે તો સમેટાયું બધું હેમખેમ. બહુ થાક્યો છું.. થોડી વાર આરામ કરીશ.'

સનત ઊભો થયો. એને અટકાવીને નજીક જતા જરા શરારતી બની રહેલી સુજાતા બોલી :

'કેમ ? થાક ઉતારવો નથી ? હું છું ને ? આટલા દિવસે આવ્યા છો તો...'

સનત કંઈ બોલે એ પહેલા જ સુજાતાએ એના હોઠ સીવી દીધા. ફરી કોઈ જાણીતા ઉન્માદની ક્ષણો સનતને ઘેરાઈ વળી. એની આ જ તો કમજોરી હશે, ઉન્માદની આ સોડમ એને પણ બેહોશ કરીને જ રહે.

એવામાં સનતના ફોનમાં નિશાની રીંગ આવી.

સુજાતાને અળગી કર્યા વગર જ એણે વાત

કરી : 'યસ? હું ઘરે પહોંચી ગયો, મેસેજ મૂકેલો જ. જોયોને ?'

'યસ યસ, જોયો મેસેજ. આ તો ધર્મિલ જરા બહાર ગયો પછી મને પણ થયું કે તારી સાથે નિરાંતે વાત જ કરી લઉં. યાદ કરે છે ને?' નિશા બોલી.

'એ તે કંઈ પૂછવાનું હોય? પૂના સાથે મારે જૂનો સંબંધ છે, ત્યાંની ઑફિસ તો હું કેમ ભૂલું ? અહીં આવ્યા પછી તો હું પૂના બહુ મિસ કરતો હોઉં એવું લાગ્યા જ કરે છે.'

સુજાતા સામે આંખ મીંચકારતા વળી સનતે આગળ કહ્યું : 'તમે બધાએ-સ્ટાફે મને બહુ પ્રેમથી રાખ્યો... જ્યારે કહેશો ત્યારે ફરી આવી જઈશ, એની ટાઈમ.. પ્રોમિસ.'

'ઓહ.. સો નાઈસ ઓફ યૂ...સનત. બાય.' કહેતા ફોન કાપ્યા પછી નિશા બબડી :

અવાજ પરથી ન સમજાય એટલી ભોળી હું નથી, સુજાતા સાથે હોય એવું લાગે છે.

'ડેમ ઈટ ! જે માણસ પોતાની પત્નીનો ન થઈ શક્યો હોય એ મારો શી રીતે થઈ શકે? સાલો ચિટર..! વ્હુ કેર્સ ?! વ્હેર ઈઝ ધર્મિલ નાઉ?'

મોબાઈલ એકતરફ મૂકીને સનત ફરી સુજાતાને વધુ ભીંસે છે.

'સાવ જ જૂઠ્ઠા... પૂના મિસ કરો છો તમે?' આંખો ને રમતિયાળ અંદાજે ઉછાળતી સુજાતા કહે :

'ચિટર !!'

'કમ ઓન યાર... ચાલ્યા જ કરે, ક્યારેક છેતરાવું પણ પડે ને ક્યારેક કોઈને છેતરવા પણ પડે. ઈન ધીસ સેન્સ.. વી ઓલ આર ચિટર્સ..!' બોલીને સનતે આવેશમાં સુજાતાના હોઠ સીવી દીધા.

(સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| मंद | સરઘસ |
| मऊ | પછી |
| मग | બાથ |
| मिठी | મુલાયમ |
| भिरवणूक | ધીરું |

### ઓળખાણ પડી?

૧૦ વર્ષ પહેલા ટેસ્ટ ક્રિકેટ રમવાનું શરૂ કરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડંકો વગાડનારી ભારતીય ટીમની ડાબોડી ઓપનિંગ બેટરની ઓળખાણ પડી?

અ) રિચા ઘોષ બ) મિતાલી રાજ ક) હરમનપ્રીત કૌર ડ) સ્મૃતિ મંધાના



### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર સગા ભત્રીજાના એકમાત્ર સગા કાકાની પત્નીના સસરા પુરુષને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસા બ) દાદા ક) કાકા ડ) પિતા

### જાણવા જેવું

ગાંધીજી કહેતા કે જેવું ફળ જોઈતું હોય તેવું સાધન રાખો, એ સૂત્રને હું અક્ષરશઃ માનું છું. મને લાગે છે કે, ધ્યેય શુભ હોય તો તેને પહોંચવા માટે ગમે તેવું સાધન ચાલે. સારી ધારણા પાર પાડવામાં ગમે તેવી હિંસા કરવી વાજબી છે એ માન્યતા નુકસાન કરનારી છે. શંકા ભરેલા એટલે કે ખોટા ઇલાજો અખત્યાર કરવાને કારણે ઘણી પ્રવૃત્તિઓને નુકસાન થયું છે.

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરીર સંતાઈ બેઠું છે એ શોધી કાઢો

કામ આડેધડ કરવાથી એનો અર્થ સરતો નથી.

### નોંધી રાખો

જેમ પાનખર વિના ઝાડ પર નવા પર્ણ નથી આવતા, એવી જ રીતે મુશ્કેલી કે સંઘર્ષ વિના જીવનમાં સફળતા મોટેભાગે નથી મળતી.

### માઈન્ડ ગેમ

એક અંકની એવી કઈ સંખ્યા છે જેમાં એ જ સંખ્યા ઉમેરો અથવા એ જ સંખ્યા સાથે ગુણાકાર કરો તો પણ જવાબ સરખો જ આવે.

અ) ૧ ૨) ૪
૩) ૨ ૪) ૭

### ગયા વખતનો ઉકેલ

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**

૧. નક્કી, બરાબર, અવશ્ય (૩)
૩. રાજ્યનું વહીવટી કામકાજ (૪)
૭. દાવા, અધિકાર, કર્તવ્ય (બ.વ.) (૨)
૯. બાણ (૨)
૧૦. કામરત (૨)
૧૧. નજર સામે રાખેલું (૨)
૧૨. બે ખેતરની વચ્ચે હોય (૨)
૧૩. બાપની કમાણી (૫)
૧૫. બદ્દુવા (૨)
૧૬. હરસનું દરદ (૨)
૧૮. કુંભારનો ચાકડો (૨)
૧૯. નાટક કે કથાનો વિષય, પદાર્થ, ચીજ (૨)
૨૦. શરીરનો ભાગ (૨)
૨૨. પ્રતિબંધ, અટકાવ (૨)
૨૩. આદરસત્કાર, સેવા ચાકરી (૪)
૨૫. નામ નોંધાવવું તે (૪)
૨૬. રક્ષા કરનાર (૩)
૨૭. બોલવું તે (૨)
૩૦. લોહી (૨)
૩૧. નિખાલસતા, નિષ્કપટતા (૪)

**ઊભી ચાવી**

૧. ચારે બાજુ (૫)
૨. સાથે (૨)
૪. યશ, કીર્તિ (૨)
૫. કાર્યવાહી, કામકાજ, યુક્તિ (૪)
૬. દખલગીરી (૪)
૮. ગમે તે (૪)
૧૪. રસ્તો (૩)
૧૫. રોટલી સાથે ખાવા જોઈએ (૨)
૧૭. સજાગ (૩)
૧૮. નોકર (૩)
૨૦. છેલ્લા અક્ષરથી ગીત ગાવાની રમત (૪)
૨૧. ભલા, સદ્ગુણવાળા (૨)
૨૨. ધારાધોરણ, વર્તનના નિયમો (૪)
૨૪. 'ભરવું'નું આજ્ઞાર્થ (૨)
૨૫. કર ન ભરવો તે (૩)
૨૭. ગંધ (૨)
૨૮. --- મળે ચોટલા, ભાંગે ઘરના ઓટલા (૨)
૨૯. માલ મિલકત (૨)

### સુડોકુ-૭૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૮ | | ૭ | | | | |
| | | ૨ | ૩ | | | ૧ | | ૮ |
| | | | ૪ | | | | | ૩ |
| | ૫ | | | | | ૬ | | |
| ૧ | ૮ | | | | | | ૫ | ૪ |
| | | ૪ | | | | | ૨ | |
| ૪ | | | | | ૨ | | | |
| ૮ | | ૫ | | | ૭ | ૨ | | |
| | | | | ૮ | | ૩ | ૧ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૬ | ૨ | ૪ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૮ | ૭ | ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૯ | ૪ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૭ | ૫ | ૧ | ૩ | ૯ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गांडूळ | અળસિયું |
| गाठणे | પહોંચવું |
| गारद | મૃત્યુવશ |
| गारवा | ઠંડક |
| गाढव | ગધેડો |

ગુજરાત મોરી મોરી રે
મામાજી

ઓળખાણ પડી?
ગગનદીપ કંગ

માઈન્ડ ગેમ
૯૯૭

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કાર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) લજિતા ખોના (૧૭) મહેશ દોશી (૧૮) પ્રવીણ વોરા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) હર્ષા મહેતા (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) અરવિંદ કામદાર (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભાવના કર્વે (૩૩) કલ્પના આશર (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જગદીશ ઠક્કર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) દિલીપ પરીખ (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) શિલ્પા શ્રોફ (૪૩) નીતિન બજરિયા (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) પુષ્પા ખોના (૪૬) નંદકિશોર સંજાણવાળા (૪૭) વિમા સંપટ (૪૮) વિજય આસર (૪૯) પુષ્પા ખોના (૫૦) મહેશ સંઘવી

# ઑન્લી અનોલી!

**અમદાવાદની ચૅમ્પિયન સ્કૅટર અનોલી શાહ સ્કૅટિંગમાં ઢગલાબંધ મેડલ જીતી છે. યુવા વર્ગમાં ભરપૂર જાણકારી શૅર કરીને એમને કરિઅર બનાવવામાં એ મદદરૂપ થઈ રહી છે**

રૂબરૂ
અજય મોતીવાલા
feedback.ladki@bombaysamachar.com





અમદાવાદમાં રહેતી ચૅમ્પિયન સ્કૅટર અનોલી શાહે માત્ર નવ વર્ષની ઉંમરે સ્કૅટિંગની તાલીમ લેવાની શરૂઆત કરી હતી અને ૧૮ વર્ષની લાંબી કરીઅરમાં તે કુલ ૧૬૬ ગોલ્ડ મેડલ સહિત કુલ ૩૭૭ મેડલ જીતી છે. પોણાબે દાયકાની કારકિર્દીમાં નૅશનલ સ્પીડ સ્કૅટર અનોલીએ ઘણી સિદ્ધિઓ મેળવવા ઉપરાંત અનેક પડકારોનો સામનો કર્યો અને સ્કૅટિંગના ક્ષેત્રે તેને અનેક પ્રકારના અનુભવો પણ થયા. સ્કૅટિંગની રમતમાં પોતે જે ભરપૂર જાણકારી ધરાવે છે એને તે યુવા વર્ગને અને ખાસ કરીને છોકરીઓ સુધી પહોંચાડી રહી છે અને એના જ ભાગરૂપે તાજેતરમાં તેણે મુંબઈમાં યુવા સ્કૅટર્સને બહુમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.

થાણેમાં અને નવી મુંબઈની ઑર્કિડ્સ ઇન્ટરનૅશનલ સ્કૂલમાં અનોલીએ માસ્ટરક્લાસમાં પોતાની 'સ્કૅટિંગની સફર'ના અમૂલ્ય અનુભવો શૅર કર્યા હતા તેમ જ વિદ્યાર્થીઓને જરૂરી બૅઝિક જાણકારી આપી હતી કે જેથી તેઓ સ્કૅટિંગમાં શાનદાર કારકિર્દી બનાવી શકે.

અનોલીએ 'મુંબઈ સમાચાર' સાથેની વાતચીતમાં કહ્યું, 'સુંદર આયોજન વચ્ચે મને સ્કૅટિંગની તાલીમ લેનાર બાળકોમાં ખૂબ જ સારો ઉત્સાહ જોવા મળ્યો હતો. તેઓ નવી તરકીબ તેમ જ પાયાભૂત જાણકારી ગ્રહણ કરવા તત્પર હતાં. મેં મારી કરીઅરમાં જે પડકારોનો સામનો કર્યો એમાંથી કેવી રીતે સફળતાપૂર્વક બહાર આવવું એના અનુભવો મેં તેમની સાથે શૅર કર્યા હતા.'

અનોલીએ થોડા સમય પહેલાં એક મુલાકાતમાં કહ્યું હતું, 'યુવા વર્ગને મારો સંદેશ છે કે તમારે શું બનવું છે અને કરીઅરમાં કેવી રીતે આગળ વધવું એ વિશે દરેકનાં મંતવ્યો સાંભળવાને બદલે તમને જેની (જે રમતની) પૅશન હોય અને જેને ફૉલો કરીને તમને ખુશી થતી હોય તેમ જ જેમાં તમને તમારું ઉજ્જવળ ભવિષ્ય દેખાતું હોય એને જ અનુસરો. એવું કરશો તો તમે કરીઅરમાં બહુ સારી રીતે આગળ વધી શકશો. અથાક મહેનત કરો, તમને સફળતા મળીને જ રહેશે. આજે નહીં તો કાલે, તમે તમારો ધ્યેય હાંસલ કરી જ શકશો.'

એશિયન રૉલર સ્પોર્ટ્સ ચૅમ્પિયનશિપ અને વર્લ્ડ સ્પીડ સ્કૅટિંગ ચૅમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલી અનોલી ૧૬૬ ગોલ્ડ ઉપરાંત ૧૨૩ સિલ્વર અને ૮૮ બ્રૉન્ઝ મેડલ જીતી ચૂકી છે. જૈન સમાજની અનોલીએ ૨૦૦૬માં પ્રાઇવેટ ઍકેડેમીના સમર બૅચમાં સ્કૅટિંગની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. તેણે 'મુંબઈ સમાચાર'ને કહ્યું, 'નાનપણમાં મને સ્કૅટની સૌથી પહેલી પૅર મારા દાદા નરેન્દ્રભાઈ શાહે ભેટ આપી હતી જેનાથી સ્કૅટિંગની વધુ તાલીમ મેળવવા મારો ઉત્સાહ વધી ગયો હતો. મારા પપ્પા અવકિતભાઈ શાહ સહિત સમગ્ર પરિવારજનોનો તેમ જ મારા કોચ (રાહુલ રાણા)નો પણ મને શરૂઆતથી બહુ સારો સપોર્ટ મળ્યો છે અને એટલે જ હું સ્કૅટિંગમાં આટલા ઊંચા સ્તર સુધી પહોંચી શકી છું. તેઓ મને સતત પ્રેરણા અને મૉટિવેશન આપતા રહે છે.'

અનોલીએ નાનપણમાં દાદાજીએ ભેટ આપેલા સ્કૅટિંગ સાચવી રાખ્યા છે.

અનોલીએ સ્કૅટિંગની રમતમાં અનુભવાતા પડકારોની વાત કરતા 'મુંબઈ સમાચાર'ને કહ્યું, 'આ એવી રમત છે જેમાં પડી જવાની સંભાવના તો હોય જ. પડી જવાને કારણે હાથ-પગ છોલાઈ જાય અને પછી રિહૅબિલિટેશનમાં ઘણો સમય આપવો પડે. એમાં ભણતરને પણ વિપરીત અસર થાય અને ક્યારેક પારિવારિક-સામાજિક સમારંભો પણ ગુમાવવા પડે.

ભૂતકાળમાં મારે કેટલાક કઝિન્સના લગ્ન સમારોહ મિસ કરવા પડ્યા હતા તેમ જ કેટલીક બર્થ-ડે પાર્ટીમાં પણ હું હાજરી નહોતી આપી શકી. ટ્રાવેલિંગ કરવું પડે એટલે ક્લાસિસ પણ મિસ કરવા પડે અને પછી સ્ટડીઝ કવર કરવા માટે પણ સમય આપવો પડે. ટૂંકમાં, આ રમતમાં ટાઇમ-મૅનેજમેન્ટ ખૂબ અગત્યનું હોય.'

અનોલીને સ્કૅટિંગની તાલીમ દરમ્યાન તેમ જ હરીફાઈ દરમ્યાન ક્યારેક ઈજા થઈ છે. તેણે કહ્યું, 'ભૂતકાળમાં મને ચહેરા પર, હાથના કાંડા પર, કોણીમાં, ખભા પર નાની ઈજાઓ થઈ હતી, પરંતુ સૌથી મોટી ઇન્જરી ઘૂંટણમાં (લિગામેન્ટ્સની ઈજા) થઈ હતી. ત્યારે મારે બે મહિના આરામ કરવો પડ્યો હતો અને ટ્રેઇનિંગ ગુમાવવી પડી હતી.'

દેશ-વિદેશમાં ઢગલાબંધ ચંદ્રકો જીતી ચૂકેલી અનોલી ડાયટ વિશે ખૂબ સજાગ છે. તેને મીઠાઈ ખૂબ ભાવે, પણ એ ખાવાનું ટાળે છે. જોકે ડાયટ ફૉલો કરવામાં તેને કોઈ તકલીફ નથી પડતી, કારણકે તેના મમ્મી કાનનબેન તેને માટે જરૂરી પોષકતત્વોથી ભરપૂર ભોજન અને નાસ્તો બનાવી આપે છે. અનોલીએ પ્રૉટીનયુક્ત ફૂડ લેવું પડે અને તળેલી વાનગીઓ ટાળવી પડે. અનોલી જન્ક ફૂડ અને મીઠી વાનગીઓથી દૂર રહેવાનું જ પસંદ કરે છે.

અમદાવાદમાં એમ.બી.એ. ગ્રેજ્યૂએટ થયેલી એશિયન બ્રૉન્ઝ મેડલિસ્ટ તથા રાષ્ટ્રીય વિજેતા અનોલી શાહ સ્કૅટિંગની રમતની નિષ્ણાત તેમ જ ન્યૂટ્રિશન ઍન્ડ ફિટનેસ કન્સલ્ટન્ટ પણ છે.

થોડાં વર્ષોથી ભારતમાં અને લગભગ દરેક રાજ્યમાં સ્કૅટિંગની તાલીમ મેળવવા સ્ટુડન્ટ્સ માટે હવે પૂરતી સગવડો છે. આ વિશે અનોલી કહે છે, 'હવે દરેક રાજ્યમાં ઓછામાં ઓછા ત્રણથી ચાર સિન્થેટિક ટ્રૅક છે. સ્કૅટિંગની રમતના વિકાસ માટે દેશમાં અગાઉ કરતાં હવે વધુ સારી માળખાકીય સગવડો મળી રહી છે જેમાં વિશ્વ-સ્તરનાં સાધનો ઉપલબ્ધ હોય છે. કોલમ્બિયા, ચીન, ફ્રાન્સ તેમ જ યુરોપ તથા અમેરિકાના કેટલાક દેશો સ્કૅટિંગની રમતમાં ટોચ પર છે. જોકે ભારત પણ એ દેશોની હરોળમાં આવી શકે એમ છે.'

સ્કૅટિંગ અનોલીની સૌથી પ્રિય રમત છે, પરંતુ તે ટેનિસ અને ક્રિકેટની રમતને પણ ફૉલો કરે છે. ટેનિસમાં રાફેલ નડાલ, રોજર ફેડરર અને નોવાક જૉકોવિચ તેના ફેવરિટ ખેલાડીઓ છે તેમ જ રાહુલ દ્રવિડ, એમએસ ધોની અને વિરાટ કોહલી તેના ફેવરિટ ક્રિકેટર્સ છે. ટ્રાવેલિંગ કરવું અને ખાસ કરીને દેશ-વિદેશમાં ફરવું અનોલીને ખૂબ ગમે છે. તે યુવા વર્ગને તાલીમ અને માર્ગદર્શન આપવાની સાથે પોતે હજી સ્કૅટિંગમાં વધુ મોટી સિદ્ધિઓ મેળવવા કટિબદ્ધ છે. ■

ફેશન પ્લસ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# સ્ટાઈલ- સિમ્પ્લીસિટી ને કમ્ફર્ટનું બીજું નામ હુડી



જો હુડીનો ક્રેઝ યુવાઓ વચ્ચે આખા ભારતમાં ઝડપથી વધી રહ્યો છે તો તેનું રસપ્રદ કારણ છે. સૌ પ્રથમ તો એ છે કે આ એક તરફ જ્યાં ખૂબ સ્ટાઇલિશ હોય છે. જ્યારે તેની સિમ્પ્લીસિટી પણ કમાલની છે. જેનો અર્થ છે કે આ હુડી એક એવું આઉટફિટ છે જે કેઝ્યુઅલ વિયરમાં કેરી કરવામાં આવી શકે છે અને કેટલાક સ્ટાઇલિશ વિયર કરવાનું હોય છે તેમાં પણ હુડીનો ઓપ્શન હાજર છે. લૂકમાં આ એક કેઝ્યુઅલ પણ લાગે છે અને સ્ટાઇલિશ પણ. જિન્સ, જોગર્સ અથવા શોટ્ર્સ સાથે તેને સરળતાથી પેયર કરી શકાય છે. યુવાઓ વચ્ચે તેના વધતા જલવાનું એક કારણ એ પણ છે કે સાધારણ હુડી ૫૦૦ થી ૧૫૦૦ રૂપિયાની રેન્જમાં ઉપબલ્ધ છે તો સ્ટેટ્સ શો કરવાના લોકો માટે પ્રીમિયમ હુડી જેમાં નાઇકી, એડિડાસ, ઝારા અને સુપરડ્રાઇ જેવા બ્રાન્ડસ છે. તેની શરૂઆત ૪૦૦૦થી લઇને ૧૦ હજાર રૂપિયાની વચ્ચે છે અને જો લક્ઝરી હુડીની વાત કરીએ તો જેમાં ગુચ્ચી, બાલંસિયાગા જેવા બ્રાન્ડની હુડી ૧૦,૦૦૦ રૂપિયાથી શરૂ થાય છે. જોકે દેશભરમાં આ હુડીના સ્ટોર સીમિત છે. સામાન્ય રીતે તેને ઓનલાઇન મંગાવવામાં આવે છે. પરંતુ આ એક્સક્લુઝિવ ડિઝાઇન લિમિટેડ એડિશન અને હાઇ ફેશન માટે જાણીતી છે.

હુડી ભારતની ઝેડ જનરેશન વચ્ચે એટલા માટે ખૂબ લોકપ્રિય છે કારણ કે તેમાં અનેક જબરદસ્ત ખાસિયતો છે. આ સેલ્ફ એક્સપ્રેશનનું પ્રતીક છે. તેમાં સીઝનલ અપીલ અને વિકલ્પ પણ છે. સાથે હુડી સેલિબ્રિટીઝ કલ્ચરની ખૂબ નજીક છે. હુડીની અનેક એવી ડિઝાઇન છે જેમાં આકર્ષક પ્રિન્ટ્સ, સ્લોગન, બ્રાન્ડેડ લોગો લાગેલા હોય છે. જે યુવાઓમાં સેલ્ફ એક્સપ્રેશનનું માધ્યમ બની જાય છે. એટલે કે જે તેઓ કહેવા માગે છે તે હુડી કહી દે છે. અનેક આઉટફિટ ફક્ત સીઝન વિશેષ માટે હોય છે. પરંતુ હુડી સાથે એક સારી વાત એ છે કે આ શિયાળા માટે પણ ઉપલબ્ધ છે અને ઉનાળા માટે પણ. કારણ કે આ આરા અને થર્મલ સુરક્ષા બંન્ને આપે છે. પરંતુ કદાચ યુવાઓ વચ્ચે તેનો ક્રેઝ એટલા માટે ખૂબ વધુ હોય છે કારણ કે તેને વારંવાર સેલિબ્રિટી કેરી કરે છે.

દેશમાં યુવાઓમાં હુડીની ડિઝાઇન ખૂબ પસંદ છે. સૌથી વધુ પ્લેન અને સોલિડ કલરની હુડીને પસંદ કરવામાં આવે છે. બ્લેક, વ્હાઇટ, ગ્રે અને વાદળી રંગની હુડીને તમામ ઋતુમાં આકર્ષક લાગે છે. એટલા માટે આ તમામ ઋતુઓમાં લોકપ્રિય રહે છે. બીજા નંબર પર જે હુડીને સૌથી વધુ પસંદ કરવામાં આવે છે તેમાં એનિમેશન, કોડ્સ અથવા મશહૂર બ્રાન્ડના લોગો પ્રિન્ટ્સ હોય છે. તેને ગ્રાફિક હુડી કહેવામાં આવે છે. કેટલાક અન્ય લોકપ્રિય હુડીમાં ઓવરસાઇઝ્ડ હુડી ખાસ કરીને છોકરીઓને ખૂબ પસંદ હોય છે. જ્યારે શિયાળામાં જિપ-અપ હુડીને આરામદાયક અને સ્ટ્રિટ સ્ટાઇલ લૂક માટે છોકરીઓ પસંદ કરે છે. થર્મલ અને વિન્ટર હુડી પણ યુવાઓ વચ્ચે ખૂબ લોકપ્રિય કેટેગરીમાં આવે છે.

હુડી એટલા માટે યુવાઓને પસંદ આવે છે કારણ કે તેને કેરી કરવામાં અનેક પ્રકારના કમ્ફર્ટ હોય છે. આ સોફ્ટ ફૈબ્રિકથી બનેલી હોય છે. સામાન્ય રીતે હુડી કોટન, પોલિસ્ટર અથવા ફ્લીસ મિશ્રિત ફૈબ્રિકથી બનેલી હોય છે. આ ચામડી પર નરમ અને હળવો અનુભવ કરાવે છે. હુડીનો એક કમ્ફર્ટ એ પણ છે કે આ ફ્રી મૂવમેન્ટની આઝાદી આપે છે. આ આપણને ફિટ કપડાની તુલનામાં વધુ સ્વતંત્રતા આપે છે. તેના એક કમ્ફર્ટનું કારણ એ પણ છે કે તે તમામ સીઝન વિયર છે એટલે કે કોઇ પણ પ્રસંગે પહેરી શકાય છે. ખાસ કરીને હળવી હુડી ગરમીમાં અને થર્મલ હુડીને શિયાળામાં પહેરી શકાય છે. ઓવરસાઇઝ હુડી શરીરને ઢાંકવા અને આરામદાયક અનુભવ કરાવવાનું એક મોટું કારણ છે. એટલા માટે જ્યાં લોકોને ફિટ હુડી પસંદ આવે છે તો કેટલાક લોકોને લૂઝ હુડી પણ પસંદ આવે છે. સૌથી મોટી વાત એ છે કે આ ગ્લોબલ ફેશન છે.

હુડી ભારત સહિત, જાપાન, કોરિયા, અમેરિકા અને યુરોપમાં લગભગ તમામ દેશોમાં પસંદ કરાય છે. અમેરિકામાં હુડી અર્બન સ્ટ્રિટ વિયર છે. ખાસ કરીને રૈપર અને હિપ હોપ કલ્ચરમાં તેને ખૂબ પસંદ કરાય છે. યુરોપમાં હુડીને વિન્ટેજ અથવા સ્ટાઇલિશ જેકેટ્સ સાથે લેયર કરવાનો ટ્રેન્ડ છે. જાપાન અને કોરિયામાં હુડી ક્યૂટ અને એસ્થેટિક ફેશનના રૂપમાં જોવા મળે છે. જ્યારે ભારત ખાસ કરીને મેટ્રો શહેરોમાં આ ઓલ સીઝન આઉટફિટ છે. ભારતમાં હુડીના જે બ્રાન્ડ લોકપ્રિય છે તેમાં નાઇકી, એડિડાસ, પ્યૂમા, એચએન્ડએમ, ઝારા, સુપ્રીમ અને મેક્સ જેવા બ્રાન્ડનો સમાવેશ થાય છે. નાઇકીની હુડી સ્પોર્ટી અને ડેઇલી વિયર માટે જાણીતી છે. જ્યારે એડિડાસની હાઇ ક્વોલિટી, પ્યૂમાની યંગ જનરેશન માટે ટ્રેન્ડી, એચ એન્ડ એમની હુડી સસ્તી અને સ્ટાઇલિશ, ઝારાની ક્લાસી અને મ્યૂટેડ ટોન્ડ માટે, સુપ્રીમની સ્ટ્રીય વિયરના કિંગ અને પ્રોડક્ટર તથા મૈક્સની હુડી બજેટ ફ્રેન્ડલી છે.

હુડી એક સ્ટાઇલિશ સાથે સાથે આઇડિયલ આઉટફિટ છે. કારણ કે તે ફંક્શનલની સાથે સાથે સોશિયલ ઇવેન્ટ્સમાં પણ મહત્ત્વપૂર્ણ છે. હુડીને પોક્ટ્સ અને કવરવાળા હુડી ખાસ બનાવે છે. હુડીની ડિઝાઇન યુવાઓમાં પર્સનાલિટીમાં પણ મહત્ત્વપૂર્ણ છે. ભારત જેવા સમાજમાં જ્યાં એક તરફ ફેશન સ્વીકાર નથી કરતા ત્યાં હુડીને તમામ વર્ગ અને ઉંમરના લોકોમાં ઓળખ મળી છે. આ જ કારણ છે કે ભારતના યુવાઓમાં હાલના દિવસોમાં હુડીનો ખૂબ ક્રેઝ છે. ■

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# આઈ વોન્ટ ફ્રિન્જિસ લુક





ફ્રિન્જિસ એટલે કપડાં , પડદા કે કોઈ વસ્તુ પર લગાડેલી ઝાલર .આ ઝાલર ખાસ કરીને વસ્તુને શોભા આપવા માટે લગાડવામાં આવે છે. અને મોટા ભાગે ફ્રિન્જિસ કપડાં કે કોઈ વસ્તુની કિનારી પર લગાડવામાં આવે છે. ફ્રિન્જિસ લગાડવાથી ગાર્મેન્ટને અથવા કોઈ વસ્તુમાં એક એક્સ્ટ્રા એલિમેન્ટનો વધારો થાય છે અને ઓવર ઓલ લુક આકર્ષક થાય છે. ફ્રિન્જિસ એટલે ખુલ્લા થ્રેડ એટલેકે કે પાતળા કે જાડા દોરા વડે એક આખી લાંબી લેસ હોય કે જે તમે સાડી, ડ્રેસ કે પડદા પર લગાડી શકો. ફ્રિનજીસની લેન્થ નાની કે મોટી હોઈ શકે. તમારા ગાર્મેન્ટને અનુરૂપ તમે ફ્રિન્જિસની પસંદગી કરી શકો. તમારા ગાર્મેન્ટને અનુરૂપ ફ્રિન્જિસનો કલર પસંદ કરી શકો એટલે કે તમારા ગાર્મેન્ટના કલરની મેચિંગ કે પછી તમારા ગારમેન્ટ કરતાં કોન્ટ્રાસ્ટ કલરમાં. ફ્રિન્જિસનો ઉપયોગ ગાર્મેન્ટમાં, હોમ એક્સેસરીઝમાં અને ફેશન એક્સેસરીઝમાં થાય છે.ચાલો જાણીયે ફ્રિન્જિસ વાળા ગારમેન્ટ કોણ અને કઈ રીતે પહેરી શકે.

ગારમેન્ટ - ગાર્મેન્ટમાં ફ્રિન્જિસ એક અટ્રેક્ટિવ અને ફેશનેબલ લુક આપે છે .ફ્રિન્જિસ વેસ્ટર્ન ટોપ્સમાં અને ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગે છે.મોટાભાગે ફ્રિન્જિસ આર્મહોલ પાસે, યોકમાં કે પછી હેમલાઈનમાં લગાડવામાં આવે છે. તમે તમારા બોડી ટાઈપ અનુસાર ફ્રિન્જિસ વાળા ટોપ્સ કે ડ્રેસ પસંદ કરી શકો. જેમકે, જેઓનું શરીર સુડોળ છે તેઓ બસ્ટલાઇન પર અથવા નેકની નીચે આડી લાઈનમાં લગાડે લઈ ફ્રિન્જિસ લેસ વાળા ગારમેન્ટ પહેરી શકે. જેઓનું શરીર ભરેલું છે તેઓ ટોપ્સ અથવા ડ્રેસમાં વી શેપમાં આવેલી નેકલાઈનવાળા ડ્રેસ પહેરી શકે કે જેમાં નેક લાઈનમાં કે નેક્લાઈનથી નીચે વી શેપમાં લગાડેલી ફ્રિન્જિસ લેસવાળા ટોપ્સ કે ડ્રેસ પહેરી શકે. વી શેપ નેક લાઈનથી થોડો નેરો શેપ આવશે જેથી વાઢફરે બ્રોડ નહિ લગાય. આર્મ હોલમાં જે ફ્રિન્જિસ લેસ હોય છે તે સ્લીવ્સની બદલે હોય છે.જો તમને સ્લીવલેસ પહેરવાનો ક્ષોભ થતો હોય તો તમે આવા ટોપ્સ પેહરી શકો કે જેમાં આર્મ હોલમાં ફ્રિન્જિસ લેસનો ઉપયોગ થયો હોય કે જે તમને સ્લીવ હોવાનો આભાસ કરાવે છે અને ફેશનેબલ કપડાં પહેર્યા હોવાનો શોખ પણ પૂરો કરાવે છે. જે ડ્રેસમાં ફ્રિન્જિસ લેયરમાં હોય તે સૌથી વધુ પ્રચલિત ડ્રેસ છે. આ ડ્રેસમાં ફ્રિન્જિસની લંબાઈ ૪ ઈંચથી લઈને ૬ ઈંચ સુધી હોય છે. આ ડ્રેસ એક ફેશન સ્ટેટમેન્ટ ડ્રેસ છે. લેયર્ડ ફ્રિન્જિસમાં ટોપ્સ પણ આવે છે કે જેમ તમે લેધર પેન્ટ સાથે પહેરી શકો. અથવા તો શિમર પેન્ટ સાથે મિક્સ એન્ડ મેચ કરી શકો. ફ્રિન્જિસ વાળા ટોપ્સ કે ડ્રેસ પહેરવા માટે એક ચોક્કસ પ્રકારની પર્સનાલિટીની જરૂર હોય છે. જો તમે કોન્ફિડન્ટ ન હોવ તો ફ્રિન્જિસ વાળા ટોપ્સ કે ડ્રેસ ન પહેરવા.

એક્સેસરીઝ વિથ ફ્રિન્જિસ-ફેશન એક્સેસરીસમાં ફ્રિન્જિસ એક સ્માર્ટ અને સ્ટાઈલિશ લુક આપે છે. ફેશન એક્સેસરીઝ એટલે કે બેગસ, બેલ્ટ, નેકલેસ, ઇઅર રિંગ, ફૂટ વેર વગેરે.ફેશન એક્સેસરીઝમાં ફ્રિન્જિસ વાળી એક્સેસરીઝ ક્યારે ઊઠીને આવે જયારે તમારો ડ્રેસ પ્લેન હોય કે પછી સોબર લુક આપતો હોય ત્યારે. જેમકે તમે લેધર પેન્ટ સાથે મરુન કલરનું ઑફ શોલ્ડર ટોપ પહેર્યું હોય ત્યારે તમે બ્લેક નેકલેસ ફ્રિન્જિસ વાળો નેકલેસ પહેરી શકો જેથી તમારું ગળું ભરેલું લાગશે અને સ્ટેટમેન્ટ લુક પણ આવશે.તેવી જ રીતે ડાર્ક બ્લુ ડેનિમ સાથે વાઈટ ટીશર્ટ પહેર્યું હોય અને ડાર્ક બ્રાઉન કલરના બૂટ્સ પહેર્યા હોય ત્યારે ડાર્ક બ્રાઉન કલરની ફ્રિન્જિસ બેગ એક અલગ અને સ્માર્ટ લુક આપી શકે. કેઝ્યુઅલ કોટન ક્રશ ડ્રેસ સાથે ફ્રિન્જિસ ઇઅર રિંગ સારા લાગી શકે. ડેનિમ શોટ્ર્સ સાથે કોઈ પણ કલરફુલ ટી-શર્ટ પહેરી તેની સાથે ફ્રિન્જિસ વાળા ચપ્પલ્સ એક યન્ગ લુક આપશે.

હોમ એક્સેસરીઝ વિથ ફ્રિન્જિસ- હોમમાં એક્સેસરીઝ ફ્રિન્જિસ વગે અધૂરી છે. ખાસ કરીને પડદામાં ફ્રિન્જિસ એક એક્સ્ટ્રા એલિમેન્ટ એડ કરે છે. ફ્રિન્જિસને કારણે પડદા વધારે અટ્રેક્ટિવ લુક આપે છે અને ઘરની શોભા વધે છે. ઘરના સેન્ટર ટેબલ પર સિમ્પલ ટેબલ ક્લોથ ન રાખવું તેની બદલે ફ્રિન્જિસવાળું ટેબલ ક્લોથ મૂકવું. ટેબલ ક્લોથ હંમેશાં ટેબલ કરતાં થોડું વધારે મોટું હોય છે તેથી જયારે ટેબલ ક્લોથ પાથરવામાં આવે ત્યારે તે ટેબલની નીચે થોડું હેન્ગ થાય છે તેથી જો ટેબલ ક્લોથમાં જો ફ્રિન્જિસ હશે તો વધારે સારું લાગશે. હાઉસ પાર્ટી હોય ત્યારે સોફા સેટ પર ફ્રિન્જિસવાળા સોફા કવર પાથરી શકાય. ડાઇનિંગ ટેબલ પર સેન્ટર રનર તરીકે ફ્રિન્જિસવાળું રનર વાપરી શકાય. ■

# એશિયન માર્કેટમાં નરમાઈ, અમેરિકન બજારમાં સાન્તા રેલીઃ ડાઉ જૉન્સમાં ૩૯૦ પૉઈન્ટનો ઉછાળો




બૅન્ગકૉકઃ આજે ક્રિસમસની જાહેર રજા નિમિત્તે ઘણાંખરા વૈશ્વિક બજારો બંધ રહ્યાં હતાં. જોકે, આજે એશિયામાં ખુલ્લા રહેલા બજારોમાં મુખ્યત્વે જાપાનનો નિક્કી ૦.૩૨ ટકા ઘટીને ૩૮,૯૯૫.૭૬ની સપાટીએ અને શાંઘાઈનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૩૩૭૪.૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, રોકાણકારોની નજર આજે (ગુરુવારે) જાહેર થનારા અમેરિકાના બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજી કરનારાઓના ડેટા પર સ્થિર થઈ હતી. દરમિયાન આજે સત્રના આરંભે યુએસ બૅન્ચમાર્ક ક્રૂડતેલના ભાવ આગલા બંધ સામે ૯૩ સેન્ટ વધીને બેરલદીઠ ૭૦.૧૭ ડૉલર અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ છ સેન્ટ વધીને પ્રતિબેરલ ૭૩.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ જાપાનીઝ યેન સામે ડૉલર વધીને ૧૫૭.૩૭ અને ડૉલર સામે યુરો વધીને ૧.૦૪૩૧ ક્વૉટ થઈ રહ્યો હોવાના અહેવાલ હતા.

જોકે, મંગળવારે અમેરિકી બજારમાં ખાસ કરીને ટેક્નોલૉજી શૅરોમાં રોકાણકારોની લેવાલી નીકળતાં એસ ઍન્ડ પી ૫૦૦માં ૧.૧ ટકાની, ડાઉ જૉન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજમાં ૦.૯ ટકા અથવા તો ૩૯૦ પૉઈન્ટની અને નાસ્દાકમાં ૧.૩ ટકાની તેજી જોવા મળી હતી. આમ એકંદરે ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેન્જ ખાતે વધનાર શૅરની સંખ્યા કરતાં ઘટનાર શૅરની સંખ્યા ઓછી રહેતા રોકાણકારોને સાન્તા રેલીનો અનુભવ થયો હતો. આજે મુખ્ય વધનાર શૅરોમાં બ્રોડકોમમાં ૩.૨ ટકાનો, એપલમાં ૧.૧ ટકાનો અને એમેઝોનમાં ૧.૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સુપર માઈક્રો કોમ્પ્યુટરમાં છ ટકાનો ઉછાળો આવ્યો હતો અને એસ ઍન્ડ પી ૫૦૦ પૈકીનાં ટેસ્લામાં સૌથી વધુ ૭.૪ ટકાની તેજી જોવા મળી હતી. તેની સામે અમેરિકન એરલાઈન્સમાં આરંભિક તબક્કે નરમાઈ જોવા મળ્યા બાદ અંતે ૦.૬ ટકા વધીને બંધ રહ્યો હતો.

એકંદરે ગત મંગળવારના સત્રમાં બજાર તેજીના ટોન સાથે બંધ રહેતાં સાન્તા રેલીના આગમન સાથે રોકાણકારોમાં ખુશીની લહેર ફરી વળી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્ષ ૧૯૫૦થી અત્યાર સુધીમાં બહુધા વર્ષોમાં પ્રત્યેક વર્ષનાં કામકાજના અંતિમ પાંચ સત્ર અને નવા વર્ષનાં બે સત્ર દરમિયાન બજારમાં સરેરાશ ૧.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અમેરિકાની પ્રમુખપદની ચૂંટણી પૂર્વે ઝડપી આર્થિક વૃદ્ધિ અને વેરા નિયમનોને કારણે કોર્પોરેટ નફામાં વધારો થવાના આશાવાદે બજારમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ ત્યાર બાદ ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં ડૉનલ્ડ ટ્રમ્પનો વિજય થતાં આ મહિનામાં અત્યાર સુધીમાં ઘણોખરો સુધારો ધોવાઈ ગયો હતો. ખાસ કરીને નવા પ્રમુખ ટ્રમ્પની ટેરિફ સહિતની અન્ય નીતિઓ ફુગાવા વૃદ્ધિલક્ષી હોવાની તેમ જ અમેરિકાનું દેવું વધારનારી નીતિ રહેવાની સાથે વૈશ્વિક વેપાર માટે પણ અડચણરૂપ બને તેવી ભીતિ સપાટી પર આવતા બજારમાં પીછેહઠ જોવા મળી હતી.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. પાંચ વધી આવ્યા હતા.



વધુમાં તેની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો જોવા મળ્યો હતો.

જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ક્રિસમસ નિમિત્તે બંધ રહ્યું હોવાથી વૈશ્વિક અહેવાલોની ગેરહાજરીમાં સ્થાનિક સ્તરે નિકલ અને ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નવેસરથી લેવાલી નીકળતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૩૫૫ અને રૂ. પાંચ વધીને રૂ. ૨૫૪૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નિકલ અને ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નીકળતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૮૬ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૮૦, રૂ. ૭૭૪, રૂ. ૭૬૯, રૂ. ૫૬૨ અને રૂ. ૨૪૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે માગ શુષ્ક રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૭૧૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૫૧૦, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૧૯૩ અને કોપર વાયરબારના રૂ. ૮૧૪ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વર્ષ ૨૦૨૪માં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના ઈક્વિટીના આંતરપ્રવાહમાં તીવ્ર ઘટાડો, વર્ષ ૨૦૨૫માં બાઉન્સબૅકનો આશાવાદ

નવી દિલ્હીઃ કૅલૅન્ડર વર્ષ ૨૦૨૩માં વિદેશી રોકાણકારોએ ભારતીય ઈક્વિટીમાં નોંધપાત્ર રોકાણ કર્યા બાદ વર્ષ ૨૦૨૪માં ખાસ કરીને સ્થાનિક સ્તરે ઊંચા વૅલ્યુએશન્સ અને રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાના માહોલમાં સાવચેતીનો અભિગમ અપનાવતા નોંધપાત્ર માત્રામાં રોકાણ પાછાં ખેંચતા અત્યાર સુધીમાં રૂ. ૫૦૦૦ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ રહ્યો હતો.




વર્ષ ૨૦૨૫માં સ્થાનિક સ્તરે કેપિટલ ગૂડ્સ, ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રોની કંપનીઓની આવકોમાં વધારો થવાથી ભારતીય ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આંતરપ્રવાહમાં બાઉન્સબૅક જોવા મળે તેવો આશાવાદ વેન્ચૂરા સિક્યોરિટીઝનાં રિસર્ચ હેડ વિનિત બોલિંજકરે વ્યક્ત કરી હતી. જોકે, સ્થાનિક સ્તરે ઊંચા વૅલ્યુએશન્સ અને આસિયન તથા લેટિન અમેરિકા જેવી ઊભરતી બજારોનાં સસ્તા વિકલ્પોને ધ્યાનમાં લેતા આંતરપ્રવાહ અમુક અંશે મર્યાદિત રહે તેવી શક્યતા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે ઘણાં સમયગાળાથી વૈશ્વિક આર્થિક મંદીની ભીતિ પણ તોળાઈ રહી હોવાથી રોકાણકારો જોખમી અસ્ક્યામતોથી દૂર પણ રહી શકે છે.

બીજી તરફ આનંદ રાઠી વેલ્થ લિ.ના ડેપ્યુટી સીઈઓ ફિરોઝ અઝીઝનું માનવું છે કે રાજકીય-ભૌગોલિક તણાવ, વ્યાજદરમાં કપાત અને અમેરિકાના સંભવિત ટેરિફ નિયંત્રણો ભારતીય બજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આંતરપ્રવાહ પર માઠી અસર પાડી શકે છે. ડિપોઝિટરીઝ તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં (ગત ૨૪ ડિસેમ્બર) ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ભારતીય ઈક્વિટીમાં ચોખ્ખો આંતરપ્રવાહ રૂ. ૫૦૫૨ કરોડનો રહ્યો છે, જ્યારે ડેબ્ટ માર્કેટમાં રૂ. ૧.૧૨ લાખ કરોડનો રહ્યો છે.

નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૩માં ખાસ કરીને સ્થાનિક મજબૂત આર્થિક વૃદ્ધિલક્ષી પરિબળોને ધ્યાનમાં લેતા વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારતીય ઈક્વિટીમાં રૂ. ૧.૭૧ લાખ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી, જ્યારે તે પૂર્વેના વર્ષ ૨૦૨૨માં વૈશ્વિક કેન્દ્રવર્તી બૅન્કોએ વ્યાજદરમાં આક્રમક ધોરણે વધારો કર્યો હોવાથી રૂ. ૧.૨૧ લાખ કરોડનો ચોખ્ખો બાહ્ય પ્રવાહ રહ્યો હતો.

ડિપોઝિટરીઝના જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૪માં સ્થાનિક તેમ જ વૈશ્વિક પરિબળોને કારણે બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો અને તેમાં પણ મુખ્યત્વે જાન્યુઆરી, એપ્રિલ, મે, ઑક્ટોબર અને નવેમ્બર મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્યપ્રવાહ રહ્યો હતો.

વર્ષ ૨૦૨૪માં ભારતીય ઈક્વિટીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોના આંતરપ્રવાહમાં ઘટાડો ખાસ કરીને ઊંચા વૅલ્યુએશન્સને ધ્યાનમાં લેતા રોકાણકારોએ તેઓના રોકાણ આકર્ષક વૅલ્યુએશન્સ ધરાવતા ચીનના ઈક્વિટી માર્કેટ તરફ વાળ્યા હતા. તેમ જ ચીને સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરતાં ભારતમાં તેઓની વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના મેનેજર રિસર્ચના એસોસિયેટ ડિરેક્ટર હિમાંશુ શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું. ■

# જૂની કારનાં વેચાણ પર જીએસટી ત્યારે લાગશે જ્યારે તેનું વેચાણ મૂલ્ય ઘસારા પછીના મૂલ્ય કરતાં વધુ હોય

નવી દિલ્હીઃ રજિસ્ટર્ડ વ્યક્તિને તેની જૂની કારના વેચાણ પર ત્યારે જ જીએસટી ભરવો પડશે, જ્યારે તેને તેના વેચાણ થકી નફો થયો હોય અર્થાત્ તેનું વેચાણ મૂલ્ય ઘસારા પછીના મૂલ્ય કરતાં વધુ હોય, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે જીએસટીની કાઉન્સિલની બેઠકમાં તમામ જૂની કાર અને વપરાયેલા ઈલેક્ટ્રિક સહિતના વાહનો પર ૧૮ ટકા જીએસટી લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, અગાઉ વેરાના દર જુદા જુદા હતા. જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને વપરાયેલી કારનું વેચાણ કરે તો કોઈ જીએસટી લાગુ નથી થતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે જ્યારે કોઈ રજિસ્ટર્ડ વ્યક્તિએ આવકવેરા ધારા ૧૯૬૧ની કલમ ૩૨ હેઠળ ઘસારાની રકમ મજરે લઈ રહ્યો હોય તેવા કિસ્સામાં જો વાહનના ઘસારા પછીના મૂલ્ય કરતાં વેચાણનું મૂલ્ય વધુ હોય તો તેને જીએસટી ભરવાનો રહેશે, પરંતુ જો વેચાણનું મૂલ્ય વાહનના ઘસારા પછીના મૂલ્ય કરતાં ઓછું હોય તો જીએસટી ભરવાની આવશ્યકતા ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે દૃષ્ટાંત આપતા સમજાવ્યું હતું કે જો કોઈ રજિસ્ટર્ડ વ્યક્તિની કારની ખરીદ કિંમત રૂ. ૨૦ લાખ હોય અને તેના વેચાણ પૂર્વે તેણે આવકવેરા ધારા હેઠળ ઘસારા પેટે રૂ. આઠ લાખ મજરે લીધા હોય તો તેનું ઘસારા પછીનું મૂલ્ય રૂ. ૧૨ લાખ થયું અને હવે તે તેની કારનું વેચાણ કોઈ એક વ્યક્તિને રૂ. ૧૦ લાખમાં કરે તો તેનું માર્જિન નકારાત્મક હોવાથી તેના પર જીએસટી લાગુ નહીં થાય, પરંતુ જો તે કારનું વેચાણ રૂ. ૧૫ લાખમાં કરો તો તેને રૂ. ત્રણ લાખનો નફો થયો હોવાથી ૧૮ ટકાના લેખે તેને જીએસટી ભરવો પડશે. અન્ય કિસ્સાઓમાં પણ ત્યારે જ જીએસટી ભરવો પડશે, જ્યારે વેચાણ કિંમત ખરીદ કિંમત કરતાં વધુ હોય ત્યારે અને જો માર્જિન નકારાત્મક હોય તેવા સંજોગોમાં જીએસટી ભરવાનો નથી રહેતો.

અર્નેસ્ટ યંગના ટેક્સ પાર્ટનર સૌરભ અગરવાલે જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલે જૂના અને વપરાયેલા ઈલેક્ટ્રિક વાહનો અને નાની ફોસિલ ફ્યુઅલ કાર પર જીએસટીના દર જે ૧૨ ટકા છે તે વધારીને ૧૮ ટકા કરવાની ભલામણ કરી હતી, જેથી મોટી અને એસયુવી કારના દર સાથે સંરેખિત થાય. અત્રે નોંધનીય બાબત એ છે કે જૂના સેકન્ડહેન્ડ વાહનોના વેચાણ મૂલ્ય પર જીએસટી નહીં, પરંતુ માર્જિનના મૂલ્ય પર જીએસટી લાગુ પડે છે. આ પ્રસ્તાવિક સુધારા પૂર્વે સેકન્ડહેન્ડ અને ઈલેક્ટ્રિક વાહનોના વેચાણ મૂલ્ય પર જીએસટી લાગુ થતો હતો. આથી આ સુધારો આવકાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# ખાંડમાં છૂટાછવાયા વેપારે મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ક્રિસમસની રજાના માહોલમાં એકંદરે છૂટાછવાયા કામકાજો વચ્ચે ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની લેવાલી પાંખી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ હતી. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રક્ની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી મર્યાદિત રહી હતી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગ તેમ જ માલની ગુણત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બે અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૫૩૦થી ૩૬૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૦૨થી ૩૮૧૨માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૬૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમેરિકાના રેડ કટને કારણે ભારતીય શેરબજારને ફટકો, વિદેશી પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ એક્ઝિટ મોડમાં!

મુંબઇઃ અમેરિકામાં૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડવાના સંકેત બાદ શેરબજારમાં માનસ ખરડાયું છે.

૨૦૨૪માં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી દાયકાની ટોચે પહોંચી છે. એફપીઆઇની નેટ રૂ. ૨.૯૧ લાખ કરોડની વેચવાલી નોંધાઇ છે. જોકે, ઈક્વિટીમાં રૂપિયા પાંચ લાખ કરોડની નેટ ખરીદી સાથે ડીઆઈઆઈનો બજારને ટેકો મળ્યો છે. ૨૦૨૪નું વર્ષ સમાપ્ત થવાની નજીકમાં છે ત્યારે ભારતીય શેરબજાર કેશમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) સતત ચોથા વર્ષમાં નેટ વેચવાલ જોવા મળી રહ્યા છે. બીજી બાજુ ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની વર્તમાન વર્ષમાં સતત ચોથા વર્ષે નેટ લેવાલી જોવા મળે છે. વર્તમાન વર્ષનો એફપીઆઈનો વેચવાલીનો આંક દાયકાની ઊંચી સપાટીએ જોવા મળી રહ્યો છે. શેરબજારની દ્રષ્ટિએ ૨૦૨૪ના હવે છ સત્ર બાકી છે, ત્યારે સમાપ્ત થઈ રહેલા વર્ષમાં ડિસેમ્બરની ૨૦ સુધીમાં ભારતીય ઈક્વિટીસમાં એફપીઆઈની રૂપિયા ૨૯૧૩૫૫.૯૯ કરોડની નેટ વેચવાલી રહી છે. વર્તમાન વર્ષની કુલ નેટ વેચવાલીમાંથી રૂપિયા ૧.૧૪ લાખ કરોડની વેચવાલી એકલા ઓકટોબરમાં જ જોવા મળી હતી. ૨૦૧૫થી છેલ્લા એક દાયકામાં ભારતીય ઈક્વિટીસમાં ૨૦૧૯ તથા ૨૦૨૦ના વર્ષને બાદ કરતા એફપીઆઈ દરેક વર્ષમાં નેટ વેચવાલ રહ્યા હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. એફપીઆઇની રૂ. ૨.૯૧ લાખ કરોડની ચોખ્ખી વેચવાલી સાથે ૨૦૨૪ની નેટ વેચવાલીનો આંક દાયકાની ઊંચી સપાટીએ છે. એકતરફ વિદેશી ફન્ડોની નેટ વેચવાલી રહી છે જ્યારે બીજી બાજુ ડીઆઈઆઈની વર્તમાન વર્ષમાં રૂપિયા પાંચ લાખ કરોડથી વધુની નેટ લેવાલી જોવા મળે છે. ૨૦૨૦ને બાદ કરતા છેલ્લા એક દાયકામાં ડીઆઈઆઈ ઈક્વિટી કેશમાં નેટ લેવાલ રહ્યા છે. વર્તમાન વર્ષની રૂપિયા પાંચ લાખ કરોડની ઘરેલુ રોકાણકારોની ખરીદી દાયકાની ઊંચી સપાટીએ છે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઈક્વિટીસમાં નેટ ખરીદી કર્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) ડિસેમ્બરમાં હવે નેટ વેચવાલ બની રહ્યા છે. વર્તમાન વર્ષમાં હવે ભારતીય શેરબજારમાં કામકાજના છ સત્ર બાકી છે ત્યારે વિદેશી ફન્ડોની વર્ષના અંતિમ ભાગમાં કેવી ચાલ રહે છે, તેના પર બજારની નજર છે.

અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડશે તેવા આપેલા સંકેત બાદ શેરબજારોમાં ખેલાડીઓનું માનસ ખરડાયું હતું.

# એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય બે ફંડોએ મનોરમા ઈન્ડ.નાં શૅર ખરીદ કર્યા

નવી દિલ્હીઃ એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ અને બૅન્ક ઑફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે ઓપન માર્કેટ ટ્રાન્ઝેક્શન મારફતે મનોરમા ઈન્ડસ્ટ્રીઝના રૂ. ૨૦૦ કરોડના મૂલ્યના શૅરોની ખરીદી કરી છે.

બૉમ્બે સ્ટોક એક્સચેન્જની બ્લોક ડીલ અંગેની માહિતી અનુસાર એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ અને બૅન્ક ઑફ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડે મનોરમા ઈન્ડસ્ટ્રીઝના ૩.૦૫ ટકા હિસ્સાની અથવા તો ૧૮.૧૮ લાખ શૅરની ખરીદી કરી છે.

આ શૅરની ખરીદી સરેરાશ શૅરદીઠ રૂ. ૧૧૦૦ના ભાવથી કરવામાં આવતા સંયુક્ત ધોરણે ડીલનું મૂલ્ય રૂ. ૨૦૦ કરોડ રહ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મનોરમા ઈન્ડસ્ટ્રીઝના પ્રમોટર અગસ્ત્ય સરાફ, વિનિતા આશીષ સરાફ અને શ્રેય સરાફે આ શૅરનું વેચાણ કર્યું છે.

વધુમાં પબ્લિક શેરહોલ્ડર રિતુ સરાફે તેનું હોલ્ડિંગ રાયપુર સ્થિત મનોરમાં ઈન્ડસ્ટ્રીઝમાં આ જ ભાવથી ડાઈવેસ્ટ કર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે બીએસઈ ખાતે મનોરમા ઈન્ડસ્ટ્રીઝનાં શૅરના ભાવ ૨.૬૦ ટકા ઘટીને શૅરદીઠ રૂ. ૧૦૯૦.૨૦ની સપાટીએ રહ્યા હતા. ■

# ટ્રમ્પની ચીન પર ઊંચા ટેરિફ લાદવાની ધમકીઃ અમેરિકા ખાતે નિકાસ વધારવા ફિઓનો વ્યૂહ

નવી દિલ્હીઃ તાજેતરમાં અમેરિકાના ભાવી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળવાની સાથે કેનેડા, મેક્સિકો અને ચીની ઉત્પાદનો પર ઊંચા ટેરિફ દર લાદવાની ધમકી આપી છે ત્યારે ભારત માટે અમેરિકા ખાતે નિકાસને વેગ આપવા માટે તક સર્જાવાની શક્યતાને ધ્યાનમાં લેતા દેશનાં નિકાસકારોના અગ્રણી સંગઠન ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)એ વ્યૂહ ઘડી કાઢ્યો છે. આ યોજનાના ભાગ રૂપે ફિઓએ સરકારને અનુરોધ કર્યો છે કે ભારતીય નિકાસકારોને અમેરિકાભરમાં યોજાતા એક્ઝિબિશનોમાં ભાગ લેવા માટે નાણાકીય સહાય આપે, એમ ફિઓના ઉપપ્રમુખ ઈસરાર અહમદે પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું. અમે પાંચ મુખ્ય ક્ષેત્રો ઓળખી કાઢ્યાં છે, જે અમેરિકી બજારમાં નિકાસ વૃદ્ધિ માટે ધ્યાન કેન્દ્રિત કરી શકાય. આ ક્ષેત્રમાં એપરલ, ઈલેક્ટ્રોનિક્સ, રમકડાં, ફૂટવેર અને ઓર્ગેનિક કેમિકલ્સનો સમાવેશ થાય છે.

અમેરિકી બજારમાં આક્રમક માર્કેટિંગ (પ્રમોશન) અને વિઝિબિલિટી પર ભાર મૂકતા અહમદે ઉમેર્યું હતું કે જો નાણાકીય સહાય વધારવામાં આવે તો નિકાસકારો વધુ અસરકારકતાથી ઉત્પાદનો પ્રદર્શિત કરી શકે અને ઊભરતી તકો અંકે કરી શકે. દેશમાં મોટી ફેક્ટરીઓ આવી રહી છે અને ઉત્પાદન ક્ષમતાઓ પણ વધશે આથી આપણે અમેરિકી બજારમાં હાજરી પણ વધારવી પડશે. આથી અમે તકો ઝડપવા માટે માર્કેટ એક્સેસ ઈનિશિયએટીવ (એમએઆઈ) સ્કીમ હેઠળ વધુ ફંડની માગણી કરી છે. આ સ્કીમ હેઠળ અમેરિકી બજારમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ફિઓ આ ક્ષેત્રના અમેરિકી સંગઠનો સાથે હાથ મિલાવવાની પણ વિચારણા કરી રહ્યું છે.

નોંધનીય બાબત એ છે કે રાજકીય અનિશ્ચિતતાને કારણે બાંગ્લાદેશનાં ઘણાં એપરલના એકમોના બેઝ ભારતમાં સ્થળાંતરિત કરી રહ્યા છે. જોકે ભારતીય નિકાસકારોના મુખ્ય પડકારોમાં પ્રવાહિતા છે કેમ કે નિકાસ ફાઈનાન્સમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સિવાય ફિઓએ સરકારને એમએસએમઈને ગૂડ્સ ઍન્ડ સર્વિસીસની ખરીદી પેટેની ચુકવણી કરવાની ૪૫ દિવસની મર્યાદામાં રાહત આપવાની સાથે ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમને વધુ પાંચ વર્ષ સુધી વિસ્તારવાનો અનુરોધ કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ફિઓ વાણિજ્ય મંત્રાલય સાથે આરઓડીટીઈપી સ્કીમ પર સ્થાનિક ઉત્પાદનો પરના કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટીનાં કેસનો સામનો કરવા માટે દસ્તાવેજીકરણના મુદ્દા (નિકાસકારોના લાભ જો રૂ. એક કરોડથી વધે તો) અંગે ચર્ચા કરી રહ્યું છે. આ મુદ્દો પણ મહત્ત્વનો છે કેમ કે અમેરિકા અને યુરોપિયન યુનિયન દ્વારા ચોક્કસ સ્થાનિક એકમો પર કાઉન્ટરવેઈલિંગ અથવા તો એન્ટિ સબસિડી ડ્યૂટી લાદવામાં આવેલી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કચ્છમાં નાતાલની ઉજવણી

## રંગબેરંગી રોશનીથી ભુજિયા ડુંગરની તળેટીનાં દેવળો શણગારાયાં


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં દેવળોમાં મધ્યરાત્રીની પ્રાર્થનાની સાથે જ નાતાલ પર્વની ઉમંગભેર ઉજવણી શરૂ કરાઈ હતી અને ભુજિયા ડુંગરની તળેટીમાં આવેલાં દેવળોમાં રંગબેરંગી રોશની સાથે જાણે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ઠંડીમાં આંશિક રાહત મળવા છતાં નાતાલની ઉજવણી વ્હાઇટ ક્રિસમસ જેવા માહોલમાં જ થઈ રહી છે.

ભુજના વિક્ટોરિયન સમયગાળાના સેન્ટ એન્ડ્રુઝ ચર્ચ ખાતે નાતાલની પૂર્વ મધ્યરાત્રીએ 'મિડ નાઈટ પ્રેયર' યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં ભુજમાં સ્થાયી થયેલા ખ્રિસ્તી પરિવારો ઊમટ્યા હતા. આ ઉપરાંત ધાણેટી તેમ જ નાડાપા ખાતે મિશનરી શાળાઓમાં નાતાલની ઉજવણી કરાઈ હતી.

ભુજ, ગાંધીધામ,મુંદરા અને કંડલા ખાતે પણ દેવળોમાં નાતાલની ચમક દેખાઈ રહી છે. કચ્છમાં ભૂકંપ બાદ થયેલા ઔદ્યોગિકીકરણ બાદ ખ્રિસ્તી પરિવારોની સંખ્યામાં વધારો થયો છે જેને લઈને નાતાલના તહેવારોની રંગત વધી રહી છે. ભુજની બજારોમાં સાન્તાક્લોઝના કટ-આઉટ, ક્રિસ્મસ ટ્રીની રોશની પણ જોવા મળી રહી છે. આજે ઠેર ઠેર ગિફ્ટ આર્ટિક્લ્સની અને સ્ટેશનરીની દુકાનોમાં તેમજ હોટલ-રેસ્ટોરાંમાં પણ નાતાલની રંગત વર્તાઈ રહી છે. લોકો પ્લાસ્ટિકના ક્રિસમસ ટ્રીને બદલે સાચાં ક્રિસમસ ટ્રી તરફ વળ્યા છે.

દરમ્યાન, કચ્છના ધોરડો ખાતેના સફેદ રણ ખાતે ચાલી રહેલા રણોત્સવમાં પણ નાતાલની અસર વર્તાઈ હતી. નાતાલની ઉજવણી પાછળનો એક હેતુ લાંબા થતા પૃથ્વી પર પડતાં સૂર્ય કિરણોને વધાવવાનો પણ છે. આજથી સાંજ લાંબી થશે અને અંધારું મોડું થવા લાગશે જેથી જનજીવનને રાહત થવા પામશે. છેલ્લાં થોડા વર્ષોથી ક્રિસમસની પાર્ટીમાં યુવાનો અને યુવતીઓ પણ જોડાય છે, પણ આવી પાર્ટી યોજતા ખ્રિસ્તી સમુદાય સિવાયના આયોજકોને કે તેમાં ભાગ લેતા થનગનતા 'અશ્વો'ને સાન્તાક્લોઝ કોણ હતા?, ક્રિસમસ ટ્રીનું મહત્ત્વ શું છે?, જીંગલ બેલ એટલે શું જેવી નાતાલ સંલગ્ન બાબતોની જાણકારી નથી.

ઉલ્લેખનીય છે કે, સાન્તાક્લોઝનું સાચું નામ સંત નિકોલસ હતું અને તેઓનો જન્મ ઈશુના ૨૭૦મા વર્ષમાં ભૂમધ્ય સમુદ્રના કાંઠે તુર્કીના મહત્ત્વના શહેર પટારા ખાતે થયો હોવાનું મનાય છે. 'ક્રિસમસ ટ્રી'નું નાતાલ પર્વમાં ખાસ મહત્ત્વ હોય છે. તે 'એવર ગ્રીન' લાઇફનો સંદેશો આપે છે જયારે ક્રિસમસ ટ્રી પર લગાડાતી રોશની ઈશુનું તેજ બતાવે છે. તેનો આકાર પિતા, પુત્ર અને પવિત્ર આત્માના પ્રતીક સમો છે. ક્રિસમસ ટ્રીને ૧૬મી સદીથી જર્મનીમાં રજૂ કરાઈ હતી. જર્મનીમાં ક્રિસમસ ટ્રીની રજૂઆત બાદ તે ૧૯મી સદી દરમ્યાન પ્રિન્સ એલ્બર્ટ અને ઇંગ્લેન્ડનાં રાણી ક્વિન વિક્ટોરિયા દ્વારા ક્રિસમસ ટ્રીનું મહત્ત્વ દર્શાવાયું હતું. ત્યાર બાદ તે અમેરિકનોમાં પણ લોકપ્રિય બની હતી અને હવે ક્રિસમસ ટ્રી દુનિયાભરમાં નાતાલની ઉજવણીનો એક મહત્ત્વનો ભાગ બની છે.

ક્રિસમસ ટ્રીની જેમ જિંગલ બેલ્સનું પણ નાતાલ પર્વમાં વિશેષ મહત્ત્વ છે અને તે સપાટ બર્ફીલાં મેદાનોમાં રેન્ડિયરની મદદથી હંકારાતી લાકડાની ગાડીમાં બેઠેલા સાન્તાક્લોઝનું ચિત્ર રજૂ કરે છે. આ ઉપરાંત નાતાલનાં ગીતો એટલે કે 'ક્રિસમસ કેરોલ્સ'માં પણ તેનો ઉપયોગ થાય છે. ■


**રાજકોટના ચર્ચમાં નાતાલનાં ગીતોથી સેલિબ્રેશનઃ** નાતાલનાં ગીતો-કુરબાનાથી ક્રિસમસનું સેલિબ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં નાનાં બાળકોથી લઇ વૃદ્ધો સહિત મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાર્થના કરી એકબીજાને મેરી ક્રિસમસ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉજવણી મોડી રાત સુધી રાજકોટના ચર્ચમાં ચાલુ રહી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી રાજકોટ)


**જૂનાગઢના ચર્ચમાં નાતાલની ઉમંગભેર ઉજવણીઃ** જૂનાગઢ ચર્ચ ખાતે ઇસાઈ ધર્મના અનુયાયીઓ દ્વારા પ્રભુ ઇસુ ખ્રિસ્તના જન્મની ઉજવણી કરવામાં આવી હતી. ઇસાઈ ધર્મના અનુયાયીઓએ પ્રેમ, ભાઈચારા અને શાંતિના પ્રતીક રૂપે નાતાલ પર્વની હર્ષો ઉલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

## માથાભારે યુવકે આદિપુર પોલીસ મથકમાં ઉત્પાત મચાવ્યો, ટીઆરબી જવાનને અંગૂઠામાં બચકું ભર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના આદિપુરના શિણાય ગામ ખાતે રહેનારા એક માથાભારે યુવકે જૂની અદાવતમાં આદિપુર પોલીસ મથકમાં ઉત્પાત મચાવી ટ્રાફિક બ્રિગેડના એક જવાનના અંગૂઠાને કરડી ખાતાં રાજ્યભરના પોલીસબેડામાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

આદિપુર પોલીસે આ ચોંકાવનારા બનાવ અંગે જણાવ્યું હતું કે, ત્રણેક માસ અગાઉ રોશન વિષ્ણુનાથ રાય નામના યુવકે આદિપુરની ડિવાઈન લાઈફ નામની ખાનગી હૉસ્પિટલમાં કોઈ મુદ્દે વિવાદ કર્યો હતો. હૉસ્પિટલના મૅનેજમેન્ટે પોલીસ મથકમાં જાણ કરતાં બીટ ઈન્ચાર્જ કનુ ગઢવી સહિતના પોલીસ જવાનો ત્યાં પહોંચી ગયા હતા અને હૉસ્પિટલને માથે લેનારા રોશનને અટકમાં લઈ તેની સામે કાર્યવાહી કરી હતી.

આ ઘટનાના ત્રણ માસ બાદ રોશને કનુ ગઢવીને ફોન કરીને 'તું મને કેમ હૉસ્પિટલમાં ખોટી રીતે દબાવતો હતો અને જેમ તેમ બોલતો હતો?' કહીને ઝઘડો કર્યો હતો. થોડીક વાર બાદ તે આદિપુર પોલીસ મથકમાં આવી ચઢ્યો હતો અને ફરજ પર હાજર કનુ ગઢવીને 'તારી વરદી ઉતરાવી દઈશ, તને જીવતો નહીં મૂકું' કહીને ઉત્પાત મચાવ્યો હતો.

ફરિયાદમાં દર્શાવ્યા મુજબ રોશને કનુ પર હુમલો કરવા પ્રયાસ કર્યો, પરંતુ ટીઆરબી જવાન જીવા આહીર વચ્ચે પડતાં રોશને તેના ડાબા હાથના અંગૂઠામાં બચકું ભરી લીધું હતું.

પોલીસ મથકમાં આવીને દાદાગીરી કરનાર રોશનની સરકારી રાહે સરભરા કરીને સરકારી ફરજમાં રુકાવટ, મારી નાખવાની ધમકી આપવા સબબની કલમો તળે ગુનો નોંધીને તેને જેલની હવા ખાતો કરી દીધો હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

## અંજારમાં છરીની ધારે પરિવારને બંધક બનાવી ચાર બુકાનીધારી લૂંટારુઓએ ૭૭ હજારના દાગીનાની લૂંટ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શિયાળાની હાડ થિજાવતી ઠંડીમાં તસ્કરોની કચ્છમાં જમાવટ વચ્ચે ઐતિહાસિક શહેર અંજારમાં ચાર શખસોએ છરી-ધારિયાની ધારે એક રહેણાકમાં ધાડ પાડી, અંદર રહેલી બે મહિલાઓને બંધક બનાવ્યા બાદ તેમણે પહેરેલાં ૭૭ હજારનાં સોના-ચાંદીના દાગીનાની લૂંટ આચરતાં રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

અંજારની સાંગ નદીના કાંઠે આવેલી ઝૂંપડપટ્ટીમાં કરિયાણાની દુકાન ચલાવતા હિતેશ કોલી નામના યુવકે બનાવ અંગે ચાર અજાણ્યા શખસો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રે ઘરમાં તેની માતા, વેવાણ અને વેવાણની ભાણેજ નિંદ્રાધીન હતા અને પોતે ઘર બહાર ખાટલામાં સૂતો હતો.

રાત્રે એક વાગ્યાની આસપાસ અચાનક ચાર શખસોએ તેને ઘેરી લઈ આંખો પર રૂમાલ બાંધીને ચાદર વડે હાથ-પગ બાંધી દીધા હતા અને બંધક અવસ્થામાં ચારે જણ તેને ઘરની અંદર લઈ ગયા હતા. હેબતાઈ ગયેલા સ્વજનોની નજર સમક્ષ બુકાનીધારી લૂંટારુઓએ જમીન પર તેને સૂવડાવીને ઢોરમાર માર્યો હતો.

લૂંટારુઓએ તેને 'તારો બાપ સોડા કોલી ક્યાં છે? તેને ઘરે બોલાવ' તેમ પૂછતાં હિતેશે પિતા સમાજવાડી ગયા હોવાનું અને પિતાનો ફોન તેની પાસે હોવાનું જણાવ્યું. બાદમાં ચારે જણે હિતેશની માતા અને વેવાણને છરી અને ધારિયા જેવાં મારક હથિયાર બતાડીને તેમણે પહેરેલાં સોના-ચાંદીના દાગીના ઉતરાવી લીધાં હતાં. આરોપીઓએ ઘરની તિજોરીને પણ ફેંદી નાખી હતી, પરંતુ અંદરથી કશું મળ્યું નહોતું. લૂંટ આચર્યા બાદ સૌને ઘરની અંદર પૂરી બહારથી દરવાજો બંધ કરીને ચારે જણ નાસી ગયા હતા. પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. ■


**જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં સફેદ વાઘની જોડીનું આગમનઃ** જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં સવા બે વર્ષ પછી સફેદ વાઘની જોડીનું આગમન થયું છે. ૨૬ ડિસેમ્બર-ગુરુવારથી પ્રવાસીઓ તેને જોઈ શકશે. જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય અને રાજકોટના પ્રદ્યુમન પાર્ક વચ્ચે ભારત સરકારના સેન્ટ્રલ ઝૂ ઑથોરિટીની મંજૂરીથી એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ નક્કી કરાયો હતો. સેન્ટ્રલ ઝૂ ઑથોરિટીની ગાઈડ લાઈન મુજબ સફેદ વાઘની જોડીને ૨૧ દિવસ સુધી ક્વોરન્ટાઇન ફૅસેલિટીમાં રાખવામાં આવ્યા હતા. હવે ક્વોરન્ટાઇન સમય પૂરો થતાં વાઘની જોડીને જંગલ સફારી રૂટમાં મૂકવામાં આવ્યા છે. (તસવીરઃ હરેશ સોની- જૂનાગઢ)

## જૂનાગઢથી ભીવંડી જતાં મધર ડેરીના ટેન્કરમાંથી દૂધની ચોરી કરતા ચાર શખસોની ધરપકડઃ ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢથી મહારાષ્ટ્રના ભીવંડી સુધી જતાં મધર ડેરીના ટેન્કરમાંથી દૂધની ચોરી થતી હોવાની બાતમી મળ્યા બાદ નવસારી એસઓજી પોલીસ દ્વારા દૂધની ચોરી કરતા ચાર આરોપીની ધરપકડ કરી હતી. જૂનાગઢથી ભીવંડી સુધી જઈ રહેલા મધર ડેરીના ટેન્કરમાંથી પાઈપ વડે બીજા ટેન્કરમાં દૂધ સપ્લાય થઈ રહ્યું હતું. જે દરમિયાન પોલીસે દરોડા પાડી ચારને ઝડપી પાડી કુલ ૧૨ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો હતો. નવસારી એસઓજી પોલીસના અધિકારીને બાતમી મળી હતી કે બારડોલી રોડ પર આવેલા નસીલપોર પાસે મધર ડેરીના ટેન્કરમાંથી દૂધની ચોરી થઈ રહી છે. નસીલપોર ગામ પાસે બાતમીના આધારે દરોડા પાડતાં ચાર ઇસમો દૂધની ચોરી કરી રહ્યા હતા. પોલીસે મધર ડેરી દૂધના ચાલક અને ક્લીનર એવા ફઝલ મોહમ્મદ મનસુરી અને સમીરખાન ચૌધરી સાથે નાના ટેન્કરમાં દૂધ ખાલી કરનાર કિરણ ભરવાડ અને અર્જુન ભરવાડની અટકાયત કરી હતી. આ ચારેય આરોપીઓની ટોળકી મધર ડેરીના મોટા ટેન્કરમાંથી દૂધ ખાલી કરી તેમાં પાણી ભેળવી દેતા હતા. જેથી ચોરી કરાયેલા દૂધ અંગે કોઈને પણ ગંધ આવતી ન હતી. પોલીસે દરોડા પાડ્યા બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગનો સંપર્ક કરી દૂધના સેમ્પલિંગ લેવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં દૂધ પ્રાથમિક તપાસમાં ૭ ફેટનું જણાયું હતું. પોલીસે દૂધ, ટેન્કર, રોકડ અને મોબાઈલ મળી કુલ ૧૨,૩૬,૮૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ■

## મુંદરાનાં યુવાન દંપતીએ માલગાડી નીચે ઝંપલાવતાં બંનેનાં મોત, ચાર વર્ષની માસૂમ દીકરીનો બચાવ


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ગુંદાલા ગામે રહેનારા એક યુવાન દંપતીએ તેમની ચાર વર્ષની માસૂમ દીકરી સાથે ધસમસતી આવતી માલગાડી નીચે પડતું મૂકી સામૂહિક આપઘાત કરતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે અરેરાટી છવાઈ ગઈ હતી. માતા-પિતાનું માલગાડીના પૈડાં નીચે કચડાઈ જવાથી કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. જયારે ચમત્કારિક રીતે નાનકડી બાળકીનો આબાદ બચાવ થયો હતો.

ભદ્રેશ્વર નજીક વડાલા રેલવે ફાટક પાસે ગત રાત્રે અગિયારેક વાગ્યે બનેલા હૃદયદ્રાવક કિસ્સા અંગે જાણવા મળેલી વિગતો મુજબ, બ્રિજેશ હસમુખગીરી ગુંસાઈ તેની પત્ની રંજનાબેને તેમની ચાર વર્ષની દીકરી સાથે માલગાડી નીચે પડતું મૂક્યું હતું. પતિ-પત્ની બેઉ જણ ટ્રેનની ટક્કરે કચડાઈ ગયાં હતાં, પરંતુ દીકરી રેલવે ટ્રેકની વચ્ચે રહી હતી. માલગાડીના ડ્રાઈવરે તત્કાળ બ્રેક મારી ટ્રેન થોભાવી હતી. છતાં દીકરી ઉપરથી માલગાડીના ચાર પાંચ વેગન પસાર થઈ ગયાં હતાં.

લોકો પાઇલટ અને સ્થાનિક હાજર લોકોએ દોડીને જઈને જોયું તો વેગન નીચે દીકરી રડતી રડતી બેઠી હતી. મરણ જનાર બ્રિજેશ ગામમાં માતાજીના મંદિરે સેવાપૂજા કરતો હતો. આપઘાત કરવાનો નિશ્ચય કરીને દંપતી તેમની મહિંદ્રા ઝાયલો જીપકાર લઈને ભદ્રેશ્વર આવ્યું હતું. ફાટકથી થોડેક દૂર કાર થોભાવીને રાતનાં અંધારાંમાં દંપતી પગપાળા ચાલતું ટ્રેક પર પહોંચ્યું હતું.

આપઘાતનું કારણ આર્થિક સંકડામણ હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે કાર ચેક કરતાં કારના ડેશબોર્ડ પરથી દંપતીએ સ્વેચ્છાએ આપઘાત કરતાં હોવાની લખેલી સ્યુસાઈડ નોટ મળી આવી છે. મૃતકના સ્વજનો આઘાતમાં હોઈ પોલીસે હાલપૂરતું વધુ કોઈ પૂછપરછ કે તપાસ કરવાનું ટાળ્યું હોવાનું મુંદરા મરીન પી.એસ.આઈ. નિર્મલસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ■

## કચ્છના મોખાણા ગામની શાળાના મધ્યાહ્ન ભોજનમાં બાળકોને સડેલા અનાજનું ભોજન પીરસવામાં આવ્યું


(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભારત સરકાર દ્વારા ગરીબ પરિવારોમાંથી આવતાં બાળકોને શાળામાં પોષણયુક્ત આહાર મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલી મધ્યાહ્ન યોજનામાં થઈ રહેલા વ્યાપક ભ્રસ્ટાચારને ઉજાગર કરતી ચોંકાવનારી વધુ એક ઘટના કચ્છમાંથી બહાર આવી છે જેમાં ભુજ તાલુકાના મોખાણા ગામની કુમાર અને કન્યા પ્રાથમિક શાળામાં બાળકોને મધ્યાહ્ન ભોજનમાં સડેલો વાસી ખોરાક અપાતો હોવાનું બહાર આવતાં વાલીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મોખાણાની કુમાર પ્રાથમિક શાળાના સેન્ટર હેઠળ ચાલતા મધ્યાહ્ન ભોજનમાં કુમાર શાળા માટે દરરોજ ૧૩૦થી ૧૪૦ બાળકો અને કન્યા શાળાની ૧૩૦ જેટલી બાળકીઓ માટે ભોજન બનાવવામાં આવે છે જેમાં મધ્યાહ્ન ભોજન સંચાલક દ્વારા અપાતો ખોરાક અખાદ્ય હોવાનું બહાર આવ્યું છે. વાલીઓએ શિક્ષકોને ઉગ્ર રજૂઆત કર્યા બાદ અહીં તપાસ કરાઈ ત્યારે ચણાનો જથ્થો સડેલો હોવાનું જાણવા મળતાં તાલુકા શિક્ષણ અધિકારી અને ડીઆરસીને જાણ કરવામાં આવી છે. જોકે હજુ સુધી આ મામલે દોષિતો વિરુદ્ધ કોઈ જાતનાં શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યાં નથી.

આ ચોંકાવનારી ઘટના અંગે કુમાર શાળાના આચાર્ય રોહિત પટેલે જણાવ્યું હતું કે, દરરોજના મેનુ પ્રમાણે અને યોગ્ય રીતે ભોજન બનાવવા માટે મેસ સંચાલકને વાલીઓની રજૂઆત બાદ કહેવાયું હતું. નિયમ પ્રમાણે અનાજનો જથ્થો શાળામાં રાખવાનો હોય છે અને સંચાલક શાળાએ આવી ભોજન બનાવી આપે છે, પરંતુ અહીં જથ્થો સંચાલકના ઘરે રાખવામાં આવે છે અને ત્યાંથી જ ભોજન બનાવી શાળામાં લઈ આવવામાં આવતું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વાલીઓએ કરેલા વિરોધ બાદ બીજા દિવસે ક્રિએટિવ રિસ્પોન્સ ટૂ કોન્ફિલક્ટ તરીકે ફરજ બજાવતા ગણપતભાઈ મેસ સંચાલકના ઘરે ગયા ત્યારે ચણાનો જથ્થો સડેલો હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું, પરંતુ જથ્થો કયારે આવ્યો અને કેટલો છે તે બાબતે સીઆરસી પણ અજાણ જ રહ્યા હતા. કન્યા શાળામાં મધ્યાહ્ન ભોજન બાળકીઓને પીરસાયા બાદ એક બાળકીની પ્લેટમાં જીવાતો નીકળી પડી હોવાની વાતનું સમર્થન શાળાના ખુદ આચાર્યે કર્યું છે.

દેશભરમાં મધ્યાહ્ન ભોજનમાં અખાદ્ય ખોરાક નીકળવાના બનાવો હવે સામાન્ય થઈ ગયા છે ત્યારે અબડાસા, લખપત, ખડીર, પચ્છમ સહિતના છેવાડાના વિસ્તારની શાળાઓમાં ભણનારાં માસૂમ બાળકોને ભોજન કેવું પીરસાતું હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી. અત્યારે પ્રવર્તી રહેલી રોગચાળાની ઋતુમાં નાનાં ભૂલકાઓને પીરસાતાં આવાં અખાદ્ય ખોરાકથી તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઈ જાય તો જવાબદારી કોની? તેવા વેધક સવાલો ઊઠવા પામ્યા છે. કચ્છ સહિત રાજ્યભરની આવી શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાય તેવી માગણી વાલીઓ કરી રહ્યા છે. ■